કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૬ મે, ૨૦૨૬ મંગળવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

જયોતિષ કાર્યાલય
Regd. No. : 0016432 24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, દરેક સમસ્યાનો A TO Z સમાધાન
ગુપ્તધનના સ્પેશ્યાલીસ્ટ
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, સૌતન-સાસુનો ત્રાસ, બિઝનેશ પ્રોબ્લમ, શું સંતાન કહેવામાં નથી ?
પ્રેમલગ્ન • ધારેલી વ્યકિતનું મિલન
અઘોર સિદ્ધિ દેવી ઉપાસક, ૨૧ વર્ષોનો અનુભવ
ફોનથી ઘેર બેઠા કામ 9712423531


◆અંક નંબર : ૦૦૬ ◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ સુદ - ૧૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગાંધીધામ મનપાના ઇતિહાસમાં નવો અધ્યાય

**પ્રથમ મેયર - ડે.મેયર સહીતના પદો પર નિમણૂકો**







**સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના કચ્છના પ્રભારી શ્રી ફલજીભાઈ ચૌધરી, મહામંત્રી અને ગાંધીધામના ઝોન પ્રભારી ભીમજીભાઈ જોધાણી, ધવલભાઈ આચાર્ય, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, મુળજીભાઈ મ્યાત્રા, મોમાયાભા ગઢવી,ની ઉપસ્થિતીમાં જાહેર કરાયા નવા હોદ્દેદારો**



**મેયર પદે : દિવ્યાબેન જીતુભાઈ નાથાણી**



**ડે.મેયર પદે : નવીનભાઈ ઝરૂ**



**સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેન પદે : તેજશભાઈ શેઠ**



**સત્તાપક્ષના નેતા : ભરતભાઈ મિરાણી**



**દંડક : સુરેશભાઈ ધુંઆ**

ગાંધીધામ: ગાંધીધામ મહાનગરપાલિકામાં આગામી અઢી વર્ષની ટર્મ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણતાના આરે આજે આવી પહોચી હતી. ભાજપ મોવડીમંડળ દ્વારા આજે મહત્વના હોદ્દેદારોના નામો પર મંજૂરીની મહોર લગાવી દેવામાં આવી છે.પક્ષ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, આગામી કાર્યકાળ માટે પ્રમુખ પદે દિવ્યાબેન નાથાણી, ઉપપ્રમુખપદે નવીનભાઈ ઝરૂ,સ્ટેન્ડિંગ કૉમિટ્ટિ ચેરમેન તેજસભાઈ શેઠ,સત્તા પક્ષના નેતા ભરતભાઈ વિરાણી,દંડક સુરેશભાઈ ધુવાની વરણી કરવામા આવી છે. ગાંધીધામ મહાનગરપાલિકામાં અઢી વર્ષની નવી ટર્મ માટે પ્રમુખપદ અને અન્ય મહત્વના હોદ્દાઓ પર નિમણૂક કરવા માટે સઘન મંથન બાદ સર્વાનુમત્તે આ નામો નક્કી કરવામાં આવ્યા છે. હાલમાં મુખ્ય હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે, જ્યારે વિવિધ કમિટીઓના ચેરમેન પદ માટેના નામોની સત્તાવાર જાહેરાત બાદ માકરવામાં આવશે.આજ રોજ સવારે સૌ પ્રથમ ફલજીભાઈ ચૌધરી દ્વારા કમિટીના ૧૨ સભ્યોના નામોની જાહેરાત કરવામા આવી હતી તે બાદ

અનુ. પાના નં.૩.,૪ પર

## ગાંધીધામ મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ૧૨ સભ્યોની જાહેરાત

ગાંધીધામ: આજ રોજ મનપામાં યોજાયેલી સામાન્ય સભામાં સ્ટેન્ડીંગ કમિટીના બાર સભ્યોના નામોની જાહેરાત કરવામા આવી છે.

● તેજસભાઈ શેઠ ● વિક્રમભાઈ મુલચંદાણી ● વિજયભાઈ પરમાર ● કેશાભાઈ પરમાર ● મહેશભા ગઢવી ● મીનુબેન ગોયલ ● સતીબેન મયાત્રા ● હસતાબેન સથવારા ● દીપિકાબેન નાયક ● પ્રીતિબેન ગોસ્વામી ● શિલ્પાબેન પટેલ ● વિલેશબેન શર્મા

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા મેયર બન્યા હિતેશભાઈ બારોટ

**અંજુબેન શાહ ડેપ્યુટી મેયર બન્યા : કમલેશ પટેલને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનાવાયા : શાસક પક્ષના નેતા તરીકે જશુભાઈ ઠાકોરની વરણી**

ગાંધીનગર : અમદાવાદના મેયર તરીકે હિતેશ બારોટની વરણી કરવામાં આવી છે .જ્યારે અંજુ શાહ ને ડેપ્યુટી મેયર અને કમલેશ પટેલને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે અમદાવાદ મહા નગરપાલિકા સહિત આજે રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા મેયર અને ડેપ્યુટી મેયરની પ સંદગી પ્રક્રિયા આજે હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ મહાનગરપાલિકામાં નવા મેયર, ડેપ્યુટી મેયર સહિતના હોદ્દેદારોની નિમણૂંક માટે આજે અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ નામો ના કવર સાથે પક્ષ દ્વારા આપવામાં આવેલા મેન્ડેટ લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીએ પહોંચ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા ચૂંટાયેલા કોર્પોરેટરો પૈકી મોટાભાગના કોર્પોરેટરો એએમટીએસ ની બસ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસે પહોંચ્યા હતા. જ્યારે વેજલપુરના મહિલા

## નવસારી મનપાના નવા મેયર બન્યા અશોક ધોરાજીયા

**ડેપ્યુટી મેયર તરીકે કેયુરી દેસાઈ ની વરણી : સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન તરીકે મુકેશ અગ્રવાલની વરણી : શાસક પક્ષના નેતા તરીકે નરેશ પુરોહિતની વરણી**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર: નવસારી મહાનગરપ ાલિકાના મેયર ડેપ્યુટી મેયર સહિતના હોદ્દેદારોની વરણી માટે આજે યોજાયેલી સામાન્ય સભાની બેઠકમાં નવસારી મહાનગરપ ાલિકાના મેયર તરીકે અશોક ધોરાજીયા ની પસંદગી કરવામાં આવતા નવસારી મનપાના પ્રથમ મેયર અશોક ધોરાજીયા બન્યા છે. નવસારી મહાનગરપ ાલિકામાં ચૂંટાયેલા નવા કોપ ૅરેટરોની આજે મળેલી સામાન્ય સભાની બેઠકમાં શહેર પ્રમુખ અને જિલ્લા પ્રભારીની ઉપ સ્થિતિમાં મળેલી આ બેઠકમાં મનપા ના મેયર ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. નવસારી મહાનગરપાલિકાના મેયર તરીકે અશોક ધોરાજીયા ની વરણી કરવામાં આવી છે જ્યારે ડેપ્યુટી મેયર તરીકે કેયુરી દેસાઈ ના નામની જાહેરાત કરાઈ હતી જ્યારે કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે મુકેશ અગ્રવાલની વરણી કરવામાં આવી છે.

## મોરબી મહાનગરપાલિકાના મેયર તરીકે ઉત્તમ સુરાણીની વરણી

**ડેપ્યુટી મેયર તરીકે ચિરાગ રાણપરા ની નિમણૂંક**

(પ્રતિનિધિ દ્વારા) મોરબીઃ મોરબી મહાનગરપાલિકાના પ્રથમ નાગરિક તરીકે વોર્ડ નંબર ૮ ના કોર્પોરેટર ઉત્તમ સુરાણીની વરણી કરવામાં આવી છે.

મોરબી મહાનગરપ ાલિકાના પદાધિકારીઓની નિમણૂક માટે આજે યોજાયેલી સામાન્ય સભાની બેઠકમાં મોરબી મહાનગરપાલિકાના પ્રથમ મેયર તરીકે ઉત્તમ સુરાણી ની વરણી કરવામાં આવી છે જ્યારે ડેપ્યુટી મેયર તરીકે ચિરાગ રાણપ રાની નિમણૂંક કરાય છે ત્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે જયંતીભાઈ પડસુભિયાણી ની વરણી કરવામાં આવી છે ભાજપ શાસક પક્ષના નેતા તરીકે અર્પિતાબા જાડેજા અને દંડક તરીકે જયેશભાઈ દેસાઈની નિમણૂક કરવામાં આવી છે.

## જામનગર મનપાના મેયર તરીકે મોનિકા વ્યાસની વરણી

**કોર્પોરેશનના ડેપ્યુટી મેયર પદે રાકેશ ડેરની વરણી**

(પ્રતિનિધિ દ્વારા) જામનગર : જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ના મેયર તરીકે મોનિકાબેન વ્યાસની વરણી કરવામાં આવી છે. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ના પદાધિકારીઓની વરણી માટે આજે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા માં જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર પદે રાકેશ ડેર ની વરણી કરવામાં આવી છે જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ધીરેન મોનાણી બન્યા છે અને શાસક પક્ષના નેતા પદે અમર મોદી અને દંડક તરીકે પ્રવિણા રુપડીયા ની વરણી કરવામાં આવી છે.

## વાપીમાં ગુજરાત ATSનું મેગા ઓપરેશન

**ડ્રગ્સની ફેક્ટરી પર દરોડા પાડી બે શખ્સોની કરી ધરપકડ**

ગાંધીનગર :ગુજરાતમાં ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે સુરક્ષા એજન્સીઓ સતત એક્શન મોડમાં છે. આ દરમિયાન વાપીના કુંતા ગામે આવેલા એક ગોડાઉનમાં ગુજરાત એટીએસ અને વલસાડ એસઓજી ની ટીમે સંયુક્ત ઓપ રેશન હાથ ધરીને ડ્રગ્સના એક મસમોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસે આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૭૧.૩૧ લાખ રૂપિયાની કિંમતનું ૨.૩૩૭ કિલોગ્રામ મેફેડ્રોન (એમડી ડ્રગ્સ)નો જથ્થો પકડી પાડ્યો છે. આ સાથે જ ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા બે સગા નરાધમોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક સૂત્રધાર ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.મળતી માહિતી અનુસાર, આ દરોડા દરમિયાન ગોડાઉનમાંથી ૨.૩૩૭ કિલો એમડી ડ્રગ્સની સાથે સાથે ૬૫૮ ગ્રામ અન્ય એક શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો પણ મળી આવ્યો છે.

## અમેરિકાએ ઈરાન પર ફરી હુમલો કર્યો

:અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ફરી એકવાર તણાવ વધ્યો છે. બંને દેશો વચ્ચે યુદ્ધ અટકાવવા માટે યુદ્ધવિરામ અને વાટાઘાટો ચાલી રહી હતી, પરંતુ તે જ ક્ષણે અમેરિકાએ ઈરાન પર સ્વ-બચાવ હુમલો કર્યો. આ હુમલાથી શાંતિ વાટાઘાટોને જોખમ થયું છે. અમેરિકાએ દાવો કર્યો હતો કે તેણે તેના સૈનિકોને બચાવવા માટે ઈરાની મિસાઈલ લોન્ચ સાઈટ્સ અને માઈન-લેવિંગ બોટને નિશાન બનાવી હતી.

દરમિયાન, ઈરાનના બંદર અબ્બાસ વિસ્તારમાં અનેક વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા, જેના પગલે હવાઈ સંરક્ષણ પ્રણાલી સક્રિય થઈ હતી. આ ઘટનાથી સમગ્ર પ્રદેશમાં ફરી તણાવ વધ્યો છે.

## સોનામાં ફરી તેજીનો ભડકો

નવી દીલ્હી : આ કમરતોડ મોંઘવારીની વચ્ચે, સુરક્ષિત રોકાણ ગણાતા સોના અને ચાંદીના ભાવોમાં પણ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે ૨૬ મે ૨૦૨૬, મંગળવારના રોજ ભારતીય બજારમાં સોનાના ભાવમાં ફરી એકવાર તેજીનો આંચકો લાગ્યો છે અને તે સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું છે. જોકે, રોકાણકારો માટે થોડા રાહતના સમાચાર એ છે કે સોનાની સરખામણીએ આજે ચાંદીના ભાવમાં સાધારણ ઘટાડો નોંધાયો છે.

## નેતન્યાહુ હોસ્પિટલમાં દાખલ

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : ઈઝરાયેલના રાજકારણમાં અને વૈશ્વિક સ્તરે ફરી એકવાર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના સ્વાસ્થ્યને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે. તાજેતરમાં જ સામે આવેલા અહેવાલો મુજબ, ૭૬ વર્ષીય પીએમ નેતન્યાહુને જેરૂસલેમના એક પ્રતિષ્ઠિત મેડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન કાર્યાલય દ્વારા સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી છે કે તેમને દાંતની સારવાર (ડેન્ટલ ટ્રીટમેન્ટ) માટે હોસ્પિટલ લઈ જવાયા છે. જો કે, આ માહિતી બહાર આવ્યા બાદ ઈઝરાયેલની જનતા અને મીડિયામાં તેમના એકંદર સ્વાસ્થ્યને લઈને ફરી અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

### ગાંધીધામ મહાનગરપાલિકામાં ઈતિહાસ રચાયો : લોકશાહીના મુલ્યોની સાબિતી આપતી બની ઘટના

# ૧૦ રૂ.ની સોડાવિક્રેતાના ધર્મપત્ની દિવ્યાબેન નાથાણી બન્યા ગાંધીધામ મનપાના પ્રથમ મહિલા મેયર

**શાબાશ છે ભારતીય જનતા પાર્ટીની કાર્યકર્તાઓ પ્રત્યેની સંવેદનાને..!** : આ નિમણૂક પક્ષના સ્થાનિક સંગઠનની સંવેદનશીલતા દર્શાવે છે. સંગઠન પોતાની આંખ સામે કામ કરતા તે કાર્યકર્તાને ભૂલતું નથી, જેણે પદ કે પ્રતિષ્ઠાની પરવા કર્યા વગર શિસ્તબદ્ધ રીતે કામ કર્યું હોય.

**ભાજપમાં સામાન્ય કાર્યકર્તાઓ પ્રત્યેના સન્માન**નું વધુ એક **ઉત્કૃષ્ટ ઉદાહરણ** : એક ચાયવાળો દેશનો પીએમ બની શકે, એક ચાય-પાણી પ્રદેશ કમલમમાં પીવડાવનાર પટ્ટાવાળાનગરસેવક બની શકે, દસ રૂપીયાની સોડા વેચનાર કાર્યકર્તાના ધર્મપત્ની ગાંધીધામ જેવી મનપામાં મેયર પદે આરૂઢ થઈ શકે, **આ બધું ભાજપમાં જ શક્ય બને!**










## સાધારણ પરિવારથી પ્રથમ નાગરિક સુધીની સફર

ગાંધીધામ : ભાજપના લોકશાહી મૂલ્યોની સાબિતી આપતી આ ઘટનામાં, એક ખૂબ જ સાધારણ મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા અને દસ રૂપિયાની સોડા વેચીને ગુજરાન ચલાવતા કાર્યકર્તાના ધર્મપત્ની દિવ્યાબેન નાથાણીને મહાનગરપાલિકાના સર્વોચ્ચ પદ 'મેયર' તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રાઉન્ડ લેવલ પર વર્ષો સુધી પક્ષની શિસ્ત અને સિદ્ધાંતોને વળગી રહીને કામ કરનાર કાર્યકર્તાને પક્ષ દ્વારા આપવામાં આવેલું આ સન્માન ભાજપમાં જ શક્ય છે, તેવું સ્થાનિક જનતા માની રહી છે.

## ભાજપમાં જ શક્ય: એક સાધારણ કાર્યકર્તાનું સન્માન

ગાંધીધામ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ હંમેશા પાયાના કાર્યકર્તાઓને યોગ્ય કદર કરવા માટે જાણીતો રહ્યો છે. જે રીતે એક સામાન્ય ચા વેચનાર વ્યક્તિ દેશના વડાપ્રધાન પદ સુધી પહોંચી શકે છે, તે જ રીતે ગાંધીધામમાં પણ એક સાધારણ પરિવારની મહિલાને મેયર પદ આપીને પક્ષે ફરી એકવાર સાબિત કર્યું છે કે ભાજપમાં નિષ્ઠાવાન અને મહેનતુ કાર્યકર્તાની ક્યારેય અવગણના થતી નથી. સ્થાનિક સંગઠન દ્વારા લેવાયેલો આ નિર્ણય શહેરના વિકાસ માટે નવા દ્વાર ખોલશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

## સિંધી સમાજ માટે ગૌરવની ક્ષણ : પ્રથમ મેયર મળ્યા

ગાંધીધામ : ગાંધીધામના ઔદ્યોગિક વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર સિંધી સમાજ માટે પણ આ ગૌરવની વાત છે. ગાંધીધામ મહાનગરપાલિકાના ઇતિહાસમાં પ્રથમ વખત સિંધી સમાજના પ્રતિનિધિ પ્રથમ નાગરિક તરીકે આરૂઢ થતા સમગ્ર સમાજમાં હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.દિવ્યાબેન નાથાણીનો સરળ સ્વભાવ અને જનતા સાથેનું સીધું જોડાણ તેમને એક લોકપ્રિય મેયર તરીકે સ્થાપિત કરશે, તેવી આશા ગાંધીધામની પ્રજા સેવી રહી છે.

## પક્ષનો વિશ્વાસ સાર્થક કરીશ, પ્રજાના કામો માટે હવે કચેરીના ધક્કા નહીં ખાવા પડે : મેયર દિવ્યાબેન નાથાણી

**ગાંધીધામ મનપાના મેયરપદે આરૂઢ થયા બાદ દિવ્યાબેન નાથાણીએ કચ્છઉદય સાથેની ખાસ વાતચીતમા વ્યકત કર્યો ઉદગાર : પક્ષ અને પ્રજાનો કર્યો ઋણસ્વીકાર : 'વોર્ડ વાઇઝ' સુશાસનનું આપ્યું નવું મોડેલ, ધારાસભ્યશ્રી-સ્થાનિક સંગઠન-મનપાના અધિકારીગણને સાથે રાખી વોર્ડવાઈઝ યોજીશુ બેઠક, લોકોના પ્રશ્નો-સમસ્યાઓને સંભવ થશે ત્યાં સુધી સ્થળ પર જ નિકાલ કરીશું**



ગાંધીધામઃ ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મેયર તરીકે દિવ્યાબેન જીતુભાઈ નાથાણીના નામની જાહેરાત કરવામાં આવી છે. એક સામાન્ય પરિવારમાંથી આવતા અને જમીન સાથે જોડાયેલા દિવ્યાબેન નાથાણીએ પદભાર સંભાળતા પૂર્વે કચ્છ ઉદય સાથેની વિશેષ વાતચીતમાં પોતાની આગામી વિકાસયાત્રાનો રોડમેપ રજૂ કર્યો હતો. પોતાની પસંદગી બદલ દિવ્યાબેન નાથાણીએ ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય અને પ્રદેશ નેતૃત્વ, કચ્છ જિલ્લા ભાજપ સંગઠન અને ખાસ કરીને ગાંધીધામના મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક સાધારણ પરિવારની મહિલા પર ભરોસો મૂકીને પક્ષે જે જવાબદારી સોંપી છે, તેને સાર્થક કરવા હું સદાય સંકલ્પબદ્ધ રહીશ. દિવ્યાબેન નાથાણીએ ગાંધીધામની પ્રજાને મોટી રાહત આપતા જાહેરાત કરી હતી કે, હવે નાગરિકોએ પોતાના કામો માટે કચેરીના ધક્કા ખાવા નહીં પડે. આ માટેની તેમની આગામી રણનીતિ વિશે વાત કરતા તેમણે કહ્યું કેઃ વોર્ડ મુજબ બેઠકોઃ તેઓ પોતે સ્થાનિક સંગઠનના આગેવાનો અને ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીને સાથે રાખીને વોર્ડ વાઈઝ બેઠકોનું આયોજન કરશે. નાગરિકોની સમસ્યાઓને વોર્ડમાં જઈને સાંભળવામાં આવશે અને શક્ય તેટલા પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવા માટે પ્રાધાન્ય આપવામાં આવશે. મહાનગરપાલિકાના તમામ અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનને સાથે રાખીને શહેરની માળખાગત સુવિધાઓમાં વધારો કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને આત્મસાત કરીને દિવ્યાબેન નાથાણીએ ખાતરી આપી હતી કે તેમનું શાસન સંપૂર્ણપણે 'પ્રજાભિમુખ' રહેશે. શહેરના વિકાસમાં સૌના સહયોગની અપેક્ષા રાખતા તેમણે જણાવ્યું હતું કે ગાંધીધામના સર્વાંગી વિકાસ માટે તેઓ સદાય કટિબદ્ધ રહેશે.

## દિવ્યાબેન નાથાણીની મેયર પદે વરણી બાદ પક્ષના સનિષ્ઠ કાર્યકર્તાઓમાં વહેતા થયા પ્રેરક સંદેશાઓ.!

૧.ભાજપની સૌથી મોટી વિશેષતા એ છે કે તે વ્યક્તિને નહીં, પણ વ્યક્તિની 'નિષ્ઠા અને મહેનત'ને મહત્વ આપે છે. **૨.ગ્રાઉન્ડ લેવલનું સન્માન**: દિવ્યાબેન નાથાણીના પતિ જેઓ દસ રૂપિયાની સોડા વેચીને પક્ષ માટે વર્ષોથી કાર્યરત હતા, તેમને પક્ષે માન્યતા આપી. આ દર્શાવે છે કે ભાજપમાં પદ મેળવવા માટે કોઈ 'વગ' કે 'વંશવાદ'ની જરૂર નથી, માત્ર 'પરસેવો' કાફી છે. **૩.શૂન્યમાંથી સર્જનઃ** જેવી રીતે પીએમ નરેન્દ્ર મોદી એક સામાન્ય ચા વેચનાર તરીકે પક્ષમાં જોડાયા અને આજે વિશ્વના સૌથી શક્તિશાળી નેતા બન્યા, તે જ રીતે ગાંધીધામના આ કિસ્સાએ પક્ષની આ પરંપરાને જીવંત રાખી છે. આ કાર્યકર્તાઓમાં એક નવી ઉર્જા ભરે છે કે તેઓ પણ ભવિષ્યમાં પક્ષના ટોચના પદ પર પહોંચી શકે છે. **૪. કાર્યકર્તા પ્રત્યેની ભાજપની સંવેદનશીલતા** : પક્ષ જ્યારે પોતાના નાનામાં નાના કાર્યકર્તાને મોટી જવાબદારી સોંપે છે, ત્યારે તે પક્ષની સંવેદનશીલતા દર્શાવે છે. **૫.નિસ્વાર્થ ભાવનાની કદરઃ** પક્ષ જાણે છે કે કયો કાર્યકર્તા વર્ષોથી ચપ્પલના તળિયા ઘસીને પક્ષના સિદ્ધાંતો માટે કામ કરી રહ્યો છે. આવી નિમણૂકો એ વાતનું પ્રમાણ છે કે પક્ષ પોતાના કાર્યકર્તાઓને ભૂલતો નથી, પણ સમય આવ્યે તેમને યોગ્ય 'ઈનામ' (જવાબદારી) આપે છે. **૬.નૈતિક પ્રોત્સાહનઃ** આ નિર્ણયથી દરેક સામાન્ય કાર્યકર્તાને એવો વિશ્વાસ બેસે છે કે, ''પક્ષ મારી મહેનત જોઈ રહ્યો છે.'' આ એક પ્રકારનો મનોવૈજ્ઞાનિક સંતોષ છે જે કાર્યકર્તાઓને વધુ ઉત્સાહ સાથે કામ કરવા પ્રેરે છે.

## દિવ્યાબેનની વરણીએ ભાજપની રાજનીતિમાં 'સર્વ સમાવેશક' અભિગમનું સચોટ ઉદાહરણ

**સિંધી સમાજને પ્રતિનિધિત્વ : મધ્યમ વર્ગનો અવાજ : 'મીની મુંબઈ'માં વિકાસનું નવું મોડેલ**

ગાંધીધામ : ગાંધીધામ જેવા ઔદ્યોગિક અને મહત્વના શહેરમાં સિંધી સમુદાયનું મોટું યોગદાન છે.પ્રથમ વખત સિંધી સમાજના વ્યક્તિને મેયર પદે બેસાડીને પક્ષે સામાજિક સંતુલન જાળવ્યું છે અને સમાજને એક મજબૂત સંદેશ આપ્યો છે કે સિંધી સમાજ આ વિકાસ યાત્રાનો અભિન્ન હિસ્સો છે.આ નિમણૂક દ્વારા પક્ષે એ સાબિત કર્યું છે કે તે માત્ર ઉદ્યોગપતિઓ કે મોટા માથાઓની પાર્ટી નથી, પણ તે સામાન્ય મધ્યમ વર્ગીય પરિવારોની પણ પાર્ટી છે.એક સાધારણ સોડા વિક્રેતાના ધર્મપત્ની મેયર બને, એ સામાન્ય પ્રજા માટે લોકશાહીમાં તેમની ભાગીદારીનો અહેસાસ કરાવે છે.ગાંધીધામ જેવા 'મીની મુંબઈ' અને ઔદ્યોગિક નગરમાં જ્યારે એક સાધારણ પરિવારમાંથી આવતી મહિલાને મેયર બનાવવામાં આવે, ત્યારે તે શહેરના વહીવટમાં 'સરળતા અને પારદર્શિતા' લાવે છે. દિવ્યાબેન નાથાણી ગ્રાઉન્ડ લેવલ સાથે જોડાયેલા હોવાથી, તેઓ શહેરની સામાન્ય સમસ્યાઓને વધુ સારી રીતે સમજી શકશે અને ઉકેલી શકશે. આ સમગ્ર ઘટનાક્રમ એ વાતની પુષ્ટિ કરે છે કે ભાજપ માટે 'સબકા સાથ, સબકા વિકાસ' એ માત્ર સૂત્ર નથી, પણ એક વ્યવહારુ કાર્યપદ્ધતિ છે. પક્ષે એક સામાન્ય કાર્યકર્તાને સન્માન આપીને, સમાજના એક મહત્વના વર્ગને પ્રતિનિધિત્વ આપીને અને મહેનતને વળતર આપીને એક સાથે ત્રણ મોટા લક્ષ્યો સિદ્ધ કર્યા છે.આ બાબત પક્ષના મજબૂત સ્થાનિક સંગઠનની દૂરંદેશી અને જમીની વાસ્તવિકતા સાથેની તેમની મજબૂત પકડને પણ ઉજાગર કરે છે.


ગાંધીધામઃ ભારતીય જનતા પાર્ટીની કાર્યપદ્ધતિ અને સામાન્ય કાર્યકર્તાઓ પ્રત્યેના સન્માનનું વધુ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ આજે ગાંધીધામમાં જોવા મળ્યું છે. ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર તરીકે દિવ્યાબેન જીતુભાઈ નાથાણીના નામની સત્તાવાર જાહેરાત થતાની સાથે જ સમગ્ર શહેરમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે સહેજ વિગતે વાત કરીએ તો આજરોજ સવારે રોટરી ભવન ખાતે ભાજપના સંગઠનની બેઠક યોજાઈ હતી, જેમાં સંકલન સાધી દિવ્યાબેન નાથાણીના નામની દરખાસ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આ નામ પર સર્વાનુમતે મહોર મારવામાં આવી હતી. સભામાં હાજર સૌ સભ્યો અને આગેવાનોએ તાળીઓના ગડગડાટ સાથે આ નિર્ણયને વધાવી લીધો હતો. ગાંધીધામ મહાનગરપાલિકામાં દિવ્યાબેન જીતુભાઈ નાથાણીની પ્રથમ મેયર તરીકેની પસંદગી માત્ર એક વહીવટી નિમણૂક નથી, પરંતુ ભારતીય લોકશાહીની પરિપક્વતા અને ભારતીય જનતા પાર્ટીની મૂળભૂત કાર્યસંસ્કૃતિનું જીવંત દસ્તાવેજ છે. દિવ્યાબેને ૨૫ વર્ષ પહેલાં ધોરણ - ૧૧ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. શિક્ષિત અને દીક્ષિત છબી ધરાવતા દિવ્યાબેન સમાજમાં સરળ અને સંસ્કારી વ્યક્તિત્વ તરીકે ઓળખાય છે.

જ્યારે રાજકારણ પર ઘણીવાર વંશવાદ, ધનબળ અને પ્રભાવશાળી પરિવારોના આક્ષેપો થતા હોય છે, ત્યારે ગાંધીધામનો આ નિર્ણય એક નવી આશા અને નવી દિશા ચીંધે છે. એક એવો પરિવાર જે દસ રૂપિયાની સોડા વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે, અને જેમના મોભીએ વર્ષો સુધી પક્ષના સિદ્ધાંતો માટે સડકો પર પરસેવો પાડ્યો છે, તે પરિવારના ધર્મપત્ની આજે શહેરના પ્રથમ નાગરિક બને છે .આ ઘટના ભારતીય જનતા પાર્ટીના 'સામાન્ય કાર્યકર્તાના સન્માન'ના સિદ્ધાંતને ફરી એકવાર પુનઃસ્થાપિત કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં જે રાજકીય સંસ્કૃતિ વિકસી છે, જેમાં એક ચા વેચનાર વ્યક્તિ દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચી શકે છે, તે જ સંસ્કૃતિનું પ્રતિબિંબ આજે ગાંધીધામના આ નિર્ણયમાં સ્પષ્ટ દેખાય છે. આ પસંદગીમાં ભાજપનું 'સામાજિક એન્જિનિયરિંગ' પણ ખૂબ જ સચોટ રીતે જોવા મળે છે. ગાંધીધામ જેવા ઔદ્યોગિક અને ગતિશીલ શહેરમાં, જ્યાં સિંધી સમાજનું પ્રદાન અમૂલ્ય રહ્યું છે, ત્યાં પ્રથમ વખત સિંધી સમાજના પ્રતિનિધિને મેયર પદે આરૂઢ કરીને પક્ષે જન-જનનો વિશ્વાસ જીત્યો છે. આ માત્ર સત્તાનું હસ્તાંતરણ નથી, પરંતુ સમાજના દરેક વર્ગને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવાનો પ્રયાસ છે.સૌથી મહત્વની બાબત એ છે કે, આ નિમણૂક પક્ષના સ્થાનિક સંગઠનની સંવેદનશીલતા દર્શાવે છે. સંગઠન પોતાની આંખ સામે કામ કરતા તે કાર્યકર્તાને ભૂલતું નથી, જેણે પદ કે પ્રતિષ્ઠાની પરવા કર્યા વગર શિસ્તબદ્ધ રીતે કામ કર્યું હોય. જ્યારે પક્ષ કોઈ કાર્યકર્તાની નિષ્ઠાને ઓળખીને તેને આવું ઉચ્ચ સ્થાન આપે છે, ત્યારે તે ફક્ત એક વ્યક્તિનું સન્માન નથી હોતું, પરંતુ પક્ષના લાખો કાર્યકર્તાઓને મળેલું પ્રોત્સાહન હોય છે. ગાંધીધામ હવે એક એવા મેયરના નેતૃત્વમાં આગળ વધવા જઈ રહ્યું છે જે જમીની સ્તરની મુશ્કેલીઓથી પરિચિત છે. મધ્યમવર્ગીય સંવેદનાઓ અને વિકાસની ગતિ જ્યારે એકસાથે મળે, ત્યારે જ શહેરનો સર્વાંગી વિકાસ શક્ય છે. દિવ્યાબેન નાથાણીની આ નિમણૂક એવા તમામ સામાન્ય નાગરિકો માટે એક સંદેશ છે કે, જો તમારી પાસે નિષ્ઠા અને કર્મઠતા હોય, તો લોકશાહીમાં કોઈ પણ શિખર સર કરવું અશક્ય નથી. ગાંધીધામનું આ નવું નેતૃત્વ શહેરના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય બની રહેશે, તેવી આશા રાખવી અસ્થાને નથી.

# પહેલા પાનાથી... ગાંધીધામ મનપાના ઇતિહાસમાં નવો અધ્યાય

મેયર-ડે . મેયર સહિતન ાપાંચ મહત્વપૂર્ણ હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામા આવી છે જેને સોએ હરખભેર વધાવી લીધા છે.

## ગાંધીધામમાં આજે "સોના નો સુરજ" ઉગ્યો : ફલજીભાઈ ચૌધરી



**અડવાણીજી સાથે લાગણીસભર રીતે જોડાયેલું આદિપુર અને ગાંધીધામની ધરતી પર કમળ ખીલવું સ્વાભાવિક : ગાંધીધામ સિંધી સમાજનું સૌથી મોટું કેન્દ્ર હોવાથી અહીંના પ્રથમ મહિલા મેયર તરીકે સિંધી પરિવારની દિવ્યાબેનને જવાબદારી સોંપવામાં આવવી એ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત : ફલજીભાઈ**

ગાંધીધામ : ગાંધીધામ મહા નગરપાલિકામાં ભાજપને મળેલી ભવ્ય બહુમતી અને નવા હોદ્દેદારોની વરણી બાદ ભાજપના અગ્રણી ફલજીભાઈ ચૌધરીએ કાર્યકર્તાઓ અને શહેરની પ્રજાને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે આજે ગાંધીધામમાં "સોના નો સુરજ" ઉગ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસના મંત્રને સાકાર કરવા માટે કાર્યકર્તાઓએ દિવસ-રાત મહેનત કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે પ્રજાએ ભાજપ પર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.તેમણે જણાવ્યું હતું કે ગાંધીધામની જાગૃ ત પ્રજાએ ભાજપને સ્પષ્ટ બહુમતી આપીને વિકાસની રાજનીતિને સમર્થન આપ્યું છે. ભારતીય જનસંઘના સમયથી શરૂ થયેલી વિચારધારા આજે ભાજપ ના મજબૂત વટવૃક્ષ સુધી પ હોંચી છે. અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી જેવી દિગ્ગજ જોડીના સંસ્કાર અને સંગઠન શક્તિના કારણે દેશભરમાં ભાજપ મજબૂત બન્યો છે. ફલજીભાઈએ વધુમાં જણાવ્યું હતું કે અડવાણીજી સાથે લાગણીસભર રીતે જોડાયેલું આદિપુર અને ગાંધીધામની ધરતી પર કમળ ખીલવું સ્વાભાવિક છે. ગાંધીધામ સિંધી સમાજનું સૌથી મોટું કેન્દ્ર હોવાથી અહીંના પ્રથમ મહિલા મેયર તરીકે સિંધી પરિવારની દિવ્યાબેનને જવાબદારી સોંપવામાં આવવી એ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દિવ્યાબેનના નેતૃત્વમાં ગાંધીધામ શહેર વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે અને સામાન્ય જનતાની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં સફળ રહેશે. અંતમાં તેમણે શહેરની પ્રજાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી કાર્યકર્તાઓને વધુ સમર્પણ સાથે જનસેવામાં જોડાવા આહ્વાન કર્યું હતું.

## ગાંધીધામ મનપામાં કેવો ઐતિહાસિક પ્રેરક સંયોગ સર્જાયો..!



**એક સાધારણ ચા વાળામાંથી મોદીજીએ ૨૬મી મેના ૨૦૧૪ના રોજ દેશના પીએમ પદે પ્રથમ વખત લીધા હતા શપથ.! : આજે ગાંધીધામ મનપામાં પણ એક સોડા વિક્રેતાના ધર્મપત્ની દિવ્યાબેન નાથાણી ૨૬મી મેના રોજ જ બન્યા છે પ્રથમ મહિલા મેયર**



### ૨૬ મેની તારીખ માત્ર એક તારીખ નથી, પરંતુ તે દેશ અને શહેર માટે 'સામાન્ય માણસના વિજય'નું પ્રતિક બની ગઈ

ગાંધીધામ : આજે ૨૬ મે, ૨૦૨૬ ના રોજ ગાંધીધામ મહાનગરપ ાલિકાના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે. જ્યારે ગાંધીધામને તેના પ્રથમ મહિલા મેયર તરીકે દિવ્યાબેન નાથાણીનું નેતૃત્વ મળ્યું છે. આ પ્રસંગે એક અનોખો અને પ્રેરણાદાયી સંયોગ જોવા મળ્યો છે, જે સમગ્ર ગાંધીધામ - દેશ માટે ચર્ચાનો વિષય બન્યો છે.

આ તારીખ સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો એક અતૂટ અને ઐતિહાસિક સંબંધ જોડાયેલો છે. ૨૬ મે, ૨૦૧૪ ના રોજ નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કરી દેશની ધુરા સંભાળી હતી. એક સામાન્ય ચા વેચનાર તરીકેની પોતાની ઓળખ સાથે દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચેલા લોકનાયક નરેન્દ્રભાઈ મોદીની તે ઐતિહાસિક શપથવિધિની વર્ષગાંઠના દિવસે જ, ગાંધીધામ મહાનગરપાલિકામાં પણ પ્રથમ મહિલા મેયર તરીકે દિવ્યાબેન નાથાણી નિયુક્ત થયા છે.

૨૬ મેની તારીખ માત્ર એક તારીખ નથી, પરંતુ તે દેશ અને શહેર માટે 'સામાન્ય માણસના વિજય'નું પ્રતિક બની ગઈ છે. એક તરફ દેશના વડાપ્રધાન જેઓ આજે વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે દેશને પ્રગતિના પથ પર લઈ જઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ગાંધીધામના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણીનું આગમન શહેરના વિકાસ અને નવી આશાઓના નવા યુગનો પ્રારંભ કરાવશે.

આ ઐતિહાસિક દિવસે ગાંધીધામના નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ આ અનોખા સંયોગને આવકારી રહ્યા છે.

# ગાંધીધામના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણીનું ભવ્ય સન્માન :સામાજિક અને રાજકીય શ્રેષ્ઠીઓની વિશેષ ઉપસ્થિતિ



























ગાંધીધામ:ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર તરીકે કાર્યભાર સંભાળનાર દિવ્યાબેન નાથાણીનું આજે વિવિધ સંકુલના અગ્રણીઓ અને સમાજના મોભીઓ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીધામના વિકાસમાં એક નવા યુગનો પ્રારંભ કરનાર પ્રથમ મહિલા મેયરના સ્વાગતમાં નગરના શ્રેષ્ઠીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

આ સન્માન સમારોહમાં શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વ્યાપારી સંઘોના મોભીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા દિવ્યાબેનનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ તેમના સંઘર્ષમય જીવન અને લોકસેવાની ભાવનાને બિરદાવતા જણાવ્યું હતું કે, દિવ્યાબેનનું મેયર પદે









બેસવું એ સામાન્ય નાગરિકોની જીત છે.સન્માન કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મોભીઓએ જણાવ્યું હતું કે, "દિવ્યાબેન નાથાણીના રૂપમાં ગાંધીધામને એક એવા મેયર મળ્યા છે જે જમીની સ્તરે કામ કરવાની ક્ષમતા ધરાવે છે. તેમના નેતૃત્વમાં શહેરની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવશે અને ગાંધીધામ વિકાસની નવી કેડી કંડારશે તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે."

પોતાના સન્માનનો સ્વીકાર કરતા મેયર દિવ્યાબેન નાથાણીએ ઉપસ્થિત તમામ શ્રેષ્ઠીઓ અને નગરજનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે, "માત્ર હોદ્દો નથી, પરંતુ આ એક મોટી જવાબદારી છે. સૌના સાથ અને સહકારથી ગાંધીધામને સુવિધાસભર અને શ્રેષ્ઠ શહેર બનાવવાની દિશામાં હું દિવસ-રાત કામ કરીશ." આ પ્રસંગે શહેરના વિવિધ વર્ગના લોકો, આગેવાનો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવા મેયરને શુભેચ્છાઓ પાઠવી હતી.

## અમદાવાદ એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે હેલ્થ ફોર્મ ભરવું ફરજિયાત

**ઇબોલા વાયરસના જોખમને પગલે નવી ગાઇડલાઇન જાહેર**

અમદાવાદ : વિશ્વભરમાં ઈબોલા વાયરસના વધતા જતા જોખમ અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાહેર આરોગ્ય કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી આવતા તમામ મુસાફરો માટે કડક આરોગ્ય પગલાં લાગુ કરવામાં આવ્યા છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકની માર્ગદર્શિકા હેઠળ તમામ એરલાઈન્સના તમામ રૂટના આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ એટલે કે હેલ્થ ફોર્મ ભરવાનું હવે ફરજિયાત રહેશે, જેથી દેશમાં કોઈપણ પ્રકારની જીવલેણ બીમારીના સંક્રમણને ફેલાતું અટકાવી શકાય. આ સાથે જ તમામ ફ્લાઈટ્સમાં મુસાફરોના આગમન પૂર્વે જ આરોગ્યના નિયમો અને આ ફોર્મ ભરવા અંગેની જાહેરાત કરવાની રહેશે જેથી એરપોર્ટ પર ભીડ થતી અટકાવી શકાય અને રોગના સંક્રમણનું જોખમ ઘટાડી શકાય.

આ નવી ગાઈડલાઈન મુજબ અમદાવાદ એરપોર્ટના અરાઈવલ એરિયામાં ચોવીસે કલાક હેલ્થ વર્કર્સ તૈનાત રહેશે. મુસાફરો કે એરપોર્ટના સ્ટાફને કોઈપણ સંજોગોમાં ચેપ ન લાગે તે માટે નક્કી કરેલી પ્રમાણભૂત કાર્યપ્રણાલીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ અને વ્યવસ્થિત બનાવવા માટે આવનારા સમયમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 'એર સુવિધા' ઓનલાઈન પોર્ટલ ફરીથી કાર્યરત કરવામાં આવી શકે છે. જોકે, આ ડિજિટલ પોર્ટલ શરૂ ન થાય ત્યાં સુધી તમામ મુસાફરોએ મેન્યુઅલ પદ્ધતિથી આ ફોર્મ ફરજિયાતપણે ભરવું પડશે અને તમામ સંબંધિત સત્તાધિકારીઓએ આ જાહેર આરોગ્ય સુરક્ષાના નિયમોનું કડકાઈથી પાલન સુનિશ્ચિત કરવાનું રહેશે.


## ગાંધીધામ મનપામાં ડે.મેયર પદે પીઢ-અનુભવી નેતૃત્વને સ્થાન : નવીનભાઈ ઝરૂની વરણીને આવકાર



ગાંધીધામ : આજરોજ ગાંધીધામ મનપાના હોદ્દેદારોની વરણી ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવી હતી. મનપ ાની સામાન્ય સભા દરમિયાન વિવિધ હોદ્દાઓ માટે નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.આ પ્રસંગે આહીર સમાજના અનુભવી અને સંગઠનાત્મક કાર્યમાં સક્રિય આગેવાન નવીનભાઈ ઝરૂના નામની જાહેરાત ડે. મેયર પદે થતા કાર્યકરો અને સમર્થકો દ્વારા તેમને વધાવી લેવામાં આવ્યા હતા. લાંબા સમયથી ભાજપ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નવીનભાઈ ઝરૂએ તળિયાના કાર્યકરથી લઈ સંગઠનના મહત્વપૂર્ણ હોદ્દાઓ સુધી સફળ કામગીરી બજાવી છે.તેઓ અગાઉ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે પણ બિરાજમાન રહી ચૂક્યા છે અને વહીવટી અનુભવ સાથે લોકસેવામાં સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે. તેમના અનુભવી નેતૃત્વથી ગાંધીધામ મનપાના વિકાસકાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.ભાજપ સંગઠન દ્વારા અનુભવી અને જનસંપર્ક ધરાવતા નેતાઓને જવાબદારી સોંપાતા કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો હતો. નવીનભાઈ ઝરૂની ડે. મેયર પદે વરણી બાદ વિવિધ સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ઉમરેઠ વિધાનસભા ધારાસભ્ય તરીકે હર્ષદભાઈ પરમારે શપથ ગ્રહણ કર્યા







ગાંધીનગર: ઉમરેઠ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર ને આજે વિધાનસભા ખાતે વિધાનસભા ના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી એ ધારાસભ્ય તરીકે ના શપથ લેવડાવ્યા હતા. હર્ષદભાઈ પરમારે ધારાસભ્ય તરીકે ના શપથ ગ્રહણ કર્યા હતા. ઉમરેઠ વિધાનસભા ની ખાલી પડેલી બેઠક પર તાજેતરમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ આજે વિધાનસભા ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સમક્ષ હર્ષદભાઈ પરમારે ધારાસભ્ય તરીકે ના શપથ ગ્રહણ કર્યા હતાં. આ સમયે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજ્યના ઉર્જા અને સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશભાઈ પટેલ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી રાજ્ય શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા રાજ્ય મહેસુલ મંત્રી સંજયસિંહ મહિડા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ સહિત મંત્રીઓ ભાજપ વિધાનસભા પક્ષના દંડક બાલકૃષ્ણ ભાઈ શુક્લ સહિત ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગેસ એ કિમંતી સંપતી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# ભુજમાં રંગ જમાવતી સાંસદ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ




ભુજ - કચ્છઉદય : શહેરના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે કચ્છ લોકસભા તેમજ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન - ૪ના ૨૧માં દિવસે જ્યુબિલી ગાઉન્ડ અને ૧૯માં દિવસે મીરઝાપર ખાતે મેચો રમાઈ રહી હતી. કચ્છ સાંસદે જણાવ્યું હતું કે, ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને ખેલ રસિકો ઉપસ્થિત રહી તેમને પ્રોત્સાહન આપી રહ્યા છે. દરરોજ જિલ્લાના જનપ્રતિનિધિઓ, અધિકારી વર્ગ, શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. ૪૦૦ થી વધુ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. કચ્છ - મોરબી માળીયાની ટીમો આ સ્પર્ધાત્મક ક્રિકેટ મેચમાં ભાગ લઈ રહી છે.

આ સાથે ૨૧મા દિવસની જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે રમાતી ક્રિકેટ મેચમાં પ્રથમ મેચ "અકરમ ઈલેવન" અને "સુપર કિંગ ઈલેવન ડાડોર" વચ્ચે રમાઈ હતી, જેમાં "અકરમ ઈલેવન" ની ટીમ વિજેતા થઈ હતી. બીજી મેચ "નોતીયાર ઈલેવન ભુજ" અને "મારૂ ઈલેવન ગાંધીધામ" વચ્ચે રમાઈ હતી, જેમાં નોતીયાર ઈલેવન ભુજ ટીમ વિજેતા થઈ હતી. ત્રીજી મેચ "ઈલિયાસ ગુરુ ઈલેવન" અને "આશાવીર ઈલેવન ભેરૈયા" વચ્ચે રમાઈ હતી, જેમાં "આશાવીર ઈલેવન ભેરૈયા" ની જીત થઈ હતી. ચોથી મેચ "રોયલ એ ઈલેવન" અને "આરટીઓ ઈલેવન ભુજ" વચ્ચે રમાઈ હતી, જેમાં "રોયલ એ ઈલેવન" ની જીત થઈ હતી. પાંચમી મેચ "રબારી ઈલેવન કોડકી" અને "શિવશક્તિ ઈલેવન સલાયા" વચ્ચે રમાઈ હતી, જેમાં "શિવ શક્તિ ઈલેવન સલાયાની ટીમ વિજેતા થઈ હતી. છઠ્ઠી મેચ શાહા ઈલેવન રતનાલ અને ફેન્સ ઈલેવન ઝુરા વચ્ચે રમાઈ હતી, જેમાં ફેન્સ ઈલેવન ઝુરાની ટીમ વિજેતા થઈ હતી. કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪માં ૨૧માં દિવસની આ મેચમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ મહામંત્રી ભીમજીભાઈ જોધાણી, જિલ્લા પંચાયતના નવનિયુક્ત કારોબારી ચેરમેન હરીશભાઈ ભંડેરી તથા ટોસ વિધિ સાથે મેચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત સર્વે ખેલાડીઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા થઈ હતી. આ મેચો દરમ્યાન ખેલાડીઓને જુરી કમિટીના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપતા રહે છે.

# ગૃહમંત્રી ૨૯મીના કચ્છના સરહદી વિસ્તારોની લેશે મુલાકાત



**રાજસ્થાનથી શરૂ થનારા આ સરહદી પ્રવાસ દરમિયાન અમિત શાહ ભુજ અને હરામીનાળા સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની કરશે સમીક્ષા**

ભુજ - કચ્છઉદય : ભારતની સરહદોની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને જડબેસલાક બનાવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી દિવસોમાં દેશના વિવિધ સીમાવર્તી વિસ્તારોના આક્રમક પ્રવાસે આવી રહ્યા છે. આ વ્યૂહાત્મક પ્રવાસના ભાગરૂપે તેઓ આગામી ૨૯મી મેના રોજ સરહદી જિલ્લા કચ્છની મુલાકાતે આવી પહોંચશે.

ગૃહમંત્રીના આ પ્રવાસની શરૂઆત રાજસ્થાનથી થઈ રહી છે, જ્યાં તેઓ ૨૫મી મેની રાત્રે બિકાનેર પહોંચી ગયા છે. ૨૬મી મેના રોજ સવારે તેઓ ભારત-પાકિસ્તાન સરહદ પર આવેલી બીએસએફની સાંચુ સીમા ચોકીની રૂબરૂ મુલાકાત લઈને ફરજ પરના જવાનો સાથે સીધો સંવાદ સાધશે. આ ઉપરાંત, જવાનોના પરિવારો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું ડિજિટલ લોન્ચિંગ કરીને બપોરના સમયે બિકાનેરમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક યોજશે.

રાજસ્થાનના પ્રવાસ બાદ બીજા તબક્કામાં કેન્દ્રીય ગૃહમંત્રી ૨૯મી મેના રોજ ખાસ વિમાન મારફતે ભુજ આવી પહોંચશે. કચ્છ રોકાણ દરમિયાન તેઓ બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ની સીમા ચોકીઓની મુલાકાત લેવાની સાથે ભારત-પાક સરહદે આવેલા અત્યંત સંવેદનશીલ એવા હરામીનાળા વિસ્તારનું પણ નિરીક્ષણ કરનાર છે. તાજેતરમાં સેના દ્વારા હાથ ધરાયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ સમગ્ર સરહદી વિસ્તારમાં ભારતીય સુરક્ષા દળો હાઈએલર્ટ પર છે, ત્યારે ગૃહમંત્રીની આ મુલાકાત સંરક્ષણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વની માનવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા છ મહિનાના ટૂંકા ગાળામાં ગૃહમંત્રી અમિત શાહ બીજી વખત કચ્છ સરહદની મુલાકાત લઈ રહ્યા છે. આ પૂર્વે નવેમ્બર ૨૦૨૫માં સીમા સુરક્ષા દળના રાષ્ટ્રીય કક્ષાના 'રાઈઝિંગ-ડે પરેડ' કાર્યક્રમમાં હાજરી આપવા તેઓ ભુજ આવ્યા હતા. તે પહેલાં ઓગસ્ટ ૨૦૨૩માં તેમણે કોટેશ્વર નજીક રણસાગર સીમા વોચ ટાવર અને મુરિંગ પ્લેસનું લોકાર્પણ કર્યું હતું, તેમજ વર્ષ ૨૦૨૦માં ધોરડો ખાતે આયોજિત સીમાવર્તી ક્ષેત્ર વિકાસ ઉત્સવમાં પણ ભાગ લીધો હતો. સરહદો પર તૈનાત જવાનોને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા અને દેશની સરહદોને સુરક્ષિત રાખવાના કેન્દ્ર સરકારના સંકલ્પ સાથે યોજાઈ રહેલા આ પ્રવાસને પગલે કચ્છ વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગૃહમંત્રીનો મિનિટ-ટુ-મિનિટ વિગતવાર કાર્યક્રમ આગામી સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.

**લૂણા ખાડાના રહસ્ય અંગે સ્ફોટક ખુલાસો : વૈજ્ઞાનિકએ જાહેર કર્યું સત્ય**

# કચ્છ પ્રાચીન હડપ્પા સંસ્કૃતિનું એક સમૃદ્ધ મેટાલોજિકલ સેન્ટર

**સામાન્ય ધાતુ સમય જતાં ઈરિડિયમમાં બદલાઈ હોવાનો દાવો તદ્દન ખોટો : પીઆરએલ અમદાવાદ અને અમેરિકાની સ્ક્રિપ્સ ઈન્સ્ટિટ્યુશનના સંશોધકોએ અગાઉની ઉલ્કાપાતની થિયરી નકારી : આ સ્થળ હડપ્પા સંસ્કૃતિનું વિશાળ ધાતુ પ્રક્રિયા કેન્દ્ર હોવાનું સાબિત કર્યું**

ભુજ - કચ્છઉદય : કચ્છના બન્ની વિસ્તારમાં આવેલા પ્રખ્યાત લૂણા ખાડા (ક્રેટર) અંગે તાજેતરમાં થયેલા એક સન્સનીખેજ વૈજ્ઞાનિક અભ્યાસે સોશિયલ મીડિયા અને સ્થાનિક લોકોમાં ભારે કુતૂહલ જગાવ્યું છે. અગાઉ ૧.૮ કિલોમીટરનો વ્યાસ ધરાવતા આ લૂણા ખાડાને અવકાશી ઉલ્કાપાતથી બનેલો ક્રેટર માનવામાં આવતો હતો, કારણ કે અહીંની માટી અને પથ્થરોમાંથી સોના કરતાં પણ મોંઘું અને અત્યંત દુર્લભ ગણાતું અવકાશી તત્વ 'ઈરિડિયમ' મળી આવ્યું હતું. આ શોધ બાદ એવી અફવાઓ અને ચર્ચાઓ વહેતી થઈ હતી કે શું પૃથ્વીના પેટાળમાં હજારો વર્ષો સુધી દટાઈ રહેવાને કારણે કોઈ સામાન્ય ધાતુ આપમેળે બદલાઈને દુર્લભ ખનીજ ઈરિડિયમ બની ગઈ હશે? જોકે, વૈજ્ઞાનિકોએ આ બાબતને સદંતર ફગાવી દઈને તેની પાછળનું અસલી વૈજ્ઞાનિક સત્ય જાહેર કર્યું છે.ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (પીઆરએલ) અમદાવાદ અને અમેરિકાની સ્ક્રિપ્સ ઈન્સ્ટિટ્યુશનના વૈજ્ઞાનિકો દ્વારા આ સ્થળનું ફરીથી બારીકાઈથી પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો છે. વૈજ્ઞાનિક નિયમો અનુસાર, કોઈપણ સામાન્ય ધાતુ ગમે તેટલા હજારો વર્ષ સુધી જમીનમાં દટાયેલી રહે તો પણ તે ક્યારેય આપમેળે રૂપાંતરિત થઈને ઈરિડિયમ જેવું નવું તત્વ બની શકતી નથી. સંશોધકોએ આ રહસ્ય પરથી પડદો ઉઠાવતા જણાવ્યું છે કે, આશરે ૪,૦૦૦ વર્ષ પહેલાં હડપ્પા કાળના પ્રજાજનો જ્યારે તાંબુ અને અન્ય ધાતુઓ ઓગાળવા માટે જે કાચી ધાતુ લાવતા હતા, તેમાં જ કુદરતી રીતે ઈરિડિયમ અને અન્ય ભારે ધાતુઓ ખૂબ જ સૂક્ષ્મ માત્રામાં ભળેલી હતી. જ્યારે હજારો ટન કાચી ધાતુને વિશાળ ભટ્ઠીઓમાં ઓગાળવામાં આવી, ત્યારે તાંબુ અલગ થઈ ગયું હતું અને બાકી વધેલા કચરાના વેસ્ટમાં ઈરિડિયમ જેવા ભારે તત્વો એક જ જગ્યાએ એકત્રિત થઈ ગયા હતા. આ જ કારણે આજે ત્યાં પરીક્ષણ કરતી વખતે ઈરિડિયમનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

ડૉ. યોગિતા કડલાગ અને તેમની ટીમના આ નૂતન સંશોધન મુજબ, લૂણા ખાડા ખાતે ભૂતકાળમાં કોઈ ઉલ્કા પડી જ નથી. આ સ્થળેથી લોખંડનો ૪૨ ટકાથી ૬૩ ટકા જેટલો ભારે જથ્થો અને ધાતુ ગાળતી વખતે પેદા થતા વિશિષ્ટ ખનિજો જેવા કે વુસ્ટાઈટ અને કિર્શસ્ટેનાઈટ મળી આવ્યા છે.

આ તમામ પુરાવાઓ સ્પષ્ટપણે સાબિત કરે છે કે આ સ્થળ પ્રાચીન હડપ્પા સંસ્કૃતિનું એક સમૃદ્ધ અને વિશાળ ધાતુ પ્રક્રિયા કેન્દ્ર (મેટાલોજિકલ સેન્ટર) હતું. આમ, ધાતુ આપોઆપ બદલાઈને ઈરિડિયમ બની હોવાની લોકવાયકા વૈજ્ઞાનિક રીતે તદ્દન ખોટી સાબિત થઈ છે. પરંતુ હડપ્પાના ધાતુશાસ્ત્રીઓ જે કાચી ધાતુનો ઉપયોગ કરતા હતા, તેમાં આ દુર્લભ ખનીજ અગાઉથી જ હાજર હોવાની બાબત આજે વૈજ્ઞાનિકો માટે ભારતના પ્રાચીન ગૌરવશાળી ઈતિહાસ અને વિજ્ઞાનને ઉકેલવાની એક મહત્વપૂર્ણ ચાવી બની ગઈ છે.

# જખૌ નજીક ઈમરજન્સી એલર્ટ સિગ્નલ મોકલવાનું સાધન મળ્યું

**પ્રથમ વખત મળી આવેલા ઉપકરણનો ઉપયોગ જીવ બચાવવા થાય છે : સથવારા ટાપુ પરથી ચરસના ૧૧ પેકેટ મળ્યા**



ભુજ - કચ્છઉદય : અબડાસાના દરિયાઈ વિસ્તારમાંથી આ વખતે ચરસના પેકેટ સાથે અલગ અલગ ઉપકરણો પણ મળી આવે છે. અગાઉ ચાર વખત ડ્રોનના પાંખડા મળ્યા, લખપત પાસેથી ડ્રોન મળ્યું તે બાદ હવે ઓસ્ટ્રેલિયન બનાવટનું ઈમરજન્સી એલર્ટ સિગ્નલ મોકલવાનું સાધન મળી આવ્યું છે.

આ બાબતે મળતી માહિતી પ્રમાણે જખૌ નજીક જગથડા લેન્ડિંગ પોઈન્ટ વિસ્તારમાં દરિયાઈ કાંઠેથી શંકાસ્પદ સેટેલાઈટ બેઝ ટ્રાન્સપોન્ડર મળી આવ્યું હતું. આ ઉપરકરણની જો વાત કરીએ તો તેને ઈમરજન્સી પોઝીશન ઈન્ડિકેટીંગ રેડિયો બીકન તરીકે ઓળખવામાં આવે છે. તે ઓસ્ટ્રેલિયામાં બનાવવામાં આવ્યું છે. જયારે દરિયામાં કોઈ જહાજ ડુબી રહ્યું હોય અથવા કોઈ અન્ય ખતરો હોય ત્યારે આ ઉપકરણનો ઉપયોગ થાય છે. જયારે તેને ચાલુ કરવામાં આવે ત્યારે ૪૦૬ એમ.એચ.ઝેડ ફ્રિકવન્સી પર ગ્લોબલ સેટેલાઈટ સિસ્ટમને ઈમરજન્સી સિગ્નલ મોકલાવે છે. આ સિગ્નલ દ્વારા કોસ્ટગાર્ડ કે અન્ય એજન્સીઓને લોકેશનની જાણ થાય અને તેઓ બચવવા માટે પહોંચી શકે છે.

સામાન્ય રીતે તેનો સીધો નિકાલ થઈ શકતો નથી. તેની બેટરી કાઢીને બંધ કરવામાં આવતું હોય છે. જખૌ પાસેથી જે ઉપકરણ મળ્યું તેનો હજુ સુધી એક પણ વખત ઉપયોગ થયો નથી. તેની બેટરી ચાર વર્ષ સુધી ચાલે છે. પરંતુ દરિયામાં રહેવાના કારણે ઉપકરણ ખરાબ થયાનું સામે આવ્યું છે. આ દરમ્યાન લખપત તાલુકાના સથવારા બેટ પરથી ચરસના ૧૧ પેકેટ બીએસએફને મળી આવ્યા હતા. જે બાબતે નારાયણ સરોવર પોલીસને જાણ કરવામાં આવી હતી.

# પદ્ધર પાસે અલગ અલગ નંબર પ્લેટ વાળું ટ્રેઈલર પકડાયું






ભુજ - કચ્છઉદય : પધ્ધર પોલીસની ટીમ વાહન ચેકીંગમાં હતી ત્યારે અલગ અલગ નંબર પ્લેટ વાળું ટ્રેઈલર પકડાયું હતું.

પોલીસે મુળ બિહારના હાલે મુંદરા રહેતા વિજયકુમાર માનટુન મહંતોને પકડી લીધો હતો. ૧૦ લાખનું ટ્રેઈલર કબજે કરવામાં આવ્યું હતું. ટ્રેઈલરના આગળના ભાગે જી.જે. ૩૯ ટી ૧૧૮૯ અને પાછળના ભાગે જી.જે. ૩૯ ટી ૧૨૩૦ નંબર પ્લેટ હતી.

આ સિવાય ટ્રેઈલરની બોડીમાં અલગ નંબર પ્લેટ હતી. આમ અલગ અલગ નંબરના કારણે ખરેખર વાહન કોનું છે તે સામે આવી શકતું નથી. જેથી પોલીસે વાહન ડીટેઈન કર્યું હતું. ઘણા વાહનોમાં આ પ્રમાણે અલગ અલગ પ્લેટો જોવા મળે છે ત્યારે ઝુંબેશ ચલાવાય તો આવા ઘણા વાહનો પકડાય તેમ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે.

**મોરબી-કચ્છ હાઈવે પર હરીપર નજીક ગોઝારો અકસ્માત સર્જાયો**

# માતાનામઢથી દર્શન કરી પરત ફરતા ૪ લોકોના અકસ્માતમાં મોત

માળિયા - કચ્છઉદય : મોરબી-કચ્છ હાઈવે પર માળિયાના હરિપર ગામ નજીક એક અત્યંત કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. માતાના મઢ ખાતે મા આશાપુરાના દર્શન કરી પરત ફરી રહેલા પરિવારની ઈકો કારનું ટાયર અચાનક ફાટતાં કાર ડિવાઈડર કૂદીને સામેના ટ્રેક પરથી આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં માસૂમ બાળક સહિત કુલ ૪ લોકોના ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યા હતા.મૂળ ગીર સોમનાથના અને હાલ દીવમાં સ્થાયી થયેલા કાપડિયા અને બાંભણિયા પરિવારના સભ્યો માતાના મઢથી ખુશી-ખુશી ઘરે પાછા ફરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ઈકો કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. કાર ડીવાઈડર ટપીને સામેની લેનમાંથી પૂરપાટ ઝડપે આવતા ટ્રક સાથે ટકરાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે ઈકો કારનો કુરચો બોલી ગયો હતો. અકસ્માતની ભયાનકતા જોઈને હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા.આ અકસ્માતમાં ભરતકુમાર વીરજીભાઈ બાંભણિયા (ઉં.વ. ૪૦ - કાર ચાલક), કંચનબેન વિરજીભાઈ બાંભણિયા (ઉં.વ. ૬૦), મનોજ લક્ષ્મણભાઈ કાપડિયા (ઉં.વ. ૫૦) જીવાંશુ મનોજ કાપડિયા (ઉં.વ. ૭)નું મોત થયું છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ જાગૃતિબેન મનોજભાઈ કાપડિયા (ઉં.વ.૩૫ ) અને તેમની ૧૨ વર્ષની દીકરી વૈદર્શીને ગંભીર હાલતમાં નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ હસતા-રમતા પરિવાર પર કાળનો પંજો ફરી વળતા દીવ અને ગીર સોમનાથ પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની ગંભીરતાને જોતા માળિયા તાલુકા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અકસ્માતના કારણે હાઈવે પર સર્જાયેલા ચક્કાજામને હળવો કરવા પોલીસે ક્રેન બોલાવીને અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવ્યા હતા. ચારેય મૃતદેહોને માળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડી પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

# ચાંદ્રાણી પાસે ભુલથી ટ્રેક્ટર ચાલુ થતા દોઢ વર્ષના બાળકનું મોત

ભુજ - કચ્છઉદય : અંજાર તાલુકાના ચાંદ્રાણી પાસેથી ભુલથી ટ્રેક્ટર ચાલુ થતા દોઢ વર્ષના બાળકનું મોત થયું હતું. આ મામલે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળેલી વિગતો મુજબ સોમવારે સાંજે પાંચ વાગ્યાના અરસામાં ચાંદ્રાણી ગામે સરહદ ડેરીની બાજુમાં આ બનાવ બન્યો હતો. ભોગ બનનારના પિતા સોમાભાઈએ જણાવ્યું કે, તેઓ મકાનમાં કડીયાકામનું કામ કરે છે. તેમનો દોઢ વર્ષનો દિકરો હેમલ બેઠો હતો ત્યારે કોઈ છોકરાઓએ ટ્રેક્ટર ચાલુ કરી દેતા તેમનો દિકરો ટ્રેક્ટરના ટાયરમાં આવી ગયો હતો. જેને ઈજાઓ થતા તાત્કાલિક સારવાર માટે જી.કે. જનરલમાં લાવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

**ખાવડા પાસે અકસ્માતમાં યુવકે જીવ ગુમાવ્યો**

આ તરફ અન્ય એક બનાવની વાત કરીએ તો ખાવડામાં બીએસએફ ચોકી પાસે અકસ્માત થયો હતો. ઈજા પામનારને ૧૦૮ મારફતે જી.કે.માં લાવવામાં આવ્યા હતા. જેમાં તેઓને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. ૩૩ વર્ષિય સંદીપકુમાર દિનેશભાઈનું મોત થયું હોવાનું હોસ્પીટલ ચોકીએથી જાણવા મળ્યું છે.

# પ્રેમ સંબંધની શંકામાં યુવતીને ધમકી આપી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર આરોપી ઝડપાયો

ગાંધીધામ - કચ્છઉદય : કકંડલા મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. મળતી માહિતી મુજબ તા. ૨૫/૦૫/૨૦૨૫ના રોજ કંડલા તાલુકાના દરિયાકાંઠા વિસ્તારમાં બનેલી ઘટનામાં ફરિયાદી યુવતીને આરોપીએ પ્રેમ સંબંધ હોવાની શંકા રાખી ધમકીઓ આપી હતી. ત્યારબાદ યુવતીને બળજબરીપૂર્વક લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં નોંધાયું હતું.


આ બનાવ અંગે કંડલા મરીન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી ફરીયાદીને ભુડી ગાડીમાં બેસાડી અલગ અલગ સ્થળોએ લઈ ગયો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપી અલી ગુલામમહમદ ટાંક, રહે. કંડલા તાલુકા ગાંધીધામને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર કામગીરી પીઆઈ તથા સ્ટાફની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. આ કેસમાં વધુ તપાસ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું છે.

# બસ ચાલકની બેદરકારીથી મહિલા મુસાફર ઈજાગ્રસ્ત

અંજાર - કચ્છઉદય : શહેરમાં સરકારી એસ.ટી. બસના ચાલકની બેદરકારીના કારણે મહિલા મુસાફર ઈજાગ્રસ્ત થયાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર તા. ૧૫/૦૫/૨૦૨૬ના રોજ અંજાર રોડ મેઘપર કુંભારડી પાસે આવેલી શનિદેવ મંદિરથી થોડું આગળ આદિપુર-અંજાર રોડ પર આ ઘટના બની હતી. ફરિયાદી જીતેન્દ્રભાઈ વેલજીભાઈ મકવાણી, રહે. ભાનુશાળી નગર, ભાનુશાળી સમાજવાડી પાસે, નલિયા (અબડાસા) દ્વારા અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ સરકારી એસ.ટી. બસ નં. જી.જે.-૧૮-ઝેડ-૬૧૪૬ના ચાલકે બસ હંકારી વખતે બેદરકારીપૂર્વક અને ગફલતભરી રીતે વાહન ચલાવ્યું હતું.ફરિયાદ મુજબ બસમાં મુસાફરી કરતી ફરિયાદીની માતા લક્ષ્મીબેન પાછળની સીટમાં બેઠેલા હતા ત્યારે અચાનક બસના ચાલકે ઝાટકાભેર બ્રેક મારતા તેઓ સીટ પરથી નીચે પટકાયા હતા. આ ઘટનામાં તેઓને શરીરે ઈજાઓ પહોંચી હતી. બનાવ બાદ ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે અંજાર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. એક્ટ કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**સીંધી ભાનુશાલી સમાજનું ગૌરવ**



**શ્રીમતી દિવ્યાબેન જીતેન્દ્રભાઈ નાથાણી**
**પ્રથમ મહિલા મેયરશ્રી ગાંધીધામ મહાનગરપાલિકા**

આપશ્રીની ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયરશ્રી તરીકે વરણી થવા બદલ સમગ્ર સીંધી ભાનુશાલી સમાજનું નામ રોશન કર્યું છે. આપશ્રી રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી પરિવાર તેમજ સીંધી ભાનુશાલી સમાજનું નામ વધુને વધુ રોશન કરો તેવી અંતરની શુભકામના સાથે ખુબ ખુબ અભિનંદન....

::: શુભેચ્છક :::
**ગંગારામભાઈ એલ. ભાનુશાલી**
પ્રમુખશ્રી, અખીલ ભારતીય સીંધી ભાનુશાલી મહાજન સરોવર
કચ્છ ઉદય પરિવાર, ગાંધીધામ-ભુજ.





## ભુજમાં કાર્ટૂન સંગ્રહનું વિમોચન કરાશે

ભુજ - કચ્છઉદય ભુજ શહેરના વિજયરાજ પુસ્તકાલય ખાતે આગામી તારીખ ૩૦-૫ ના રોજ સાંજે ૬ કલાકે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે દર્શન ઈન્દ્રવદન મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલા કાર્ટૂન સંગ્રહ પુસ્તક 'કાર્ટૂન-દર્શન'ની પ્રથમ આવૃત્તિનું ભવ્ય અનાવરણ કરવામાં આવશે. આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા સહિતના અતિથીઓ ઉપસ્થિત રહેશે.

## ભુજ તાલુકામાંથી સગીરાનું અપહરણ

ભુજ - કચ્છઉદય : તાલુકાના એક ગામમાંથી સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ આરોપી ભારાપર ગામના આકાશ લાલજી મહેશ્વરીએ કાયદેસરના વાલીપણામાંથી સગીરાનું અપહરણ કર્યું હતું. જે મામલે માનકુવા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ચોથા વર્ષમાં પ્રવેશ કરતું સૂર આરાધના મ્યુઝિકલ ગ્રુપ : મીટીંગ યોજાઈ

ભુજ - કચ્છઉદય : ચોથા વર્ષમાં પ્રવેશ કરતું સૂર આરાધના મ્યુઝિકલ ગ્રુપની મીટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ત્રણ હોદ્દેદારો નિમાયા જેમાં પ્રમુખ તરીકે સતત ચોથી વખત પૂજાબેન અયાચી, મંત્રી તરીકે જીતેન્દ્રભાઈ ઠક્કર અને ખજાનચી તરીકે ભગીરથ કે ધોળકિયાને નિમવામાં આવેલ હતા. અજીતભાઈ માનસત્તાના કર્મયોગ બંગલે આ મીટીંગ યોજાયેલ હતી જેમાં તેઓએ ખૂબ જ સરસ ગોઠવણ સાથે અલ્પાહાર નો સહયોગ આપ્યો હતો. તેઓએ સુંદર મજાની શાયરી તથા અર્થસભર સાહિત્ય રજૂ કરી અને અમોને આનંદ સાથે માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. વિશેષ ઉપસ્થિતિમાં ઝવેરીલાલભાઈ સોનેજી તથા રસિકભાઈ મકવાણાએ ગ્રુપને આગળ વધારવા માટે શું શું કરવું જોઈએ અને આગામી પ્રોગ્રામનું આયોજન કેવી રીતે કરવું એનું માર્ગદર્શન પૂરું પાડેલ હતું. ગ્રુપના ભાવેશભાઈ ઠક્કર, જયેશભાઈ પુજારા, ભરતભાઈ સોની, કિશનભાઈ કટ્ટા, પ્રદીપભાઈ જોશી, હરેશભાઈ ગજ્જર, અશ્વિનભાઈ ઠક્કર, પલકભાઈ તથા નૂતનબેન મહેતા હાજર રહ્યા હતા.


**હરિઓમ ટ્રસ્ટ સંચાલિત એમ. એમ. હોસ્પિટલ - આદિપુર**

**નીચેના તબીબોની સેવાઓ નિયમિત મળશે**

**ડો. જયા તીલવાણી (વરલાણી)**
DNB (પીડિઆટ્રીક્સ),
DM (પીડિઆટ્રીક નેફ્રોલોજી)
કચ્છના પ્રથમ નેફ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફીઝીશિયન

**નવજાત શિશુ અને બાળકોના કિડનીરોગોની નિષ્ણાંત સેવાઓ**
નેફ્રોટીક સીન્ડ્રોમ, ગ્લોમેરૂલોનેફ્રાઈટીસ અને લુપસનેફ્રાઈટસ
ટ્યુબ્યુલર રોગો, યુરિનરી ટ્રેક્ટ, ઈન્ફેક્શન અને યુરિનનું કીડનીમાં પાછા જવું (વેસિકોઉરેટરિક રિફ્લક્સ)
એક્યુટ કીડની ઈંજરી, ક્રોનિક કિડની રોગોની સારવાર તથા ડાયાલીસીસ
જન્મજાત અસામાન્યતાઓ, કીડની ટ્રન્સપ્લાન્ટ પૂર્વેની અને પછીની કાળજી

**ડો. કિલ્લોલ પટેલ**
DNB (જનરલ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન) નિષ્ણાંત સેવાઓ

**નિષ્ણાંત સેવાઓ**
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી થતી સર્જરી)
હરનીઆ, એપેન્ડીક્સ, ગોલબ્લેડર સર્જરી, (ઓપન અને દૂરબીનથી થતી સર્જરી)
થાઈરોઈડ અને સ્તન સર્જરી, પાઈલ્સ અને ફિસ્ટુલા સારવાર
ડાયાબેટીક ફૂટ અને ઘા ની સંભાળ તથા દાઝવાની તમામ સારવાર (બર્ન મેનેજમેન્ટ)

**વિવિધ તબીબોની સેવાઓ**
ડો. પાર્થ રાઠી (હાડકારોગના નિષ્ણાંત) ડો. રેનુ ચંદનાની (સ્ત્રીરોગ નિષ્ણાંત)
ડો. મિત મોઢ (ફીઝીશીઅન), ડો. સાગર સલીયા (બાળરોગ નિષ્ણાંત),
ડો. ફોરમ મોઢ (દંત ચિકિત્સક), ડો. જાનકી કોર (ફીઝીયોથેરાપીસ્ટ)

ડીસી-3, રામબાગ રોડ, SRC ઓફિસની પાછળ,
આદિપુર (કચ્છ) 370205. (M) 70690 91451/52

# SBI ગાંધીધામના કરન્સી ચેસ્ટ બંધ કરવાના નિર્ણયથી પૂર્વ કચ્છમાં ચલણી નોટોની સર્જાઈ શકે છે ભારે અછત

### ગાંધીધામ ચેમ્બરે તાત્કાલિક ગાંધીધામ અને અંજાર શાખાને ક્લબિંગ કરવા આરબીઆઇ ગવર્નરને કર્યું સૂચન : પૂર્વ કચ્છ ખાતે કરન્સી ચેસ્ટ કામગીરી અવિરત રહે તે માટે વચગાળાની વ્યવસ્થા માટે ગાંધીધામ ચેમ્બર દ્વારા આરબીઆઇ ગવર્નર સમક્ષ રજુઆત


ગાંધીધામ : પૂર્વ કચ્છનું ગાંધીધામ મહાનગર સંકુલ એ દેશ તથા ગુજરાતના અતિ મહત્વના વેપાર, પરિવહન અને ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. કંડલા અને મુન્દ્રા જેવા દેશના અગ્રણી મહાબંદરો દ્વારા દેશના ૪૦%થી વધુ એક્ઝિમ વેપારનું સંચાલન થાય છે. વળી ગાંધીધામ સંકુલ ગુજરાતનું સૌથી મોટુ ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ હબ ગણાય છે. ઉપરાંત અહીંથી એશિયાના સૌથી મોટા ટીમ્બર ઉદ્યોગ, કાસેઝ, દેશની જાહેર ક્ષેત્રની મુખ્ય ઓઈલ કંપનીઓ, ઈફકો તથા સેંકડો સ્જીસ્ઈ અને મોટા ઉદ્યોગોના નાણાકીય વ્યવહારો થતા હોય છે. ત્યારે ગાંધીધામ ખાતેની એસબીઆઈની મુખ્ય શાખાનું બિલ્ડીંગ પુનઃ નિર્માણ કરવાનું હોય આ શાખાને કામચલાઉ રીતે અન્યત્ર ખસેડવાનું થતું હોય સમગ્ર સંકુલ અને પૂર્વ કચ્છના મોટા વિસ્તારને કરેંસી ચલણી નોટની પૂર્તિ કરતી આ બેક્રની કરેંસી ચેસ્ટની સુવિધા ખોરવાઈ નહિ અને સંકુલને અને સમગ્ર પૂર્વ કચ્છના વિસ્તારને ચલણી નાણાંની સરળ ઉપલબ્ધતા અને કરન્સી ચેસ્ટ કામગીરી યથાવત મળી રહે તે માટે સંકુલની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બરના પ્રમુખશ્રી તેજા કાનગડે આરબીઆઈના ગવર્નર શ્રી સંજય મલ્હોત્રાને આ અંગે તાત્કાલિક વચગાળાની વ્યવસ્થા કરવાની માંગ સાથે વિગતવાર રજૂઆત કરી છે. ચેમ્બર પ્રમુખે પત્રમાં વધુમાં જણાવ્યું છે કે ગાંધીધામ મહાનગર સમગ્ર રાજ્યનું આર્થિક પ્રવૃત્તિથી ધમધમતું કચ્છનું મહાનગર છે. જેમાં પૂર્વ કચ્છના તમામ મથકો જેવા કે ગાંધીધામ, આદિપુર, અંજાર, ભચાઉ, રાપર અને આસપાસના તમામ ઉદ્યોગોના અબજોના આર્થિક વ્યવહારો રોજિંદા થતા હોય છે. મીઠા ઉદ્યોગ, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, ટિમ્બર ઉદ્યોગ, પોર્ટ ઓપરેશન્સ તથા દૈનિક રિટેઈલ વ્યાપારમાં હાર્ડ કરન્સી નોટોની જરૂરિયાત પડતી હોય છે, માટે સતત અને અસરકારક બેંકિંગ તથા કેશ મેનેજમેન્ટ સેવાઓ અત્યંત જરૂરી છે. જેથી તાત્કાલિક ધોરણે ચલણી નાણાંની સરળ ઉપલબ્ધતા અને કરન્સી ચેસ્ટ કામગીરી યથાવત રાખવા માટે તાત્કાલિક વચગાળાની વ્યવસ્થા કરવા વિનંતી કરવામાં આવેલ છે. મહેશ તિર્થાણીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે SBI ગાંધીધામ મુખ્ય બ્રાન્ચ હાલ "છ" કેટેગરી કરન્સી ચેસ્ટ-બેક્ર તરીકે કાર્યરત રહી દરરોજ કરોડોના રોકડ વ્યવહારો સંભાળે છે અને સમગ્ર વિસ્તારમાં રોકડ પુરવઠો તથા બેંકિંગ કામગીરીમાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે, ત્યારે હાલમાં SBI ગાંધીધામ ખાતે કરન્સી ચેસ્ટ કામગીરી સ્થગિત/મુલતવી રાખવામાં આવશે તો સમગ્ર વિસ્તારમાં દૈનિક બેંકિંગ વ્યવહારો, છૂસ્માં રોકડ ઉપલબ્ધતા, ઉદ્યોગોના કેશ મેનેજમેન્ટ તથા વેપારિક પ્રવૃત્તિઓ પર ગંભીર અસર પડી શકે છે તથા સમગ્ર પૂર્વ કચ્છમાં ચલણી નોટોની ભારે અછત સર્જાઈ શકે છે. જેથી ગાંધીધામ ચેમ્બરે આરબીઆઈ ગવર્નરને તાત્કાલિક વચગાળાની વ્યવસ્થા તરીકે SBI ગાંધીધામ શાખાને SBI અંજાર શાખા જોડે ક્લબીંગ કરી બંને - ગાંધીધામ અને અંજાર શાખાઓ દ્વારા સંયુક્ત રીતે કરન્સી ચેસ્ટ અને કેશ મેનેજમેન્ટ કામગીરી માટે જોડવા માટે પત્રમાં વિનંતી કરવામાં આવી છે. જેથી સમગ્ર પૂર્વ કચ્છ વિસ્તારમાં બેંકિંગ સેવાઓ અને રોકડ પુરવઠો અવિરત ચાલુ રહી શકે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં પણ આવી જ પરિસ્થિતિ દરમિયાન મુખ્ય શાખાને કંડલા ફ્રી ટ્રેડ ઝોન સ્થિત SBI શાખા સાથે જોડી ચકેશૃ ચલણી નોટોની આપૂર્તિની આવી વ્યવસ્થાઓ સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવી હતી. SBI ગાંધીધામ અને SBI અંજાર શાખાઓને જોડવાથી કેશ મેનેજમેન્ટની વ્યવસ્થા સુચારુ રૂપે જાળવી રાખી શકાય જેથી વેપાર ઉદ્યોગના વ્યવહારો અને રિટેલર્સ વેપારીઓ અને સામાન્ય જનતાને કેશની અછતનો સામનો ન કરવો પડે અને નાણાકીય વ્યવહારો સરળતાથી ચાલી શકે. પત્રની નકલ આરબીઆઇ- મુંબઈના કરન્સી વિભાગના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, કરન્સી મેનેજમેન્ટ વિભાગના ચીફ જનરલ મેનેજર અને આરબીઆઈ-અમદાવાદના કરન્સી ઈસ્યુ વિભાગના ઉચ્ચ અધિકારીઓને પાઠવવામાં આવેલ છે. તેવું ગાંધીધામ ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગાંધીધામમાં પવિત્ર અધિક માસ નિમિત્તે કેકેબી કેટરર્સ દ્વારા ફરાળી કાર્નિવલનું ભવ્ય આયોજન

### દરરોજ સવારે અને સાંજે ગરમાગરમ સ્વાદિષ્ટ ચાટ અને વ્રત-ઉપવાસમાં ખાઈ શકાય તેવી અસંખ્ય ફરાળી વાનગીઓનું આકર્ષણ





ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામની સ્વાદપ્રેમી જનતા માટે પવિત્ર અધિક માસના પાવન અવસરે સ્વાદની એક અનોખી મિજબાનીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખ્યાત કેકેબી કેટરર્સ દ્વારા ખાસ કરીને ખાણીપીણીના શોખીનો માટે એક ભવ્ય ચાટ અને ફરાળી વાનગીઓનો કાર્નિવલ શરૂ કરવામાં આવ્યો છે. આ વિશેષ ખાદ્ય મહોત્સવમાં દરરોજ સવારે અને સાંજે ગરમાગરમ તેમજ અત્યંત સ્વાદિષ્ટ ચાટ અને વ્રત-ઉપવાસમાં ખાઈ શકાય તેવી અસંખ્ય ફરાળી વાનગીઓનું અદભુત રસથાળ પીરસવામાં આવી રહ્યું છે. ધાર્મિક મહત્વ ધરાવતા આ માસ દરમિયાન શ્રદ્ધાળુઓની આસ્થા અને સ્વાદ બંને જળવાઈ રહે તે હેતુથી આ સમગ્ર આયોજન ખૂબ જ સુંદર રીતે આયોજિત કરાયું છે.આ કાર્નિવલમાં ગ્રાહકો માટે બે મુખ્ય વિભાગો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં પ્રીમિયમ ચાટ સ્ટેશન પર તીખી, મીઠી અને ચટાકેદાર વાનગીઓની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. આ સ્ટેશન પર મુલાકાતીઓ પાલક પતા ચાટ, અસલ દિલ્હી ચાટ, પરંપરાગત છોલે ભટુરા, ખાસ કઢી સમોસા અને કઢી કચોરી, દેશભરમાં લોકપ્રિય એવી પાણીપુરી, શાહી સ્વાદ ધરાવતી રાજ કચોરી તેમજ ગરમાગરમ સ્પેશિયલ મરચાંવડા અને આલુવડાની ભરપૂર મજા માણી શકે છે. દરેક વાનગીની બનાવટમાં શુદ્ધતા અને ગુણવત્તાનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે, જે ગ્રાહકોના સ્વાદને બમણો કરે છે.

બીજી તરફ, અધિક માસના વ્રત અને ઉપવાસ રાખતા શ્રદ્ધાળુઓ માટે આયોજિત ખાસ ફરાળી સ્ટેશન આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. આ વિભાગમાં સંપૂર્ણપણે શાસ્ત્રોક્ત નિયમો અને પવિત્રતા સાથે તૈયાર કરેલી અવનવી ફરાળી વાનગીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહીં આવતા સ્વાદરસિયાઓ માટે ફરાળી કચોરી, ફરાળી સમોસા, ફરાળી રગડા-પેટીસ અને જીભનો સ્વાદ જગાડતી ફરાળી ચટપટી ભેળ પીરસવામાં આવે છે. આ ઉપરાંત, કચ્છી અને રાજવાડી સ્વાદનો સમન્વય ધરાવતી ફરાળી રજવાડી ચાટ, ફરાળી પુરી શાક, ક્ન્ચી ફરાળી પાપડી ચાટ તેમજ વ્રત કરનારાઓની સદાબહાર પસંદ એવી સ્પેશિયલ સાબુદાણા ખીચડી અને ક્રિસ્પી સાબુદાણા વડા પણ ગરમાગરમ પીરસાઈ રહ્યા છે.

આ ભવ્ય અને સ્વાદિષ્ટ ખાદ્ય મહોત્સવનું આયોજન ગાંધીધામ-કચ્છ ખાતે આવેલા ગોકુળ સ્વીટ્સ પર કરવામાં આવ્યું છે, જે કચ્છ કલાની બિલકુલ સામે સ્થિત છે. આ આયોજન અંગે વધુ માહિતી મેળવવા અથવા પૂછપરછ માટે આયોજક ભરત કોટકનો મોબાઈલ નંબર ૯૮૯૮૩ ૭૪૮૯૬, ૯૩૨૮૩ ૫૯૫૨૯ અથવા ૮૧૮૩૮ ૮૮૮૯૧ પર સંપર્ક કરી શકાય છે. પવિત્ર માસમાં સ્વાદ અને આસ્થાના આ ત્રિવેણી સંગમ સમાન કાર્નિવલનો લાભ લેવા માટે ગાંધીધામ અને આસપાસના વિસ્તારના નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |

# પાંચોટિયા ધામમાં પુરુષોત્તમ માસ નિમિત્તે ભવ્ય ૫૬ ભોગ મનોરથનું આયોજન





ગાંધીધામ - કચ્છઉદય : પવિત્ર નિજાનંદ સંપ્રદાયના પાંચોટિયા યાત્રાધામ ખાતે પુરુષોત્તમ માસ નિમિત્તે પરમ પૂજ્ય મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજના આશીર્વાદથી શ્રી પરમધામધણીને ભવ્ય ૫૬ ભોગ અર્પણ કરી આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત મનોરથ યોજાયો હતો. શ્રી સુંદર સાહેબ રચિત શ્રી વ્રજપ્રભા ગ્રંથની પવિત્ર પરંપરા અનુસાર શ્રીકૃષ્ણ જન્મોત્સવની છઠ્ઠી પ્રસંગે નંદબાબાએ વ્રજવાસીઓને ૫૬ ભોગ જમાડ્યા હતા, તે જ વ્રજ પરંપરાને અનુસરી આ વિશેષ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્રજ રીત મુજબ માટીની મટકી, અને પત્રાવળીમાં ઠાકોરજીને વિવિધ પ્રકારના ભોગ અર્પણ કરવામાં આવ્યા હતા. ગૃષ્મ ઋતુની લીલાને ધ્યાનમાં રાખી ફૂલોના મનમોહક વસ્ત્રાભૂષણો અને સખીઓ દ્વારા અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. આમ્ર બગીચામાં નિકુંજ સ્વરૂપે ઠાકોરજી બિરાજમાન હોય તેવા ભાવથી દિવ્ય દર્શનનો લાભ ભાવિકોએ લીધો હતો. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ તથા સાધુ ભગવાનદાસજી મહારાજે ભજનાનંદ કરાવ્યો હતો. મહંતશ્રીના ભજન-સત્સંગ દ્વારા ઉપસ્થિત રસિકજનોને ધાર્મિક જ્ઞાન અને ભક્તિરસનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયો હતો. પવિત્ર તળાવમાં નાવ મનોરથ લીલાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધામધણીને નાવમાં બિરાજમાન કરાવી ગોવાળિયાઓ દ્વારા ગુરુજીની આગેવાની હેઠળ સુંદર નાવલીલા યોજાઈ હતી. આ સમગ્ર ધાર્મિક મહોત્સવમાં પાંચોટિયા, અંજાર, સતાપર, રતનાલ, ચોબારી તેમજ મુંબઈથી મોટી સંખ્યામાં રસિકજનો ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. કાર્યક્રમનું વાતાવરણ ભક્તિમય બની સમગ્ર યાત્રાધામ કૃષ્ણમય બની ગયું હતું.



રવ મોટી જુના પંચાયતના સદસ્ય જયરામભાઈ સોનારા ને ભવ્ય વિજય થવા માટે ખોડીયાર માતાજી મંદિર નાનીરવ ગામે લગધીરભાઈ રબારી ઉપપ્રમુખ રાપર તાલુકા ભાજપ અને ખોડાભાઈ દ્વારા રજત તુલા કરવામાં આવી તેમજ આશીર્વાદ ખોડીયાર માતાજીના ભુવાજી રણછોડભાઈ આશીર્વાદ આપેલ તેમજ રબારી સમાજના આગેવાનો ખોડાભાઈ પૂર્વ સરપંચ નાનીરવ ગેલાભાઈ, પૂર્વ સરપંચ કલ્યાણપર વેલાભાઈ અને ખોડાભાઈ વગેરે આગેવાનો ઉપસ્થિત રહેલ.

# કચ્છમાં થઈ વિશ્વની સૌથી મોટી સિંગલ-લોકેશન બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ

### અદાણી ગ્રીન એનર્જીએ ખાવડામાં ૩.૩૭ ચ્ઉરની વિશ્વની સૌથી મોટી સિંગલ-લોકેશન બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ કાર્યરત કરી;



અમદાવાદ: ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ એ સંચિત ૩.૩૭ ગીગાવોટ-અવર ની બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ કાર્યરત કરી છે. આ ચીન સિવાયની વિશ્વની સૌથી મોટી સિંગલ-લોકેશન બેટરી સ્ટોરેજ છે અને વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી અમલમાં મૂકાયેલી સિસ્ટમ્સમાંની એક છે.

આ ડિપ્લોયમેન્ટમાં માર્ચ ૨૦૨૬માં કાર્યરત કરાયેલી ૧.૩૭ GWhક્ષમતાનો પણ સમાવેશ થાય છે, જેનાથી ગુજરાતના ખાવડા ખાતે AGEL ની કુલ ઓપરેશનલ BESS ક્ષમતા ૩.૩૭ GWhપર પહોંચી ગઈ છે. ઓન-સાઈટ બાંધકામ શરૂ થયાના માત્ર ૧૦ મહિનાની અંદર જ આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો હતો, જે વૈશ્વિક સ્તરે યુટિલિટી-સ્કેલ બેટરી સ્ટોરેજનો સૌથી ઝડપી કાર્યક્ષમતા દર્શાવે છે. આ સિસ્ટમ કાર્યરત થવાથી ગ્રીડની વિશ્વસનીયતા, પીક-અવર (વધુ વપરાશના સમયગાળા) દરમિયાન સપ્લાય અને રિન્યુએબલ એનર્જીને મોટા પાયે ચોવીસ કલાક અવિરત પાવર પહોંચાડવામાં મદદ મળશે.

AGEL નાણાકીય વર્ષ ૨૦૨૭ માં ૧૦ GWhથી વધુ બેટરી સ્ટોરેજ ક્ષમતા ઉમેરવા અને આગામી પાંચ વર્ષમાં તેને વધારીને ૫૦ ચ્ઉરકરવાનું યોજના ધરાવે છે. AGEL ની આ ૩.૩૭ GWh BESS એટલી સ્વચ્છ ઊર્જાનો સંગ્રહ કરી શકે છે કે જેનાથી આશરે ૧૦ લાખ ઘરોને આખો દિવસ વીજળી આપી શકાય. આ ક્ષમતા ઈન્દોર અને ચંદીગઢ જેવા શહેરો અથવા આખા ગોવા રાજ્યની પીક ઈલેક્ટ્રિસિટી ડિમાન્ડને સંતોષી શકે છે. આ ઉપરાંત, તે ૧.૨ કરોડ (૧૨ મિલિયન) થી વધુ ન્ઈઙ્ઘ બલ્બને સતત દસ કલાક સુધી પ્રકાશિત રાખી શકે છે. રિન્યુએબલ એનર્જી આધારિત ગ્રીડને સ્થિર રાખવા અને ચોવીસ કલાક ગ્રીન પાવર સપ્લાય કરવામાં બેટરી સ્ટોરેજ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. શ્રી સાગર અદાણી (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, છ્ર્ઈન) એ જણાવ્યું હતું કે: "ભારતના ક્લીન એનર્જી ટ્રાન્ઝિશનના આગામી તબક્કામાં મોટા પાયે એનર્જી સ્ટોરેજ નિર્ણાયક ભૂમિકા ભજવશે. જેમ-જેમ રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ઝડપથી વધી રહી છે, તેમ-તેમ ચોવીસ કલાક વિશ્વસનીય અને સ્વચ્છ પાવર પહોંચાડવા માટે સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અનિવાર્ય બની ગયું છે. ખાવડા ખાતે ૩.૩૭ GWh BESS કાર્યરત કરીને, AGEL સ્થિતિસ્થાપક, ડિસ્પેચેબલ (જરૂરિયાત મુજબ સપ્લાય કરી શકાય તેવી) અને ફ્લેક્સિબલ એનર્જી સિસ્ટમ્સનો પાયો મજબૂત કરી રહી છે. બેટરી સ્ટોરેજમાં અમારું રોકાણ વૈશ્વિક સ્તરે ભવિષ્ય માટે સજ્જ ક્લીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પ્રત્યેની અમારી લાંબાગાળાની પ્રતિબદ્ધતા દર્શાવે છે."

## રત્નકણિકા

**પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે.- મહાભારત**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ સુદ-૧૧ એકાદશીની વૃધ્ધિ છે તા.૨૬ મે ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૮, હસ્ત નક્ષત્ર, સિધ્ધિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.

**વૃષભ** – કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.

**મિથુન** – મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.

**કર્ક** – આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.

**સિંહ** – અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.

**કન્યા** – માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.

**તુલા** – સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.

**વૃશ્ચિક** – વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.

**ધન** – મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.

**મકર** – કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.

**કુંભ** – ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી આયોજન પાર પાડી શકશો.

**મીન** – મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

# અવસાન નોંધ

**અંજાર** : મૂળ લોહારિયાના કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) ત્રિવેણીબેન જીવરામભાઈ ચાવડા (ઉ.વ. ૭૨) તે જીવરામ માધવજીભાઈ ચાવડાના પત્ની, સ્વ. બચુબેન તથા સ્વ. માધવજીભાઈ વિશ્રામભાઈ ચાવડાના પુત્રવધૂ, જિતેન્દ્ર તથા સંજયના માતા, સ્વ. મણિબેન તથા સ્વ. વાઘજીભાઈ દેવશીભાઈ જેઠવાના પુત્રી, સ્વ. કાન્તાબેન દયારામ ચાવડાના દેરાણી, સ્વ. નયનાબેન દલપતભાઈ ચાવડા, ચેતનાબેન નરભેરામભાઈ ચાવડા, મનિષાબેન મનસુખભાઈ ચાવડા, કવિતાબેન કિશોરભાઈ ચાવડાના જેઠાણી, દમયંતીબેન હરિલાલભાઈ જેઠવા, મીનાબેન કાંતિલાલભાઈ ચૌહાણના ભાભી, નરોત્તમભાઈ વાઘજીભાઈ જેઠવા (અમદાવાદ), રમેશભાઈ વાઘજીભાઈ જેઠવાના બહેન, સ્વ. ચનુબેન નવીનભાઈ ચૌહાણ, ઉષાબેન ગિરધરભાઈ પરમાર, જયશ્રીબેન અશોકભાઈ, સ્વ. દક્ષાબેનના બહેન તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ ભવન અંજાર ખાતે ભાઈઓ તથા બહેનોની સાથે.

**ભુજ** : સમા કાદર ઈસ્માઈલ (ઉ.વ. ૪૮) તે મ. ઈસ્માઈલ અલીમામદના પુત્ર, સમા રમજુ અબુબકરના ભાઈ, ફિરોઝ, ઈમ્તિયાઝ, કરીમના પિતા, ફકીર હાસમ હુશેન, સદામ સમેજા, મુસ્તાક મુસાના મામા, સમા સલીમ, મોસીન, અસ્લમ, ઈમરાન, જાવેદ, ફિરોઝના કાકા, ભટ્ટી રમજુ ભચુ (ભુજપુર)ના જમાઈ, સમા અબ્દુલ સાલેમામદના પિતરાઈ ભાઈ, બાવા ફકીરમામદ ઈશા, રફીક બાવા, ઘાંચી સલીમના મામાઈ ભાઈ, પઠાણ અસગર જુસબ, મીંઢા અનવર જુમાના સસરા તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સવારે ૧૦થી ૧૧ કુંભાર જમાતખાના, ભીડગેટ, ભુજ ખાતે.

**ભુજ** : હાજિયાણી શકીનાબાઈ અબ્દુલ્લા બકાલી (ઢંઢવાળા) (ઉ.વ. ૬૬) તે હાજી અબ્દુલ્લા અલીમામદ બકાલીના પત્ની, અલીમોહમદ અબ્દુલ્લા સમા (સાહિલ લોજિસ્ટિક), મોહમદ હનીફ અબ્દુલ્લા સમા (એ ટુ ઝેડ ફૂડ), મુમતાજ બશીર અહેમદ સમા, ખેરૂનીશા મો. નશીરના માતા, હાજી બશીર અહેમદ હાજી બાલુઅલી સમા (અમન ઈન્ડસ્ટ્રીઝ), મોહમદ નશીર હાજી જુમા સમા (પી.જી.વી.સી.એલ.-એલ.આઈ.)ના સાસુ, મ. હુશેન અલીમામદ સુમરા, મ. સુલેમાન અલીમામદ સુમરા, મ. મામદ અલીમામદ સુમરા, ફાતમાબેન ફકીરમામદ ભટ્ટીના બહેન તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સવારે ૮.૩૦થી ૯.૩૦ બકાલી મસ્જિદ, પાટવાડી નાકા બહાર, ભુજ ખાતે.

**ભુજ**: ચાકી ઈકબાલ (ઉ.વ. ૪૭) તે મ. હાજી સુલેમાન દાઉદ બાનાણીના પુત્ર, મ. ઓસમાણ દાઉદના ભત્રીજા, નૂરમામદ, અબ્દુલ ગફાર, યુસુફ, મુસા, હમીદ, મહેમૂદના ભાઈ, હુશેન, રમજાનના કાકાઈ ભાઈ તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ ચાકી જમાતખાના, મહેંદી કોલોની, ભુજ ખાતે.

**નારાણપર-રાવરી (તા. ભુજ)** : જત આમદ ઈસ્માઈલ (ઉ.વ. ૭૦) તે જત અજિત આમદ, જત ધુલા આમદના પિતા, જત ફકીરમામદ ઈસ્માઈલ, જત અબદરેમાન ઈસ્માઈલ, જત હુશેન ઈસ્માઈલના ભાઈ, હુશેન કાસમ બુઢા (નારાણપર), ઉમર સલેમાન (નારાણપર), મામદહુશેન જુસબ (કુણાઠિયા), મામદહુશેન ઈસ્માઈલ (નારાણપર), અલીમામદ રમજુ (પલીવાડ)ના સસરા, જુનૈદ, આકિબ, રેહાનના દાદા તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૭-૫-૨૦૨૬ના સવારે ૧૦થી ૧૧ નારાણપર જમાતખાના ખાતે.

**મુંદરા** : ખત્રી શેરબાનુ ઝકરિયા વાઢા (ઉ.વ. ૭૪) તે આસિફ, અનિસ, અમીન, આસિફા સુલેમાન (ભુજ), બિલકીશ નૌશાદ (મુંદરા)ના માતા, અબ્દુલરહીમ, મકસુદ એહમદ, હવાબાઈ સલીમ, કુલસુમ ઓસમાણગનીના બહેન, કૌસર ફૈઝ (મુંદરા), મોઈન, ઉઝમા, મોહમ્મદ, ઈરમ, અહમદના દાદી તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૭-૫-૨૦૨૬ના બુધવારે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ ખરોત દરગાહ કમ્પાઉન્ડ, મુંદરા ખાતે.

**માંડવી** : મેમણ ફકીરમામદ હારૂન (ઉ.વ. ૭૫) (બટેટાવાળા) તે સૌકત (કરછી મેમણ જમાત માંડવી કારોબારી સભ્ય), શબ્બીર, અલ્તાફ, ફરીદ, અકબરના પિતા, અબ્દુલમજીદ કાસમ, ગફુર ઈસ્માઈલના સસરા તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઈશાલ-એ-સવાબ તા. ૨૬-૫-૨૦૨૬ના મંગળવારે બપોરે ૩થી ૪ ખ્રમે-એ-કુંઆન શરીફ, સાંજે ૪થી ૫ વાયેઝ-જિયારત મેમણ જમાતખાના, મચ્છીપીઠ, માંડવી ખાતે.

**કોટડા (જડોદર) (તા. નખત્રાણા)** : વિનોદ સામજી પદમાણી (ભગત) (ઉ.વ.૬૫) તે ભગવતીબેનના પતિ, રાજુભાઈ, ભારતી, ગીતાના પિતા, રમણીકભાઈ ભગતના ભાઈ તા. ૨૫-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૭-૫-૨૦૨૬ના સવારે ૮થી ૧૧ અને સાંજે ૩થી ૫ રમણીક ભગતના નિવાસસ્થાન કોટડા (જ.) ખાતે.

# મુન્દ્રાના તા.પં., જિ.પં. કે અન્ય હોદ્દેદારોને ફોન ન ઉપાડવાનું ફોબીયો

મુન્દ્રા - કચ્છ ઉદય : મુન્દ્રા તાલુકામાં પ્રમુખ હોય કે ઉપપ્રમુખ, કા.રો. કે અન્ય હોદ્દેદારો પછી ભાજપના હોય કે કોંગ્રેસના પ્રજા કામ માટે ફોન કરે પણ મહાશય કે કેસેટ સેટ કરી અંગ્રેજી રાખી દે છે તો કેટલાક તો એવા છે કે ફોનની ગંટડી વાગે તો માની બેસે કે પૈસા માંગવા વાળો જ હશે. જેથી ફોન નથી ઉપાડતા. જિ.પં., તા.પં., સરપંચો અરજદારોને તકલીફ થાય છે એવું તો જરૂરી નથી હોતું કે પૈસા માંગવાવાળા જ હશે. અરજદાર છે. કામ સિવાય શા માટે ફોન કરે ? કામ હોય તો જ ફોન કરે હવે જ્યારે તા.પં., જિ.પં., ન.પા. ના હોદ્દેદારોની નિમણૂક થઈ ગઈ છે તો મહેરબાની કરી લોકોના કામો માટે ફોન ઉપાડવો જરૂરી છે. દૂર દૂર ગામોથી ફોન કરી પુછે કે હોદ્દેદારો હોય તો તા.પં., ન.પા. જઈએ પણ હોદ્દેદારોને પૈસા માંગવાવાળાની ભીતિ હોય તેમ ફોન ડાયવર્ટ કે કેસટ વગાડી નાખે છે. આમ, જ જો ચાલશે તો અરજદારોના કામ કઈ રીતે થશે. માંગવાવાળા હોય તો પણ જવાબ આપવો જરૂરી છે. માટે મહેરબાની કરી પ્રજાના ફોન ઉપાડજો.

## કચ્છ કચ્છનોંધ

**મહારાવ પ્રાગમલજી ત્રીજાની પુણ્યતિથિ ઉજવાશે**

● કચ્છના મહારાવ સ્વ. પ્રાગમલજી ત્રીજાની તા. ૨૮-૫ના રોજ પુણ્યતિથિ હોતા ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવાશે.

**અનંતભાઈ દવેની જન્મ જયંતી ઉજવાશે**

● કચ્છના રાજ સભાના માજી સાંસદ સ્વ. અનંતભાઈ દવેની તા. ૨૭-૫ના જન્મ જયંતી હોતા સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરાશે.

**મહિપતભાઈ મહેતાની પુણ્યતિથિ ઉજવાશે**

● કચ્છના માજી સાંસદ મહિપતરાયભાઈ મહેતાની તા. ૨૭-૫ના પુણ્યતિથિ હોતા સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરાશે.

**પંડિત જવાલાલ નહેરૂની પુણ્યતિથિ ઉજવાશે**

● પંડિત જવાહરલાલ નહેરૂની તા. ૨૭-૫ના પુણ્યતિથિએ વિવિધ સેવા કાર્યો સાથે શ્રદ્ધાંજલિ સવારે ટાઉનહોલ પાસે આવેલી પ્રતિમાને વંદના કરાશે.

**વીર સાવરકરની જન્મ જયંતિ ઉજવાશે**

● વીર સાવરકરની રાજેન્દ્ર બાગ પાસે આવેલી પ્રતિમા પાસે તા. ૨૮-૫ના સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા સવારે વંદના કરાશે.

**નાગર જ્ઞાતિના બોર્ડના વિદ્યાર્થીઓનું સન્માન**

● ભુજ હાટકેશ સેવા મંડળ અને અંબિકા મહિલા મંડળ દ્વારા ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૬માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં એ૧ ગ્રેડમાં ઉતીર્ણ થનાર કચ્છના નાગર, નાગર બ્રાહ્મણ અને વિસનગરા નાગર જ્ઞાતિના છાત્રોનું વિશેષ બહુમાન 'નાગર ગૌરવ ચિન્હ' આપવાનો કાર્યક્રમ નાગર જ્ઞાતિના અગ્રણી અને શુભચિંતકો દ્વારા તારીખ ૨૭/૫ના સાંજે ૬:૩૦ કલાકે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહનું વિશેષ બહુમાન કરવામાં આવશે. સૌએ ઉપસ્થિત રહેવા જયશ્રીબેન હાથી અને વત્સલાબેન શુક્લએ જણાવ્યું હતું. આ સન્માન કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીને પારિતોષિક, શીલ્ડ,મોમેન્ટ, ગીતાજીનું પુસ્તક આપીને મહાનુભાવોના હસ્તે સન્માન કરાશે.

**જય શ્રી કૃષ્ણ ગ્રુપ- અંજાર**

● અંજાર મધ્યે પ્રભાત ફેરી "જય શ્રી કૃષ્ણ" ગ્રુપ દ્વારા તારીખ : ૨૭/૫/૨૦૨૬ બુધવાર અધિકમાસ (પુરસોત્તમ) માસની સુદ અગિયારસના રોજ (પદ્મિની,કમલાએકાદશી) સવારે ૫:૪૫ વાગ્યે પ્રભાત ફેરી અંજાર મધ્યે દરિયાસ્થાન મંદિરથી પ્રસ્થાન કરશે. તો સર્વે સનાતન ધર્મ પ્રેમી ભાઈઓ તથા બહેનોને નીમંત્રણ.

# કચ્છના ૨૧ મહેસૂલી તલાટીઓની જિલ્લાફેર બદલી કરાતાં વતનની વાટે રવાના

**વિવિધ તાલુકા મથકોએથી મોટાભાગના કર્મચારીઓની વાવ-થરાદ ખાતે બદલી થતાં વહીવટી કામકાજ પર અસર પડવાની સંભાવના : કચ્છમાં તલાટીઓની ઘટ નિવારવા સરકાર દ્વારા કયારે કરાશે ભરતી ?**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓની જિલ્લાફેર બદલીઓનો સિલસિલો યથાવત રહ્યો છે, જેના ભાગરૂપે કલેક્ટર કચેરી દ્વારા એક સત્તાવાર આદેશ જાહેર કરીને જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ કાર્યરત ૨૧ જેટલા મહેસૂલી તલાટીઓની બદલી મંજૂર કરવામાં આવી છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના વિવિધ ઠરાવો અને દિશા-નિર્દેશોને આધીન રહીને આ તમામ કર્મચારીઓને મુક્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ આદેશ અનુસાર બદલી પામેલા કર્મચારીઓને તાત્કાલિક અસરથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને નિયત સમયમર્યાદામાં પોતાની નવી ફરજ પર હાજર થવા સૂચના આપી દેવામાં આવી છે. લાંબા સમયથી પોતાના વતન અથવા સાનુકૂળ જિલ્લામાં જવા ઈચ્છતા આ કર્મચારીઓ માટે આ નિર્ણય રાહતરૂપ સાબિત થયો છે અને તેઓ વતનની વાટે રવાના થયા છે.

આ સત્તાવાર યાદી પર નજર કરીએ તો બદલી પામેલા મોટાભાગના મહેસૂલી તલાટીઓની બદલી વાવ-થરાદ સરહદી વિસ્તારના જિલ્લાઓમાં કરવામાં આવી છે, જ્યારે અમુક કર્મચારીઓને રાધનપુર અને પાટણ ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભુજ, ગાંધીધામ, અંજાર, મુંદ્રા, નખત્રાણા અને માંડવી સહિતના તાલુકાઓમાં ફરજ બજાવતા આ કર્મચારીઓ એકસાથે બદલી પામીને જતા રહેવાના કારણે સ્થાનિક કચેરીઓના વહીવટી કામકાજ પર વ્યાપક અસર પડવાની પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે. મહેસૂલ વિભાગની કામગીરી સીધી રીતે સામાન્ય જનતા સાથે જોડાયેલી હોવાથી આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓની વિદાય બાદ અરજદારોના પડતર કામોના ભારણમાં વધારો થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છ જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય અને મહેસૂલ સહિતના મહત્વના વિભાગોમાં બહારના જિલ્લામાંથી સરકારી સેવાઓમાં જોડાતા કર્મચારીઓ થોડા વર્ષોની ફરજ બાદ પોતાના વતનમાં જિલ્લાફેર બદલી કરાવીને ચાલ્યા જતા હોવાના કિસ્સા અગાઉ પણ અનેકવાર સામે આવી ચૂક્યા છે. આ પ્રકારની પરિસ્થિતિના કાયમી નિવારણ માટે અને કચ્છના વહીવટી માળખાને મજબૂત રાખવા સ્થાનિક સ્તરે એવી પ્રબળ લોકમાંગ છે કે કચ્છના ભૌગોલિક અને અંતરિયાળ વિસ્તારોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારી ભરતીઓમાં ખાસ કિસ્સા અંતર્ગત કચ્છના જ સ્થાનિક શિક્ષિત યુવાનોને પ્રાથમિકતા આપવામાં આવે, જેથી જિલ્લાફેર બદલીઓની આ સમસ્યાનો કાયમી અંત લાવી શકાય અને સ્થાનિક રોજગારીની તકોમાં પણ વધારો થઈ શકે.

**બદલી પામેલા કર્મચારીઓની નામાવલી**

| કર્મચારીનું નામ | હાલનું સ્થળ | બદલીનું સ્થળ |
|---|---|---|
| પુષ્પાબેન રઘજી ચૌધરી | ગાંધીધામ | વાવ-થરાદ |
| હિના લાલજી ચૌધરી | ગાંધીધામ | વાવ-થરાદ |
| મંજુલાબેન મફતલાલ ચૌધરી | રાપર | વાવ-થરાદ |
| ભરતકુમાર ખેંગારજી માળી | ભચાઉ | વાવ-થરાદ |
| કાશીરામ અમીરામ પંડ્યા | ભચાઉ | વાવ-થરાદ |
| ભરતભાઈ ખાનાભાઈ ચૌધરી | માંડવી | વાવ-થરાદ |
| પ્રવીણસિંહ અનોપસિંહ ચૌહાણ | માંડવી | વાવ-થરાદ |
| આનંદકુમાર ચીનુભાઈ ત્રિવેદી | માંડવી | વાવ-થરાદ |
| દિનેશકુમાર જીવણભાઈ ચૌધરી | માંડવી | વાવ-થરાદ |
| હિતેશકુમાર કપુરભાઈ કાછુઆ | નખત્રાણા | વાવ-થરાદ |
| દિનેશકુમાર માનાજી માળી | નખત્રાણા | વાવ-થરાદ |
| વિપુલકુમાર અણદાભાઈ ચૌધરી | નખત્રાણા | વાવ-થરાદ |
| રાજુભાઈ દાનાજી ગેલોત | ભુજ | વાવ-થરાદ |
| રાઈબેન માનસંગભાઈ ચૌધરી | માંડવી | વાવ-થરાદ |
| નીતાબેન ભલાભાઈ રબારી | ગાંધીધામ | વાવ-થરાદ |
| પ્રવીણકુમાર બદાજી પરમાર | મુંદરા | વાવ-થરાદ |
| આસીફભાઈ રહિમભાઈ ઘાંચી | મુંદરા | વાવ-થરાદ |
| ગૌરવકુમાર દલપતભાઈ પરીખ | મુંદરા | વાવ-થરાદ |
| નરેશકુમાર સવાભાઈ ચૌધરી | મુંદરા | વાવ-થરાદ |
| યોગેશ મહાદેવભાઈ ખાંદલા | ભચાઉ | સુરેન્દ્રનગર |
| અમીતાબેન ભગવાનભાઈ દેસાઈ | ભચાઉ | પાટણ |

# ગઢશીશા સમીપે વરજડી ગામે દેવલમા મંદિરે ભાગવત કથાનો પ્રારંભ

**વરજડી લક્ષ્મીનારાયણ મંદિરેથી નીકળેલી ભવ્ય પોથીયાત્રા : વરજડી પાટીદાર સમાજ દ્વારા ભાગવતકાર પ.પૂ. નાનાલાલ રાજ્યગુરૂનું કરાયું ભવ્ય સામૈયું: પોથી પૂજન બાદ કરાયા મંગલા ચરણ: ગામેગામના ભાવિકોએ આપી હાજરી**





ગઢશીશા- કચ્છ ઉદય : અધિકમાસમાં ધાર્મિક કાર્યોથી મળતા પુણ્યનું ભાથુ બાંધવા કચ્છમાં ઠેર-ઠેર ધાર્મિક કાર્યક્રમો સાથે ભગવતી ભાગીરથ ભાગવત કથાના આયોજનો કરાઈ રહ્યા છે. ગઢશીશા સમીપેના વરજડી ગામે આવેલ દેવલમા મંદિરે વરજડીના માતૃશ્રી મણીબેન કરમશી પચાણ માવાણી પરિવારના મુખ્ય યજમાન પદે શાસ્ત્રી કૌશિક મરાજના આચાર્ય પદે અને મઉવાવાળા ભાગવતકાર પ.પૂ. નાનાલાલભાઈ રાજ્યગુરુની વ્યાસગાદીએ આજથી શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ કરાયો છે. સહયોગી યજમાનો મણીલાલ કેસરા માવાણી, ઈશ્વરલાલ શામજી ભીમાણી, ભવાનજી લાલજી માવાણી, જેન્તીલાલ માવજી ભગત, પ્રફુલભાઈ લખમશીભાઈ હરપાણી રહ્યા છે. વરજડી પાટીદાર સમાજ, વરજડી મહિલા મંડળ અને યુવક મંડળનો સુંદર સેવાકીય સહયોગ રહ્યો છે. કથાનો સમય સવારે ૮:૩૦ થી બપોરે ૧૨:૩૦ નો રખાયો છે. લક્ષ્મીનારાયણ મંદિરેથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી.

# આણંદ આશ્રમના ૮ માનસિક દિવ્યાંગોને ભુજથી તેમનું ઘર શોધી આપી પરિવાર સાથે મિલન કરાવાશે



ભુજ - કચ્છઉદય : માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ આણંદનાં ૮ માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનો ભુજથી પોતાનાં ઘર સુધી પહોંચશે. માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોને સેવાશ્રમ સ્થળે લાવી તેમનું રાજ્ય, શહેર, ગામ, પરિવાર શોધી આપી વર્ષો પછી પરિવાર સાથે ફેર મિલન કરાવવાનું કાર્ય કરવામાં આવે છે.

માનવજ્યોતના પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ સંસ્થાનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા આણંદ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે ૮ માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનોને ભુજ સાથે તેડી આવ્યા હતા.

જેમને રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે આશ્રય આપવામાં આવ્યો છે. આઠ પૈકી માત્ર ૪ દિવસમાં એક માનસિક દિવ્યાંગ ભાઇનું ઘર, પરિવાર શોધી કઢાયા છે. હિમાચલપ્રદેશનો આ માનસિક દિવ્યાંગ બાવીસ વર્ષ પછી પોતાનાં ઘર સુધી પહોંચશે. પરિવારજનો તેને તેડવા ભુજ સુધી આવી પહોંચશે. ગુજરાતની ૯ સંસ્થાઓનાં ૩૫૦ થી વધુ માનસિક દિવ્યાંગોને માનવજ્યોત સંસ્થાએ ભુજ લઇ આવી તેમને તેમના ઘર સુધી પહોંચાડી દીધા છે.

# બન્ની વિસ્તારમાં પાણીની અછત દૂર કરવા ગ્રામજનોએ કરી રજૂઆત



ભુજ - કચ્છઉદય : તાલુકાના ભીરંડિયારાથી મોટી દદ્ધર, સાધારા ગામમાં લાંબા સમયથી ચાલતી પાણીની સમસ્યાને લઈને ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક નિરાકરણ લાવવા માંગ કરી છે. ભુજ તાલુકા ભાજપ લઘુમતિ મોરચાના કારોબારી સભ્ય મુસા જુણસ નોડેની આગેવાનીમાં ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, ભીરંડિયારા, મોટી દદ્ધર અને સાંયરા ગામ સુધી નવી પાણીની અલગ લાઈન નાખવાની જરૂરિયાત છે. હાલ ગામમાં પાણીની ભારે અછત હોવાથી લોકો અને પશુઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પરિસ્થિતિ વધુ વિકટ બની છે. મોટી દદ્ધર અને સાંધારા તેમજ વાંઢોમાં અંદાજે ૪૦૦૦ થી ૪૫૦૦ જેટલા પશુધન સાથે માનવ વસતી રહે છે. મોટી દદ્ધરમાં ૧૨૦૦ થી ૧૫૦૦ અને સાધારામાં ૮૦૦થી ૧૦૦૦ જેટલી વસ્તી વસવાટ કરે છે. છતાં પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે ગ્રામજનો પરેશાન બની રહ્યા છે. ગ્રામજનોએ માંગ કરી છે કે, ભીરંડિયારાથી મોટી દ્ધર ગામે પાણીનો સંપ બનાવી અલગ નવી પાણીની લાઈન નાખવામાં આવે તેવી માંગ કરી છે. રજૂઆત પર ગામના આગેવાનો અને ગ્રામજનોએ સહીઓ કરી તંત્રને વહેલી તકે યોગ્ય પગલાં લેવા અપીલ કરી છે.

# કચ્છમાં ધૂળની ડમરીઓ ઊડી : તાપમાન ઘટવા છતાં અસહ્ય બફારાથી જનજીવન આકુળવ્યાકુળ

ભુજ - કચ્છઉદય : કચ્છ સરહદી જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ સુધી ગરમ અને ભેજયુક્ત પવનો ફૂંકાવાની કરવામાં આવેલી આગાહી વચ્ચે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તીવ્ર વેગ સાથે પવન ફૂંકાવવાનું શરૂ થયું હતું. આ તેજ ગતિના વાયરાના કારણે માર્ગો પર ધૂળની ડમરીઓ ઊડતી જોવા મળી હતી, જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વાતાવરણમાં એકાએક આવેલા આ બદલાવ અને ગરમ તેમજ ભેજવાળા પવનોના મિશ્રણને કારણે સમગ્ર પંથકમાં ભારે ઉકળાટ અને અકળામણનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. આશ્ચર્યજનક રીતે મહત્તમ તાપમાનના પારામાં એકથી દોઢ ડિગ્રી જેટલો સાધારણ ઘટાડો નોંધાયો હોવા છતાં, હવામાં રહેલા અતિશય ભેજના પ્રમાણને લીધે નાગરિકો અસહ્ય બફારાથી ત્રાસી ગયા હતા અને પરસેવે રેબઝેબ બન્યા હતા.

જિલ્લાના પ્રમુખ શહેરોના તાપમાનના આંકડા પર નજર કરીએ તો, અંજાર અને ગાંધીધામ સંકુલમાં મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાયું હતું, જ્યારે જિલ્લા મથક ભુજમાં ૩૭.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. આ ઉપરાંત ઔદ્યોગિક નગરી કંડલા પોર્ટમાં ૩૬ ડિગ્રી અને સરહદી વિસ્તાર નલિયામાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન અંકિત થયું હતું. આ તમામ વિસ્તારોમાં લઘુતમ તાપમાનનો પારો ૨૭થી ૨૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે સ્થિર રહ્યો હતો, જેના કારણે રાત્રિના સમયે પણ લોકોને ગરમીથી કોઈ ખાસ રાહત મળી ન હતી.

દિવસ દરમિયાન સરેરાશ ૧૧થી ૧૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનોએ સૂર્યના આકરા તાપની તીવ્રતામાં થોડો ઘટાડો જરૂર કર્યો હતો, પરંતુ આ પવન પોતાની સાથે ભેજ લઈને આવતો હોવાથી વાતાવરણમાં ઉકળાટની અનુભૂતિ વ્યાપક પ્રમાણમાં વધી ગઈ હતી. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં વાતાવરણમાં કોઈ મોટા પલટા કે પશ્ચિમી વિક્ષેપની શક્યતાઓ નહિવત છે.

પરિણામે, આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે ગરમ અને ભેજવાળા પવનોનું જોર યથાવત રહેશે, જેને કારણે નાગરિકોએ હજુ પણ આવી જ અસહ્ય અકળામણ અને બફારાનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

# ગાંધીધામની ખન્ના માર્કેટમાં સ્વચ્છતા નિયમોના ભંગ બદલ બે વેપારીઓને ૧૦,૦૦૦નો દંડ







ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ મહાનગરપાલિકાએ ખન્ના માર્કેટ વિસ્તારમાં ગટર લાઈન વારંવાર ચોકઅપ થવાની ફરિયાદોને ગંભીરતાથી લઈ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, કેટલીક નોનવેજ દુકાનોમાંથી નીકળતો કચરો જાળી વગર સીધો ગટરમાં છોડવામાં આવતો હતો, જેના કારણે ગટર વ્યવસ્થા ખોરવાઈ રહી હતી અને જાહેર આરોગ્ય તેમજ સ્વચ્છતા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ રહી હતી.

આ મામલે મહાનગરપાલિકાએ કેજીએન ફિશ સેન્ટર અને લબેક ચિકન સેન્ટર સામે દંડાત્મક કાર્યવાહી કરી બંને દુકાનદારોને રૂપિયા ૫૦૦૦ મુજબ કુલ રૂપિયા ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

મહા નગરપાલિકાએ વેપારીઓને સ્વચ્છતા જાળવવા, ગટરમાં કચરો ન છોડવા અને નિયમોનું પાલન કરવા સૂચના આપી છે.

આ કાર્યવાહી કમિશનર બી.ડી. દવેરાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# સરહદી ગોરેવાલી ગામે એસપી વિકાસ સુંડાનું કચ્છી પાઘડીથી સન્માન

**બાળકો સાથે ક્રિકેટ મેદાનમાં પહોંચતા એસ.પી.ની સાદગીથી ગ્રામજનો પ્રભાવિત**




ભુજ - કચ્છઉદય : તાલુકાના સરહદી ગોરેવાલી ગામની પશ્ચિમ કચ્છના એસ.પી. વિકાસ સુંડાએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રણ કાંધી રિસોર્ટના વીરાભાઈ આલા મારવાડા દ્વારા કચ્છી પાઘડી પહેરાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે ગામના પૂર્વ સરપંચ મામદ હાજી ભચાયા, ઉપસરપંચ અમીર અલી મુતવાએ કચ્છી ગોદડી અર્પણ કરી સન્માન કર્યું હતું. મુલાકાત દરમિયાન ગામની પરિસ્થિતિ, વિકાસ તેમજ સરહદી વિસ્તારની સ્થિતિ અંગે ગ્રામજનો પાસેથી માહિતી મેળવી હતી. સરહદના છેવાડે આવેલ ગામ હોવાને કારણે સુરક્ષા અને લોકોની જરૂરિયાતો અંગે પણ તેમણે રસપૂર્વક ચર્ચા કરી હતી.

આ દરમિયાન ગામના નાના બાળકો ક્રિકેટ રમતા નજરે પડતા એસ.પી. વિકાસ સુંડા મેદાન પર પહોંચી ગયા હતા અને બાળકો સાથે હળવી વાતચીત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. પોલીસ અધિકારીની આ સાદગી અને મિત્રતાભર્યા સ્વભાવથી ગામલોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી. આ અવસરે ધોરડો પોલીસ સ્ટેશનના મહિલા પીઆઈ ટી.ડી. ચુડાસમા પણ હાજર રહ્યા હતા. એસ.પી.એ જણાવ્યું હતું કે, "પોલીસ હંમેશા પ્રજાનો મિત્ર રહી છે અને આગળ પણ રહેશે." આ કાર્યક્રમ દરમિયાન ગામજનો ઉપસ્થિત રહ્યા હતા તેવું ઉમેશ આચાર્યએ જણાવ્યું હતું.

# જાયન્ટ્સ ગ્રુપ ભુજ દ્વારા નવનિયુક્ત કલેકટરને આવકાર અપાયો

ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ભુજ દ્વારા તાજેતરમાં કચ્છની ધીંગી ધરા પર નવનિયુક્ત થયેલા કલેકટરને આવકાર આપી શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. કલેક્ટરને જાયન્ટ્સની સેવાકીય પ્રવૃતિઓઓની માહિતી આપવામાં આવી હતી અને એનજીઓ દ્વારા કોઈ પણ સેવા પ્રવૃતિમાં તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપવામાં આવી હતચી. કલેક્ટરે ગ્રુપની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. આ પ્રસંગે ગ્રુપ પ્રમુખ અભિલાષ મહેતા, મંત્રી બિપીનભાઈ ઠક્કર, ખજાનચી હરિલાલ યાદવ, ફેડરેશન અધિકારીઓ વિનોદભાઈ ચૌહાણ, અરૂણકુમાર જોષી, સ્પેશિયલ કમિટી મેમ્બર શાંતિલાલ પટેલ, ભૂતપૂર્વ સેન્ટ્રલ કમિટી મેમ્બર નિષદ મહેતા, બીઓડી સભ્ય ભુપેન્દ્રભાઈ મહેતા અને વિનોદભાઈ ગોર હાજર રહ્યા હતા.

# ભુજમાં વસંતકુંવરબા સાવજીસિંહજી જાડેજાનું દુ:ખદ અવસાન, સમાજમાં શોક



ભુજ : મૂળ અબડાસા તાલુકાના વીંજાણ ગામના વતની અને હાલ ભુજ ખાતે નિવાસ કરતા સ્વ. વસંતકુંવરબા સાવજસિંહજી જાડેજાનું ૭૪ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થતાં તેમના બહોળા પરિવાર, સગા-સ્નેહીઓ અને પરિચિતોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

સદગત સ્વ. વસંતકુંવરબા એ સ્વ. સાવજીસિંહજી વખતસિંહજી જાડેજાના ધર્મપત્ની હતા. તેઓ વીરભદ્રસિંહજી જાડેજા અને શિવભદ્રસિંહજી જાડેજાના માતા હતા. આ ઉપરાંત કુટુંબમાં તેઓ કિશોરસિંહજી વખતસિંહજી જાડેજા અને સજ્જનસિંહજી વખતસિંહજી જાડેજાના ભાભી હતા. પરિવારની નવી પેઢીમાં તેઓ હરદીપસિંહજી, ધર્મદીપસિંહજી તથા મહિપાલસિંહજીના દાદીમા થતા હતા. અંતિમ યાત્રા ગત રવિવાર, તારીખ ૨૪ના તેમના નિવાસસ્થાન (આશાપુરા નગર, હ્યુન્ડાઈ શોરૂમની પાછળ, ભુજ-મિરઝાપર હાઈવે, ભુજ-કચ્છ) થી નીકળી હતી. તેમની સ્મશાન યાત્રામાં સગા-સંબંધીઓ અને સ્નેહીજનો જોડાઈને મિરઝાપર સ્મશાનગૃહે અંતિમ વિદાય આપી હતી તેમની અણધારી વિદાયથી સમગ્ર કુટુંબ ગમગીન બન્યું છે. તેમના નિધનથી નીચે મુજબના પરિવારોમાં ભારે આઘાત અને શોકનું મોજું ફરી વળ્યું છે.ઈશ્વર સદગતના દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે અને પરમ શાંતિ અર્પે તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે.

# ભુજના ચકચારી હુમલાના કેસમાં પિતા અને બે પુત્રોને બે વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : શહેરના ગાંધીનગરી વિસ્તારમાં આશરે આઠ વર્ષ પૂર્વે થયેલી મારામારી અને અસ્થિભંગની ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં ભુજની અધિક કોર્ટે ચુકાદો આપ્યો છે. અદાલતે ગુનામાં સંડોવાયેલા આરોપી પિતા અને તેમના બે પુત્રોને બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, તેમજ ફરિયાદીને થયેલી શારીરિક અને આર્થિક નુકસાનીના વળતર પેટે સંયુક્ત રીતે રૂપિયા ૩૦ હજાર ચૂકવવાનો આદેશ કર્યો છે.

આ ચકચારી કેસની વિગત અનુસાર, ગત તારીખ ૭ જૂન ૨૦૧૮ના રોજ ભુજના ગાંધીનગરી વિસ્તારમાં રહેતા ફરિયાદી મનીષભાઈ લુમ તિવારી પર તેમની પડોશમાં જ રહેતા કાસમ જુમા જત અને તેના બે પુત્રો ઓસમાણ ગની તથા અબ્દુલ મજીદે હુમલો કર્યો હતો. આરોપીઓએ ફરિયાદી સાથે અશોભનીય વર્તન કરી ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયેલા આરોપીઓએ લાકડીના ધોકા, પાવડાના હાથા અને ત્રિકમ જેવા ઘાતક હથિયારો વડે હુમલો કરતા ફરિયાદી મનીષભાઈને હાથના ભાગે ગંભીર અસ્થિભંગ (ફ્રેક્ચર) સહિતની ઈજાઓ પહોંચી હતી. આ હિંસક બનાવ અંગે ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.


આ કેસ ભુજના અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કે. સી. જોશીની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. જેમાં મદદનીશ સરકારી વકીલ આર. આર. પ્રજાપતિએ ફરિયાદી પક્ષે હાજર રહીને ધારદાર દલીલો અને સચોટ પુરાવા રજૂ કર્યા હતા. અદાલતે ઉપલબ્ધ પુરાવા અને બંને પક્ષોની દલીલોને ગ્રાહ્ય રાખીને ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો સાબિત થયેલો જાહેર કર્યો હતો. પરિણામે, ન્યાયાધીશે ત્રણેય આરોપીઓને બે-બે વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને વળતર પેટે રૂ. ૩૦,૦૦૦ ચૂકવવાનો હુકમ કર્યો છે.

# જ્વાહરનગરની ખેતીની જમીનના વેચાણ-દસ્તાવેજોની નોંધ નામંજૂર

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના જ્વાહરનગર ગામે રેવેન્યુ સર્વે નં.૩૨ વાળી ખેતીની જમીનમાં વાંધેદાર મરીયાબાઈ નુરમામદ કટીયાની વારસાઈ હક્ક છુપાવી તેના પરિવાર દ્વારા વારસાઈ નોંધ નાખવામાં આવી હતી ત્યારબાદ હક્ક કમીની નોંધ પાડીને આ ખેતીની જમીન કાસમ ખમીશા કટીયા, રમજાન ખમીશા કટીયા, આદમ ખમીશા કટીયા, ગનીમામદ ખમીશા કટીયા, ઈબ્રાહીમ ખમીશા કટીયા, સલીમ ખમીશા કટીયાના નામે આવેલું છે. વાંધેદાર મરીયાબાઈનું ખેતીની જમીનમાં વારસાઈ ભાગ છુપાવીને ૧.૨૧ હેક્ટર જમીનનું વેચાણ હાજી સુલેમાન કટીયા અને હશન સુલેમાન કટીયાને કરવામાં આવ્યું હતું. જેની સામે ભુજ ગ્રામ્ય મામલતદાર કચેરીમાં લેખિત વાંધો રજૂ કરાયો હતો. આ કેસ પ્રાંત અધિકારીની કચેરીમાં ગયો હતો. વાંધેદારની વાંધા અરજી ગ્રાહય રાખીને દસ્તાવેજ વેચાણની નોંધ નામંજૂર કરાઈ હતી. આ કેસમાં વાંધેદાર તરફે એડવોકેટ એ.એ.પઢિયાર હાજર રહ્યા હતા.




**જન્મદિન મુબારક**



તા.૨૬-૦૫-૨૦૨૬ના **ભવ્યા**ના શુભ જન્મ દિને 'કચ્છ ઉદય' પરિવાર તેમને ખૂબ ખૂબ હાર્દિક શુભકામના પાઠવે છે
પિતા : **જયેશભાઈ વાઘેલા**
માતા : **મમતાબેન વાઘેલા**
ગામ : **નખત્રાણા**

**ડીપી વર્લ્ડ મુંદ્રા 2035 સુધીમાં ભારત માટે 9.2 અબજ ડોલરની જીડીપી અસર ઉભી કરી શકે છે**

ઓકસફોર્ડ ઈકોનોમિકસના નવા રિસર્ચમાં 2024 દરમિયાન 128.9 મિલિયન ડોલરના જીડીપી યોગદાનને દર્શાવવામાં આવ્યું છે અને 2035 સુધીમાં 6.4 અબજ ડોલરની વધારાની નિકાસનું અનુમાન વ્યકત કરવામાં આવ્યું છે નવા સ્વતંત્ર સંશોધને દર્શાવ્યું છે કે મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ (એમઆઇસીટી) દેશભરમાં વેપારને ગતિ આપી રહ્યું છે, આર્થિક મૂલ્યનું સર્જન કરી રહ્યું છે અને આર્થિક તકોને મજબૂત બનાવી રહ્યું છે.

**ઈફકો - કંડલા**

**ઈન્ડીયન ફારમર્સ ફર્ટિલાઈજર કો-ઓપરેટીવ લિમિટેડ-કંડલા પ્લાન્ટમાં એપ્રેન્ટીસ એક્ટ 1961,હેઠળ સત્ર-2026-2027 માટે એપ્રેન્ટીસ જોઈએ છે.**

IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

**ITI Trades** : ફિટર,મશીનિસ્ટ, વેલ્ડર, ઈલેક્ટ્રીશિયન,એમ.એમ.સી.પી.,ઈન્સ્ટ્રુમેન્ટ મેકેનીક,રેફ્રીજરેશન & એ.સી.મેકેનીક,ડિઝલ મેકેનીક,ડ્રાફ્ટ્સમેન મેકેનિક,આઈ.એમ.સી.પી.,ઈલેક્ટ્રોનિક્સ મેકેનીક, કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ

**B.Sc. Trades** : અટેન્ડન્ટ ઓપરેટર અને લેબ આસિસ્ટન્ટ

**અરજી આપવાની પ્રક્રિયા:**
વિગતવાર નિયમો અને અરજીફોર્મ વેબસાઈટ https://Appskandla.iffco.coop/Apprentice પર ઉપલબ્ધ છે. રસ ધરાવતા અને લાયક ઉમેદવારો 01.06.2026 (સોમવાર) ના રોજ 12.00 Am પહેલા ઉપરોક્ત લિંક પર ઓનલાઈન અરજી કરી શકે છે.

**ગેરલાયકાત**
૧.અધુરી અરજી
૨.બધી માર્કશીટ/પ્રમાણપત્રો અપલોડ ન કરવા
૩.જે ઉમેદવારોએ પહેલાથી જ એપ્રેન્ટિસશીપ કરી લીધી છે
૪.નિયમો & શરતોમાંથી કોઈપણ વિચલન

ડેપ્યુટી જનરલ મેનેજર(કાર્મિક અને પ્રશાશન)
ઈફકો-કંડલા (કચ્છ),ગુજરાત-370201

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**આઉટડોર સિગ્નલીંગ ગીયર્સના સંબંધમાં વિવિધ આઉટસોર્સિંગની જોગવાઈ માટે દરખાસ્ત**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-આરજેટી-૨૬-૨૭-SnT-E-૦૮ તારીખઃ ૨૨-૦૫-૨૦૨૬**

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના ADSTE/ સુરેન્દ્રનગર સેક્શન માં વર્ષ ૨૦૨૬-૨૭ માં આઉટડોર સિગ્નલીંગ ગીયર્સના સમારકામ અને જાળવણી માટેના કામના સંબંધમાં આંશિક આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગના આઉટસોર્સિંગની જોગવાઈ માટે દરખાસ્ત. **ટેન્ડર પડતરઃ** ₹ ૧,૧૩,૭૨,૬૫૯.૨૪ (રૂપિયા એક કરોડ તેર લાખ બોંત્તેર હજાર છસો ઓગણસાંઈઠ અને ચોવીસ પૈસા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ ૨,૨૭,૫૦૦.૦૦ (રૂપિયા બે લાખ સત્યાવીસ હજાર પાંચ સો માત્ર) **ટેન્ડર ફોર્મ ફીઃ** પેરા-૩, GCC-જુલાઈ-૨૦૨૨ મુજબ ₹ ૦૦.૦૦ (શુન્ય) **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમયઃ તા.૧૫-૦૬-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાક સુધી. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. વેબસાઈટઃ www.ireps.gov.in RJT-034

અમને ફોલો કરોઃ 𝕏 x.com/WesternRly

**હાર્દિક અભિનંદન**





**સંતોકબા સ્વરૂપસિંહ જાડેજા**
પ્રમુખશ્રી, મુંદરા તાલુકા પંચાયત

**સ્વરૂપસિંહ નવુભા જાડેજા**
ગામ - મોટી તુંબડી, તા. મુંદરા (કચ્છ)

મુંદરા તાલુકા પંચાયતમાં આપશ્રીની પ્રમુખ પદે વરણી થઈ તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...
રાજકીય તથા સામાજિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ...

:: શુભેચ્છકો ::

- જાડેજા નવુભા દાદુભા (પિતા)
- જાડેજા અલુભા દાદુભા (કાકા)
- જાડેજા પથુભા દાદુભા (કાકા)
- જાડેજા ભરતસિંહ દાદુભા (કાકા)
- જાડેજા પીરદાનસિંહ દાદુભા (કાકા)
- જાડેજા અર્જુનસિંહ દાદુભા (કાકા)
- જાડેજા વિક્રમસિંહ નવુભા (ભાઈ)
- જાડેજા મયુરસિંહ નવુભા (ભાઈ)
- જાડેજા જુવાનસિંહ અલુભા (ભાઈ GP)
- જાડેજા મહેન્દ્રસિંહ પથુભા (ભાઈ)
- જાડેજા રાજેન્દ્રસિંહ પથુભા (ભાઈ)
- જાડેજા યુવરાજસિંહ પથુભા (ભાઈ)
- જાડેજા નરેન્દ્રસિંહ ભરતસિંહ (ભાઈ)
- જાડેજા સુરેન્દ્રસિંહ ભરતસિંહ (ભાઈ)
- જાડેજા યશરાજસિંહ પીરદાનસિંહ (ભાઈ)
- જાડેજા રાહુલસિંહ પીરદાનસિંહ (ભાઈ)
- જાડેજા કરણસિંહ અર્જુનસિંહ (ભાઈ)

તથા સમસ્ત જાડેજા પરિવાર (તુંબડી)

KUTCH UDAY NEWS PAPER

# નખત્રાણા તાલુકામાં ૩.૭૦ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત





નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધા મજબૂત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલી ગ્રાન્ટમાંથી રૂા. ૩.૭૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અબડાસા વિધાનસભાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ તથા ભાજપના આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

અરલ મોટી ખાતે ૧૭ લાખના ખર્ચે ચેકડેમનું રીપેરીંગ અને રેઈઝિંગ વર્ક, નાની અરલથી મોટી અરલ સુધી રૂા. ૧.૦૪ કરોડના ખર્ચે નવો રોડ, વાલકા નાનાથી વાલકા મોટા સુધી રૂા. ૨.૪૯ કરોડના ખર્ચે રોડનું નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું કે, નખત્રાણા તાલુકો હંમેશા ભાજપની પડખે રહ્યો છે. અમે પણ હંમેશા પ્રજાની પડખે છીએ. ક્યાંક અસંતોષના કારણે મત ન મળ્યા હોય છતાં અમે મોટું મન રાખી છેવાડાના વિસ્તારોમાં પણ સરકારની યોજનાઓનો લાભ પહોંચાડીએ છીએ. ઘડાણી ગામમાં ૨૫ વર્ષનું કોંગ્રેસનું શાસન ભાજપે તોડી જીત



**ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા પાર્ટીના કાર્યકરોના હસ્તે ખાતમુહૂર્ત કરાયું**

મેળવી છે. પ્રજાએ વિકાસને મત આપ્યો છે. જે ૨૫ વર્ષમાં નથી થયું તે હવે આ વિસ્તારમાં થશે. જાગ્યા ત્યાંથી સવાર. આગામી સમયમાં અધૂરા કામો પણ પૂર્ણ કરાશે. ધારાસભ્યે ખાતરી આપી કે તાલુકાના છેવાડાના ગામોમાં આરોગ્ય, શિક્ષણ અને માળખાકીય સુવિધાની કોઈ ઉણપ રહેવા દેવાશે નહીં. બધા પ્રત્યે સમદ્રષ્ટિ રાખી તાલુકાનો સર્વાંગી વિકાસ કરવાના સતત પ્રયાસો કરવામાં આવશે.

ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, મહામંત્રી હરિસિંહ રાઠોડ, રણજીતસિંહ સોઢા, અશ્વિનભાઈ સોની, જસાભાઈ આહીર, ભરતભાઈ વાઘેલા, પૂજાબેન વાઘેલા, જીતુભા જાડેજા, ગામના સરપંચો તથા વિભાજી જાડેજા, તુલસીભાઈ પટેલ, રાણાજી જાડેજા, ખીમાજી જાડેજા, ભીમજીભાઈ આહીર, મહેશસિંહ જાડેજા, પ્રવીણસિંહ જાડેજા, છગનભાઈ ગોરડીયા, નાનજીભાઈ ગોરડીયા, ચેતનસિંહ જાડેજા, રણછોડસિંહ જાડેજા, મનુભા જાડેજા, જયંતીભાઈ વાસાણી, બુધ્ધુભા જાડેજા, પ્રવિણસિંહ જાડેજા, રઘુભા જાડેજા, ગોવિંદસિંહ જાડેજા, નારણભાઈ પગી સોઢા, લાલજી જાડેજા, રૂપસંગ જાડેજા, છગનભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં અરલ ખાતે કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકાના ઘડાણી ખાતે થયેલા ખાતમુહૂર્ત પ્રસંગે પુનિતભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, માનસંગજી રાઠોડ, ભરતભાઈ વાઘેલા, પૂજાબેન વાઘેલા, બાબુભાઈ ચાવડા, ભીખુભા જાડેજા, રમેશ સુમાર, ભરતભાઈ કોલી, જીતેન્દ્ર પટેલ, દિનેશ પટેલ, મહિપતસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ જાડેજા, દિનેશ વાઘેલા, દિનેશ મહારાજ, નોઘણજી રાઠોડ, કલ્પેશ પટેલ, મૂળજી ભોપા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન તાલુકા ભાજપના મહામંત્રી હરિસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કચ્છના બન્નીં વિસ્તારનું સેટલમેન્ટ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત



ભુજ - કચ્છઉદય :ભુજ તાલુકાના ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત મહત્વ ધરાવતા બન્ની વિસ્તારનું સેટલમેન્ટ કરવા માટે સ્થાનિક પદાધિકારીઓ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે. કચ્છ ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખ ફકીરમામદ ઈસ્માઈલ રાયસી તેમજ ભિરડીયારા તાલુકા પંચાયત સીટના સદસ્ય કરમાબેન હીરા મારવાડા દ્વારા આ અંગે મુખ્યમંત્રી અને પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા, મહેસૂલ વિભાગના સચિવ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ તેમજ કચ્છ જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે, જેમાં વર્ષો જૂના આ જટિલ પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા માંગ કરાઈ છે. બન્ની વિસ્તારમાં આશરે ૧૯ જેટલી ગ્રામ પંચાયતો હેઠળ નાના-મોટા થઈને કુલ ૫૨ (૫૨) જેટલા ગામો આવેલા છે. આ સમગ્ર વિસ્તારમાં આશરે ૪૦,૦૦૦ જેટલી માનવ વસ્તી વસવાટ કરે છે અને સ્થાનિક લોકો પાસે આશરે ૧,૫૦,૦૦૦ જેટલું પશુધન ઉપલબ્ધ છે. પશુપાલન એ આ વિસ્તારના લોકોની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત છે. પરંતુ આ સમગ્ર વિસ્તાર બિન-સર્વેક્ષણ હેઠળ આવતો હોવાના કારણે સ્થાનિક રહીશોને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો પૂરતો લાભ મળી શકતો નથી. જેના લીધે સરહદી વિસ્તારના આ નાગરિકોને અનેક પ્રકારની વહીવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બન્ની વિસ્તારના લોકો દ્વારા પોતાના હક્ક અને સેટલમેન્ટ માટે વર્ષ ૧૯૮૭થી સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. જો આ વિસ્તારનું યોગ્ય સેટલમેન્ટ પ્રક્રિયા હાથ ધરીને મહેસુલી દરજ્જો નક્કી કરવામાં આવે, તો જ સ્થાનિક લોકોને તમામ સરકારી યોજનાઓનો સીધો લાભ મળી શકે તેમ છે. આથી, વર્ષ ૧૯૭૧ના ઉપલબ્ધ નકશા મુજબ બન્ની વિસ્તારનું મહેસુલી દરજ્જા પ્રમાણે સેટલમેન્ટ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# સુરેશભાઈ ઠક્કરનો આજે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકા વાગડ રઘુવંશીના પૂર્વ પ્રમુખ અને રઘુવંશી લોહાણા સમાજના અગ્રણી સુરેશભાઈ ખીમજીભાઈ ઠક્કરનો આજે જન્મદિવસ છે. ત્યારે તેમના જન્મદિવસે અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

# ફ્લોરા ફાઉન્ડેશન અને મુસ્કાન સંસ્થા દ્વારા મીરા રોડ ખાતે ગુરૂકુલ બોર્ડિંગ સ્કૂલની શરૂઆત કરાઈ



મુંબઈ - કચ્છઉદય : જૈન મુનિ જિન રત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી ફલોરા ફાઉન્ડેશન અને મુસ્કાન સંસ્થાના સંયુક્ત સહયોગથી સમગ્ર ભારતભરમાં ગુરૂકુલોના નિર્માણનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ અભિયાનની શરૂઆત મહારાષ્ટ્રના મીરા રોડ ખાતે થઈ, જ્યાં દાતાઓના સહયોગથી બે માળનું ગુરૂકુલ વિદ્યાલય (બોર્ડિંગ) સ્થાપિત કરવામાં આવ્યું છે. ગુરુકુલમાં લગભગ ૧૦૦ બાળકો માટે શિક્ષણ, ભોજન અને રહેવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.ગુરૂકુલ વિદ્યાલયનું ઉદ્ઘાટન મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ મંત્રી મંગલપ્રભાત લોઢા તથા સ્થાનિક ધારાસભ્ય નરેન્દ્ર મહેતા દ્વારા લોકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. સમારંભ દરમિયાન સંસ્થા દ્વારા જાહેરાત કરવામાં આવી કે, એક બાળકના વાર્ષિક પાલન - પોષણ અને શિક્ષણનો ખર્ચ રૂા. ૨,૦૭,૦૦૦ રહેશે. ઉપસ્થિત દાતાઓએ આગળ આવી પ્રથમ વર્ષનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવા માટે સહયોગ આપ્યો અને પોતાના ધનની સદુપયોગ કર્યો હતો. સંસ્થાનો હેતુ જ્યાં જ્યાં દેવાલય, ત્યાં ત્યાં ગુરુકુલ વિદ્યાલય અને ગૌશાળા, અનાથ અને જરૂરિયાતમંદ બાળકોને સંસ્કાર, માનવતા, દેશભક્તિ, સ્વરોજગાર (સ્કિલ ડેવલપમેન્ટ) અને સેલ્ફ ડિફેન્સનું તાલીમ પણ આપવામાં આવશે.ફ્લોરા ફાઉન્ડેશનના ચેરમેન ટ્રસ્ટી બાબુભાઈ ભવાનજી તથા મુસ્કાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ભરત નાગડા જૈન દ્વારા આપવામાં આવી હતી. પૂર્વ ડેપ્યુટી મેયર બાબુભાઈ ભવાનજીએ આગળ જણાવ્યું કે, હવે જૈન અને હિન્દુ સમાજે સંગઠિત થઈ સંકલ્પ લીધો છે કે જ્યાં દેવાલય ત્યાં ગુરૂકુલ વિદ્યાલય સ્થાપિત કરવામાં આવશે, જ્યાં સંસ્કાર, દેશભક્તિ, માનવ સેવા અને શાસ્ત્રોના પાઠ સાથે શસ્ત્રવિદ્યા, સ્વરોજગાર, સેલ્ફ ડિફેન્સની તાલીમ તથા ગૌશાળાનું નિર્માણ કરવામાં આવશે.

# રાયધણઝરમાં ખનિજ કૌભાંડ, લીઝની બહાર બેન્ટોનાઇટ ખનન કરી જથ્થો લિઝમાં સંગ્રહ કરાયો !




**એલસીબીએ દરોડો પાડી જેસીબી અને ૨ ડમ્પર કબ્જે કર્યા**



ભુજ : સરહદી જિલ્લામાં ગેરકાયદેસર ખનન કરીને સરકારી તિજોરીને ખુલ્લેઆમ ચૂનો ચોપડતા તત્ત્વો પર એલસીબીએ કાર્યવાહી કરી છે. અબડાસા તાલુકાના કોઠારા પોલીસ મથકની હદમાં આવતા રાયધણઝર ગામની સીમમાં ધમધમતા ગેરકાયદેસર બેન્ટોનાઈટના કૌભાંડ પર પોલીસે ત્રાટકીને ખનિજ માફિયાઓનો ભાંડો ફોડ્યો છે.

રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને એસપી વિકાસ સુંડાના આદેશો બાદ ખનિજ ચોરોને ઝડપી પાડવા પોલીસ વોચમાં હતી. એલસીબીના પીએસઆઈ એમ.એચ. શીણોલના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. વિકેશભાઈ રાઠવા અને ટીમના લાખાભાઇ, અનિલભાઈ અને વિરમભાઇ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી કે રાયધણઝર ગામની ઉત્તર બાજુની સીમમાં ભૂમાફિયાઓ દ્વારા મંજૂર થયેલી લીઝની બહાર ગેરકાયદેસર રીતે બેન્ટોનાઇટનું મોટા પાયે ખોદકામ ચાલી રહ્યું છે! એટલું જ નહીં, કૌભાંડ છુપાવવા માટે આ ચોરેલો જથ્થો ચાલાકીપૂર્વક લીઝની અંદર સંગ્રહ કરવામાં આવતો હતો.બાતમીના આધારે પોલીસે છાપો મારતા ખનિજ ચોરીનું કૌભાંડ પકડાયું હતું. પોલીસે સ્થળ પરથી હીટાચી મશીન, ૨ ડમ્પર ડીટેઈન કર્યા છે. આગળની કાર્યવાહી માટે ભુજ ખાણ-ખનિજ વિભાગને જાણ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અબડાસા પંથકમાં જમીન ખોદીને રાતોરાત કરોડપતિ બનવાના સપના જોતા ભૂમાફિયાઓ ભારે સક્રિય બન્યા છે અવારનવાર ખનિજચોરી સામે આવે છે ત્યારે હવે જોવું રહ્યું કે ખાણ-ખનિજ વિભાગ કૌભાંડીઓ પાસેથી કેટલા લાખનો દંડ વસૂલે છે.

# મોથાળાની એપીએમસીમાં અદ્દભુત અને ઐતિહાસિક દેવપક્ષી અબાબીલ દેખાતાં ભારે રોમાંચ

ભુજ - કચ્છઉદય : હજની પવિત્ર યાત્રા દરમિયાન જે પક્ષીને આદર અને આસ્થા સાથે જોવામાં આવે છે અને સામાન્ય રીતે તે ''અબાબીલ''અને દેવપક્ષી તરીકે ઓળખાય છે. ઈસ્લામિક ઈતિહાસમાં ''સુરા અલફિલ''માં પણ જેનો ઉલ્લેખ વિશેષ રીતે કરવામાં આવ્યો છે તેવું ખૂબ જ વિશિષ્ટ અને મોટાભાગે સાઉદી અરેબિયામાં જોવા મળતું દેવપક્ષી મોથાળાના ગામની એપીએમસીમાં જોવા મળતા પક્ષી અભ્યાસુ અને જાણકાર લોકોએ પક્ષીઓને જોઈ આનંદ અને રોમાંચ અનુભવ્યો હતો.

આ બાબતે મોથાળામાં આવેલ અબડાસા એપીએમસીના ગોવિંદભાઈ ભાનુશાલી તેના વિશેની વાતો ઘણી ઐતિહાસિક, રસપ્રદ અને ખૂબ જ રોમાંચક આપી હતી. કેટલીક માન્યતા મુજબ જ્યારે યમનના શાસક અબ્રહાએ તેના અસંખ્ય હાથીઓ સાથે મોટા લશ્કર સાથે પવિત્ર કાબા પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો, ત્યારે અલ્લાહના આદેશથી અબાબીલ પક્ષીઓના ઝુંડ આવ્યા હતા. નાનકડા પક્ષીઓએ પોતાની ચાંચ અને પંજામાં નાની પણ કોઈ કુદરતી શક્તિ સાથેની કાંકરીઓ લાવીને અબ્રહાના શક્તિશાળી લશ્કર પર વરસાવી હતી, જેનાથી આખું લશ્કર નાશ પામ્યું હતું. હજ દરમિયાન તેનું ખૂબ જ મહત્વ છે. તે આસ્થાનું પ્રતીક ગણાય છે. હજ કરવા જનારા યાત્રાળુઓ જ્યારે મક્કા અને આસપાસના વિસ્તારોમાં પક્ષીઓને જુએ છે, ત્યારે તેમને ઐતિહાસિક ચમત્કારની યાદ અપાવે છે. ઘણા લોકો તેને આદર પૂર્વક 'દેવપક્ષી' કહે છે કારણ કે તે સીધું જ ઈશ્વરીય મદદ અને રક્ષણનું પ્રતીક માનવામાં આવે છે. જો આ પક્ષી જોવા મળે તો તેને ખૂબ જ સદભાગ્ય અને માલિકના આશીર્વાદ મનાય છે.

આ બાબતે વધુ રસપદ વિગતો સાથે ગોવિંદભાઈ ભાનુશાલીએ જણાવ્યું કે, આ પક્ષી દેખાવમાં ચકલી જેવું નાનું હોય છે, પરંતુ તેની ધાર્મિક અને ઐતિહાસિક મહત્વતા મોટી છે. અબાબીલ પક્ષીઓ દુનિયાના ઘણા ભાગોમાં જોવા મળે છે, પરંતુ તેમનું સૌથી વધુ ધાર્મિક મહત્વ સાઉદી અરેબિયાના મક્કા અને મદીના શહેરમાં છે. તેઓ સામાન્ય રીતે જૂની ઈમારતોના ગોખલા, પહાડોની ગુફાઓ અને મકાનોના છાપરા નીચે રહેવાનું પસંદ કરે છે. ખાસ કરીને મક્કામાં હરમ શરીફની આસપાસ તેઓ મોટી સંખ્યામાં ઉડતા જોવા મળે છે. આ પક્ષી મુખ્યત્વે જીવાત ખાય છે. તેઓ હવામાં ઉડતા - ઉડતા જ મચ્છર, માખી અને અન્ય નાની જીવાતોને પકડી લે છે. આ પક્ષીઓ જમીન પર બેસીને ખાવાને બદલે હવામાં જ શિકાર કરવા માટે જાણીતા છે. એ તો ખૂબ જ અચરજ પમાડે તેવી વાત છે કે તેમને દાંત હોતા જ નથી એટલે તે પોતાની ચાંચથી માટી અને ખૂબ જ ઝીણા કાંકરા પણ લે છે અને મનાય છે કે કુદરતે એવી ગજબની તેમનામાં વ્યવસ્થા કરી છે કે તેને ખૂબ જ કાંકરા પેટમાં ક્યાંય આડા આવતા નથી. તે દાંતનું કામ કરે છે એટલે કે તે કાંકરા વચ્ચે તેણે લીધેલો ખોરાક ઘસાઈ ઘસાઈને જાણે ચવાઈ જાય છે.

પક્ષી પોતાનો માળો માટી, લાળ અને સૂકા ઘાસના ઉપયોગથી બનાવે છે. તેનો માળો અર્ધગોળાકાર અથવા પ્યાલા જેવો હોય છે, જે અવાર નવાર દિવાલોના ખૂણામાં અથવા પુલ નીચે ચોંટેલો જોવા મળે છે. દેવપક્ષી સમૂહમાં રહેવાનું પસંદ કરે છે, તેથી એક જ જગ્યાએ ઘણા બધા માળા જોવા મળી શકે છે. તે કદમાં નાનું અને ઘેરા કાળા અથવા કથ્થઈ રંગનું હોય છે. તેની પાંખો લાંબી અને અણીદાર હોય છે, જે તેને ઝડપથી ઉડવામાં મદદ કરે છે. એવું માનવામાં આવે છે કે આ પક્ષીઓ ખૂબ જ લાંબો સમય હવામાં વિતાવી શકે છે.

અદભુત પક્ષી મોથાળા ગામમાં એપીએમસીના બિલ્ડીંગ ઉપર મોટી સંખ્યામાં જોવા મળતાં જાણકાર લોકો એને ઓળખી ગયા હતા. મોથાળા અને કચ્છ ઉપર કુદરતના આશીર્વાદરૂપ ગણાવ્યું હતું. ઘણા લોકો એવું માને છે કે જે વિસ્તારના લોકોના ખૂબ જ પુણ્ય અને પવિત્રતા



આકાશમાં આવી રીતે ઉડી અને જાણે આશિર્વાદ વરસાવી રહેલા દેવપક્ષી



સામાન્ય રીતે સમૂહમાં જ રહેવા ટેવાયેલા દેવપક્ષી મોથાળા એપીએમસીની આવી રીતે જોવા મળ્યા

**ઐતિહાસિક ગ્રંથોમાં જેનો ઉલ્લેખ છે એ જ દેવપક્ષી મોથાળામાં આવેલી એપીએમસી દેખાયેલુ પક્ષી હોવાનું જાણકાર લોકો કહે છે : પવિત્ર હજયાત્રા દરમિયાન પક્ષીને આદર તથા આસ્થા સાથે જોવામાં આવે : કહેવાય છે કે કાબા ઉપર જ્યારે હુમલો કરાયો હતો ત્યારે માલિકે આ પક્ષીઓને ધર્મની રક્ષા માટે તેના દૂત તરીકે મોકલ્યા હતા અને પક્ષીના ઝુંડે અત્યંત શક્તિશાળી લશ્કરને ભગાડી દીધું હતું એટલે પક્ષીને ઈશ્વરીય મદદના રૂપમાં જોવાય છે**

ભેગા થયા હોય, ત્યારે જ આ પક્ષી દેખાતું હોય છે. પક્ષી વિશે જાણવા મળવાથી તેના દર્શન માટે દૂર દૂરથી લોકો મોથાળા ઉમટી પડે અને મુલાકાતે આવતા રહે તો નવાઈ નહીં. સાથે એ પણ ચિંતન કરવાનું મન થાય છે કુદરત કેટલા પ્રકારના અલગ અલગ જીવ બનાવે છે અને તેને શક્તિ આપે છે. નાનકડા પક્ષી છેક સાઉદી અરેબિયાથી ઊડીને કચ્છ આવ્યા હોઈ શકે અને તેનામાં કેટલી અદભુત અજાયબીઓ મૂકી છે. ખરેખર કુદરતે માલિકની અદભુત શક્તિઓ અને આમાય બ્રહ્માંડની દુનિયાનો આપણને પરિચય કરાવે છે. મનમાં દ્રઢ વિશ્વાસ રાખવો જોઈએ. તથા એક બંધ રૂમમાં ઘરમાં કે ઓફિસમાં ફક્ત મોબાઈલ પર ફરતી રહેતી ખૂબ જ સંકલ્પ પૂર્વક યાદ રાખીને દરરોજ થોડી મિનિટ આંખોને વહેલી સવારના અથવા જ્યારે શક્ય બને ત્યારે આકાશ અને કુદરતની દરેક વસ્તુઓ ઉપર પણ ફેરવવી જોઈએ. તેનાથી ચોક્કસ અદભુત અનુભૂતિ અનુભવ થઈ શકે.

# કચ્છમાં પર્યાવરણીય નિયમોનો ભંગ, તંત્ર અંધારામા

**અવાર નવાર જોખમી વૃક્ષ હોય કે, ગેરકાયદે નિકંદન રજૂઆત બાદ જવાબદાર વિભાગો આંખ આડા કાન કરતા હોવાની રાવ કરાઈ**

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં વિવિધ પ્રકારના ઉદ્યોગો આવેલ છે તેમાં હાલ ગ્રીન એનર્જીના પ્રોજેક્ટ આવેલ છે તે સારી વાસ્તુ છે અને આવવા પણ જોઈએ પણ આ ઉદ્યોગો સરકારની ગાઈડ લાઈની વિરુદ્ધમાં કાર્ય કરી રહ્યા છે. સરકાર દરેક ઉદ્યોગોને તમામ ડિપાર્ટમેન્ટમાંથી જેતે કામની પરમિશન અને એનઓસી લેવાની હોય છે તે લેતા નથી અથવા તોહ માત્ર કાગળિયા પર જ હોય છે. ગાઈડ લાઈન્સ પ્રમાણે કામ થાય છે કે નહિ તે કોઈ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવતું નથી, તો કયાંક અમુક અધિકારીઓ કંપનીઓ પાસેથી વિટામીન એમની ગોળીઓ લેતા હોય છે અને અમુક અધિકારીઓના જાણીતાના નામે કોન્ટ્રાકટ પણ ચાલી રહ્યા છે એટલે "ઘીના ઠામમાં ઘી ઢોળાય જતો હોય છે તેવા હાલની પરિસ્થિત ઉપરથી લાગી રહ્યો છે. હાલ કંપનીઓ દ્વારા પર્યાવરણ માટે જેટલા વૃક્ષાનું જતન થવો જોઈએ તે થતુ નથી તેવી લેખીત રજુઆત નવા આવેલા કલેકટર શ્રીને કચ્છ લડાયક સંઘ દ્વારા કરવામામાં આવી છે.

છેલ્લા ૧૦ વર્ષેના આંકડા તમામ તાલુકા મથકેથી કેટલા વૃક્ષ કટિંગ કરવામાં આવ્યા. કેટલા વૃક્ષ કટિંગની પરમિશન લેવામાં આવી અને તેના દ્વારા કેટલો દંડ વસુલવામાં આવ્યો અને સામે કેટલા વૃક્ષો વાવવામાં આવ્યા ગણી કચેરીઓ તો ખાલી પેપર પરજ વૃક્ષો ઉભા કરવામાં આવ્યા છે અને ગણા ખોટા બીલો પણ બનવવામાં આવ્યા છે. જેના કારણે આજે જગલો નાસ પામી રહ્યા છે.

કચ્છ જિલ્લામાં ગણા ઉદ્યોગો ગ્રીનરી બતાવવા માટે પ્રતિબંધિત વૃક્ષો એટલે કે કાનોકાર્પસ નામના વૃક્ષો વાવમાં આવી રહ્યા છે જેનામાં ખાસ બીકેટી ટાયર્સ કંપની તેમજ ગઢશીશા જીએમડીસી જેમાં મારી ખુદની ફરિયાદઓ કરેલ છે એવી ગણી કંપનીઓના હૂ દાખલા આપી શકું છું પણ તંત્રનો પેટનું પાણી પણ હાલતું નથી. જીપીસીબી ડિપાર્ટમેન્ટ તો ખાલી નામ નો જ ડિપાર્ટમેન્ટ છે અને ખાલી વર્ષે દિવાળીના વિઝીટ કરતો હોય એવુ લાગી રહ્યું છે. ભુસ્તર વિભાગના પણ અમુક મોટા ગજા અધિકારીઓ પણ ખાલીને ખાલી ખનીજ ચોરોને પ્રોત્સાહિત કરવા જ બેઠા હોય છે અને આવા અધિકારીઓ કેવી રીતે ક્યાંથી અને કેમ ખનીજ ચોરી કરી શકાય તેવા આઈડિયા આપવા બેઠા હોય તેવું લાગી રહ્યું છે. ભુસ્તર વિભાગ જો ઘણી લીઝોની માપણી કરે તેના નિયમો પ્રમાણે વૃક્ષ વાવવા આવા ઘણા કામો છે પણ તેમાં અધિકારીઓને ઈન્ટર્સ નથી ખાલી લીઝ અન્ય જગ્યાએ અને માલ અન્ય જગ્યાથી ઉપાડી અને લીઝોની રોયલ્ટીના નામે ભ્રષ્ટાચાર આચારવો અને મોટા હપ્તા વસુલવાની કામગીરી જ કરી રહ્યા છે. લોકોની મૌખિક ફરિયાદો આવે છે તે સત્ય સનાતન છે કેમ કે આજે ગાડી પકડાય બીજાં દિવસ ડબલ સ્પીડમાં કામ ચાલુ અને આ એક આક્ષેપ નહિ કચ્છ જિલ્લાના અધિકારીઓથી કોઈ પ્રકારની ચોરી પકડાતી નથી. વિજિલન્સ તેમજ એસએમસી તેમજ ગાંધીનગરથી આવેલ એ જ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ તેમજ ખુદ જનતા રેડ બધા પકડી પાડે છે તો વધારે ખુલાશા ન કરી કચ્છ જિલ્લા કલેકટર તરીકે પધાર્યા છો તો "કચ્છ લડાયક સંઘ" આપનો હાર્દિક સ્વાગત કરે છે.

લોકો તરફી ફરિયાદો હોય છે અને તો આવા ઘણા નાના મોટા પ્રશ્નોની ફરિયાદ આપ સમક્ષ જાગૃત નાગરિક તરીકે અને કચ્છ જિલ્લાના લોકો વતી કરતો રહીશ તેની તાત્કાલિક અશરથી તપાસ થાય અને જેતે અધિકારીઓ સામે યોગય પગલાં લેવામાં આવે અને આવનારા દિવસોમાં આવા પ્રતિબંધિત કર્યો છે. સમય ગાળામાં ન થાય અને થાય તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# કચ્છના બજારોમાં કુદરતી કેરીના નામે ઊંચા ભાવ વસૂલાતા હોવાની ચર્ચા

**કચ્છમાં 'કુદરતી કેરી'ના નામે મોંઘું વેચાણ : ખાદ્ય વિભાગની કાર્યવાહી છતાં ગ્રાહકોમાં સવાલો યથાવત : સીઝન પૂર્ણ થયા પછી તપાસના અહેવાલ આવતા કાર્યવાહી પર ઉઠ્યા પ્રશ્નો**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ઉનાળાની સીઝન દરમિયાન "કુદરતી કેરી"ના નામે ઊંચા ભાવે કેરી વેચાતી હોવાની ફરિયાદો વધવા લાગી છે. ભુજ, ગાંધીધામ, અંજાર અને માંડવીના બજારોમાં વેપારીઓ દ્વારા સામાન્ય કેરીની સરખામણીએ બમણા - ત્રણ ગણા ભાવે કેરી વેચાતા ગ્રાહકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. લોકોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે ખરેખર વેચાતી કેરી કુદરતી રીતે પકવાયેલી છે કે માત્ર નામનો ઉપયોગ કરીને લોકો પાસેથી વધુ રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે.

જિલ્લાના ખાદ્ય અને આરોગ્ય વિભાગ દ્વારા કેટલાક બજારોમાં તપાસ હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે. વેપારીઓ પાસેથી કેરીના નમૂનાઓ લઈને પ્રયોગશાળામાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ કાર્બાઈડ જેવા હાનિકારક રસાયણોથી પકવાયેલી કેરીના વેચાણ પર નજર રાખવામાં આવી રહી છે અને શંકાસ્પદ માલ સામે કાર્યવાહી પણ કરવામાં આવશે.

ગ્રાહકોનું કહેવું છે કે દર વર્ષે કેરીની સીઝનમાં કુદરતી અને રાસાયણમુક્ત નામે વેપારીઓ મનફાવે તેવા ભાવ વસૂલે છે, પરંતુ તેની ખરાઈ સમયસર થતી નથી. તપાસના અહેવાલો મોડા આવતા સીઝન પૂર્ણ થઈ જાય છે અને ત્યાં સુધીમાં વેપારીઓ સ્થળ બદલી દેતા હોય છે અથવા વેચાણ બંધ કરી દેતા હોય છે. પરિણામે અસરકારક કાર્યવાહી થતી નથી. કચ્છના કેટલાક બજારોમાં ખાદ્ય પરવાના વગર કેરીનું વેચાણ થતું હોવાની પણ ચર્ચા છે. ગ્રાહકોની માંગ છે કે ખાદ્ય વિભાગે માત્ર નમૂનાઓ લેવા પૂરતી કાર્યવાહી ન રાખી સ્થળ પર જ કડક ચકાસણી અને દંડાત્મક પગલાં લેવા જોઈએ, જેથી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ સામે કડક સંદેશ જાય.કચ્છનું આરોગ્ય તંત્ર કાંઈ થાય પછી જ જાગે છે, તેવું લોકો કહી રહ્યા છે. આ વર્ષે કેરીના ઊંચા ભાવ વચ્ચે કુદરતી કેરીના નામે વધતી વ્યાપારી હરીફાઈ વચ્ચે સામાન્ય ગ્રાહક મૂંઝવણમાં મુકાયો છે કે ખરેખર સારી અને સુરક્ષિત કેરી કઈ છે. ત્યારે જિલ્લા તંત્ર દ્વારા પારદર્શક અને ઝડપી તપાસ થાય તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

# કચ્છ જિલ્લામાં ડીઝલ-પેટ્રોલના પુરવઠા અંગે તંત્ર સતર્ક, અફવાઓથી દૂર રહેવા અપીલ

ભુજ - કચ્છઉદય : કચ્છમાં હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ડીઝલ અને પેટ્રોલના પુરવઠા અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત મોનીટરીંગ અને વિશેષ દેખરેખ રાખવામાં આવી રહી છે. જિલ્લા પુરવઠા વિભાગે જાહેર કરેલી અખબારી યાદીમાં જણાવાયું છે કે, જિલ્લાના જીઓલોજિકલ અને સ્ટ્રેટેજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન સાધી પેટ્રોલિયમ પદાર્થોના પૂરતા જથ્થાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

જિલ્લાના કન્ઝ્યુમર પંપ ડીલર્સ અને ઉપયોગકર્તાઓ સાથે સતત સંપર્ક રાખી રાજ્ય સરકારના હસ્તક્ષેપથી વધારાનો જથ્થો ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, જેના કારણે રિટેલ આઉટલેટ્સ પર દબાણ ઓછું થતું હોવાનું તંત્રએ જણાવ્યું છે. જિલ્લામાં મળતા જથ્થા અને વેચાણની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા પેટ્રોલ-ડીઝલના વેચાણ અને જથ્થાની વિગતવાર સમીક્ષા સાથે કોઈ પણ રિટેલ આઉટલેટ ડ્રાય ન રહે તેની તકેદારી રાખવામાં આવી રહી છે.

તાલુકા અને જિલ્લા કક્ષાએ ટીમો બનાવી સરકારની માર્ગદર્શિકા મુજબ કામગીરી ચાલી રહી છે. ઉપરાંત ગેરરીતિઓ અને કાળાબજારી અટકાવવા માટે પણ સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે. વધુમાં જણાવાયું છે કે, છેલ્લા બે દિવસમાં જિલ્લામાં પેટ્રોલ - ડીઝલના જથ્થા અને પુરવઠાની સ્થિતિમાં સુધારો નોંધાયો છે. તંત્રએ ખાસ કરીને સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમોમાં ફેલાતી ખોટી અફવાઓથી દૂર રહેવા અને બિનજરૂરી પેનિક ન ફેલાવવા લોકોને અપીલ કરી છે.

# ભારત ગૌરવ પ્રવાસન ટ્રેન દક્ષિણ ભારતનું ભ્રમણ કરી સફળતાપૂર્વક પરત ફરી







ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય રેલ્વે અને આઈઆરસીટીસી દ્વારા સંચાલિત ભારત ગૌરવ પ્રવાસન ટ્રેન ૧૨મી મેના રોજ રાજકોટથી દક્ષિણ ભારત માટે રવાના થઈ હતી. દક્ષિણ ભારતના ધાર્મિક યાત્રા પૂર્ણ કરીને ગુજરાત પરત ફરી છે.

પશ્ચિમ ઝોન અમદાવાદના પ્રવક્તા જિતેન્દ્ર કુમાર જયંતે જણાવ્યું હતું કે ગુજરાત અને અન્ય રાજ્યોના ૩૩૫ યાત્રાળુઓ તિરુપતિ બાલાજી, રામેશ્વરમ જ્યોતિર્લિંગ, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી અને મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન કરવા માટે આ ખાસ દક્ષિણ ભારત યાત્રા ટ્રેનમાં સવાર થયા હતા. બધા યાત્રાળુઓ તેમની યાત્રા પૂર્ણ કરીને ઘરે પરત ફર્યા છે. ટ્રેન સફળતાપૂર્વક અમદાવાદ અને રાજકોટ પરત ફર્યા છે.

યાત્રા દરમિયાન બધા યાત્રાળુઓના ભોજન અને રહેવાની વ્યવસ્થા તેમજ તેમના સ્વાસ્થ્ય માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમની સલામતી માટે ટ્રેનની અંદર સુરક્ષા કર્મચારીઓ હાજર હતા, અને ઘર જેવી સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે દરેક કોચમાં સફાઈ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.

દક્ષિણ ભારત ગૌરવ યાત્રાથી પરત ફરતા યાત્રાળુઓએ આઈઆરસીટીસીનો સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. આ લાંબી યાત્રા દરમિયાન કોઈ પણ યાત્રાળુઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો અને તેઓ દરેક સ્થળ પર દર્શનનો આનંદ માણી શક્યા હતા. ભારત ગૌરવ પ્રવાસન ટ્રેનનું સંચાલન આઈઆરસીટીસી પશ્ચિમ ઝોન, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. રોશન ગુપ્તા, બ્રિજેશ મિશ્રા અને અંકિત બિલવારની આગેવાની હેઠળની સમગ્ર ટીમે યાત્રાળુઓના ભોજન, સલામતી, આરોગ્ય, સ્વચ્છતા, જોવાલાયક સ્થળો અને દર્શનનું ખાસ ધ્યાન રાખ્યું હતું, જેમાં પરિચાલનનો પણ સમાવેશ થાય છે.

# કચ્છના કલાકારને કલા ગુરૂ રવિશંકર રાવલ એવોર્ડ અને યુવા કલાકારને રસિકલાલ પારેખ એવોર્ડ

**ગુજરાત રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ કલાકાર અને યુવા કલાકારનો એવોર્ડ મેળવીને પિતા અને પુત્રએ કચ્છ જિલ્લાનું નામ રોશન કર્યું**





ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ દ્વારા ૨૪મો કલાકારો, ચિત્રશિક્ષકો અને વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ લાયન્સ હોલ, આણંદ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં કલાકારોને સન્માનપત્ર, શાલ, મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કચ્છના જાણીતા કલાકાર બુઝ્ઝીબાબુ દોંગા (બાબુ સર)ને આણંદ ખાતે કલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ રાજયકક્ષાએ શ્રેષ્ઠ કલાકાર સન્માન કલાગુરુ રવિશંકર રાવળ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના પુત્ર લક્ષ દોંગાને કલા ક્ષેત્રે આ નાની ઉંમરે ચિત્રકલાક્ષેત્રે તેમની વિશિષ્ટ સિદ્ધિઓ માટે તેમને રાજ્ય સ્તરે બાલ કલાકાર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘના આધ સ્થાપક અરવિંદ વાકાણી, જાણીતા આંતરરાષ્ટ્રીય કલાકાર અશોક ખાંટ, પેન્શનર યુનિયનના પ્રમુખ વિપિનભાઈ પંડ્યા અને જાણીતા આર્કિટેક્ટ મયંક રાવલ દ્વારા શાલ ઓઢાળી, મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમુખ પરેશ સેવક, મહામંત્રી જિજ્ઞેશ લિંબચીયા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર કમલેન્દુ મહેતા ગુજરાતી ફિલ્મ અભિનેત્રી વિશ્વા રાવલ ની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યો હતો આણંદ જિલ્લા ચિત્ર શિક્ષકોએ સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સચિવાલયના ચેમ્બરમાં આવેલા નાગરિકોનો સોમવાર- મંગળવાર પડવો ન જોઈએ




ગાંધીનગર - કચ્છઉદય : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એરપોર્ટ પરથી સ્વર્ણિમ સંકુલમા પોતાના કાર્યાલયમા આવેલા રજૂઆતકર્તા નાગરિકોને વિડીયો કોન્ફરન્સથી સાંભળ્યા છે. ડે.સીએમ શ્રી સંઘવી હાલ ઓલિમ્પિક માટે વિદેશ પ્રવાસે છે. અરજદારો માટે આ રીતે સમય સંતુલન કરીને નાગરિક પ્રશ્નો ઉકેલવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. સોમવાર અને મંગળવાર એમ બેઉ દિવસ સ્વર્ણિમ સંકુલમા દૂરદરાજથી અરજદારોના ટોળેટોળા હોય છે. સચિવાલયમા ચેમ્બરમા આવેલા નાગરિકોનો સોમવાર-મંગળવાર પડવો ન જોઈએ તેમ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એરપોર્ટ પરથી સ્વર્ણિમ સંકુલમા પોતાના કાર્યાલયમા આવેલા રજૂઆતકર્તા નાગરિકોને વિડીયો કોન્ફરન્સથી સાંભળ્યા છે. ડે. સીએમ શ્રી સંઘવી હાલ ઓલિમ્પિક માટે વિદેશ પ્રવાસે છે. અરજદારો માટે આ રીતે સમય સંતુલન કરીને નાગરિક પ્રશ્નો ઉકેલવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.

# દયાપર અને માતાનામઢમાં જીએમડીસી દ્વારા શાળાઓ શરૂ કરવા કોંગ્રેસ સેવાદળની માંગણી

**૪ જેટલા મોટા ઔદ્યોગિક પ્રોજેક્ટ આવેલા છે અને વધારે આવી રહ્યા છે ત્યારે અંગ્રેજી માધ્યમની હાયર સેકન્ડરીની સ્કૂલ જીએમડીસી શરૂ કરે તેવી લાગણી કારણ કે જીએમડીસી ખૂબ જ સારું શિક્ષણ અને સગવડો પૂરી પાડે છે**



દયાપર - કચ્છઉદય : કોંગ્રેસ સેવાદળના ઉપપ્રમુખ રાજેશભાઈ સોનીએ માતાનામઢ અને દયાપરમાં હાયર સેકન્ડરી સુધીની અંગ્રેજી માધ્યમની શાળા જીએમડીસી શરૂ કરે તો આ વિસ્તારના વિદ્યાર્થીઓને ખૂબ જ સારી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય એવી લાગણી વ્યક્ત કરી અને માગણી કરી છે.

તેમણે જણાવ્યું છે કે, સરકારી શાળાઓમાં હંમેશા સ્ટાફની ઘટ રહે છે અને મોટાભાગે તેમાં ગુજરાતી માધ્યમ હોય છે. લખપત તાલુકામાં ચાર જેટલા મોટા પ્રોજેક્ટ અત્યારે કામ કરી રહ્યા છે અને વધારે ઉદ્યોગો હજુ પણ આવવાની સંભાવના છે ત્યારે આ વિસ્તારના સ્થાનિક તેમજ બિનગુજરાતી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમની શાળા ખૂબ જ આશીર્વાદરૂપ બની શકે તેમ છે. દયાપર અને છેરમાં અત્યારે દસમા ધોરણ સુધી અંગ્રેજી માધ્યમની શાળા જીએમડીસી ચલાવે છે અને તે વિનામૂલ્યે ખૂબ જ ઉત્તમ કક્ષાનું શિક્ષણ તો આપે જે છે પણ સાથે સાથે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક તેમજ શાળાએ જવા આવવાની સગવડ પણ ખૂબ જ સારી અને વિનામૂલ્યે પૂરી પાડે છે તેની તેમણે ખૂબ જ પ્રશંસા કરી અને જણાવ્યું કે જો આ પ્રકારની સ્કૂલ માતાના મઢમાં પણ થઈ જાય તો આ વિસ્તારના બધા જ વિદ્યાર્થીઓ તેમાં સારું શિક્ષણ અને સગવડ મેળવી શકે એટલે ધોરણ ૧૨ સુધીની અંગ્રેજી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવી જરૂરી છે. તાજેતરમાં ધોરણ ૧૦ના પરિણામમાં શ્યામજી કૃષ્ણ વર્મા ગુજરાતી વિદ્યાલયનું પરિણામ ૬૦%થી ઓછું આવતા ત્યાં ખાસ શિક્ષણ વહીવટી અધિકારી નિમવામાં આવ્યા છે તેમને પણ રાજેશભાઈએ આવકાર આપ્યો હતો અને શાળાઓનું પરિણામ વધારે સારું આવે તે માટે લેવામાં આવતાં પગલા આવકાર્યા હતા.

# સોલાર કંપની સામે ફુલાય જૂથ ગ્રામ પંચાયતના ૧૧ ગામોએ મોરચો માંડ્યો

**કીરો ડુંગરની તળેટીમાં બેઠક મળી : કંપનીની મનમાની સામે ન ઝુકવાનો હુકાર કર્યો : જો નિર્ણય પાંચ દિવસમાં નહીં આવે તો અચોક્કસ મુદત ઉપવાસ આંદલોનની ચીમકી**

નખત્રાણા - કચ્છઉદય : ફુલાય ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા ગામોમાં સર્વે કર્યો નથી અને નકશા પણ બતાવતા નથી આ જમીનમાં વાંઢો, ધાર્મિક સ્થાનો, કબ્રસ્તાન જેમાં ધાર્મિક સ્થાન તરીકે ગચડો શરણનાથ છારી ગામ પાસે આવેલ મસ્જિદ કબ્રસ્તાન અજોરીયા ગામનું સ્મશાન વગેરે આવેલ છે. રાજાશાહી વખતથી અમારી જમીન આવેલી છે. પક્ષીઓ અને પશુઓ માટે અનામત છે, જે જમીન પણ સર્વે કર્યા વગર આવરી લીધી છે. આ જમીન ગૌચર માટે છે, જે ગ્રામ પંચાયતના નકશા વગર આડેધડ કામ કરાઈ રહ્યું છે. ખેડૂતોની જમીનો આવી જાય છે, જેના પણ નકશા બતાવતા નથી. કંપની વાળા માણસો સાથે વાતો કરવા તૈયાર નથી વિકાસનો વિરોધ નથી પરંતુ કંપની રીસર્વે કરી જે વધારાની જમીન આવતી હોય તેના ઉપર વિકાસ કરે તે જરૂરી છે. માલિકીની જમીનો બચાવવા માટે હવે કીરા ડુંગરની તળેટી ઉપર માલધારીઓએ મોરચો માંડી ઉપવાસ આંદોલનની ચીમકી આપી હતી. મોરચામાં ફુલાય ગ્રામ પંચાયતના ૧૧ ગામોના સભ્યો સરપંચ, ગ્રામજનો, માલધારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દોલતખાન મૂતવા, બેગ મામદ મુતવા, હોતખાન મૂતવા, હાજી રહીમ ખાન, હાજી મનગુરિયા, શકું જત, અબ્દુલ સલામ, હાજી સૂમારખાન, ઊંટ ઉછેર સંગઠનના આશાભાઈ રબારી, માલધારી સંગઠનના આગેવાનો એકત્ર થઈ બેઠક બોલાવી હતી. બેઠકમાં કિરા ડુંગરની આસપાસ આવતી જમીનો તેમજ ફુલાય ગ્રામ પંચાયતના ૧૧ ગામો વચ્ચે આવતી જમીનો, કબ્રસ્તાન, વાંઢ વગેરે એક સૂરે કહ્યું હતુ કે, ગામોમાં વિકાસ જોઈએ છીએ પરંતુ પ્રકૃતિના ભોગે નહીં જોઈતો તેવો સૂર પુરાવ્યો હતો.

# મેદસ્વિતાનું મૂળ વજન વધારતી આપણી રોજિંદી કુટેવો

ભુજ - કચ્છઉદય : મેદસ્વિતા (મોટાપો) એ આજના સમયની એક ગંભીર વૈશ્વિક સમસ્યા છે. મોટાભાગે તે વારસાગત કારણો કરતાં આપણી રોજીંદી ખોટી આદતો અને અસ્વસ્થ જીવનશૈલીનું પરિણામ હોય છે. પિઝા, બર્ગર, ચિપ્સ અને તળેલા ખોરાકમાં કેલરી અને ફેટનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. ગળ્યા પીણાં અને મીઠાઈઓ સોફ્ટ ડ્રિંક્સ, પેકેજડ જ્યુસ અને મીઠાઈઓમાં રહેલી ખાંડ શરીરમાં ચરબી તરીકે જમા થાય છે. ખોરાક બરાબર ન ચાવવો ઝડપથી ખાવાની આદતથી ઓવરઈટિંગ (જરૂર કરતાં વધુ ખવાઈ જવું) થાય છે. કલાકો સુધી ટીવી કે કમ્પ્યુટર સામે બેસી રહેવાથી કેલરી બર્ન થતી નથી. વ્યાયામ ન કરવો રોજિંદા જીવનમાં ચાલવા કે કસરત કરવાની આદત ન હોવાથી વજન ઝડપથી વધે છે. રોજ ૭ થી ૮ કલાકની ઊંઘ ન મળવાથી હોર્મોન્સ અસંતુલિત થાય છે, જેનાથી ભૂખ વધારે લાગે છે. સ્ટ્રેસ ઈટિંગ ચિંતા કે તણાવમાં હોવા છતાં મનને શાંત કરવા લોકો વધુ ગળ્યું કે હાઈ-કેલરી ફૂડ ખાય છે. રાત્રે મોડા જમીને તરત સૂઈ જવાથી પાચનક્રિયા ધીમી પડે છે. પાણી ઓછું પીવું ઘણીવાર શરીર તરસને ભૂખ સમજી લે છે, જેના કારણે બિનજરૂરી કેલરી લેવાઈ જાય છે. તારણ મેદસ્વિતાથી બચવા માટે આ કુટેવોને ઓળખીને તેમાં સુધારો કરવો જરૂરી છે. પૌષ્ટિક આહાર, નિયમિત કસરત અને પૂરતી ઊંઘ વજન નિયંત્રણમાં રાખવાની ચાવી છે. નાની આદતો બદલીને સરળતાથી વજન નિયંત્રિત કરી શકાયં છે. મોટાપો એ કોઈ એવી બીમારી નથી જેને મટાડી ન શકાય. આજે જ તમારી ખોટી આદતો બદલો, સક્રિય બનો અને તંદુરસ્ત જીવન તરફ કદમ વધારો.

# વિથોણમાં નંદીને ખોરાકી અસર થતાં જીવદયા પ્રેમીઓએ કરી સારવાર



નખત્રાણા - કચ્છઉદય : વિથોણ ગામે નંદી મહારાજને ખોરાકમાં ઝેરી અસર થતા તેની તબિયત લથડતા ગામમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ વિથોણ જીવદયા સમિતિના સભ્યો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સેવા ભાવના સાથે નંદી મહારાજની સંભાળ લીધી હતી. સમિતિ દ્વારા તરત જ પશુચિકિત્સક ડોક્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી અને જરૂરી સારવાર શરૂ કરવામાં આવી હતી. સમયસર સારવાર મળતા નંદી મહારાજની તબિયતમાં સુધારો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે. પ્રમુખ શાંતિલાલ નાયાણીએ જણાવ્યું હતું કે, નિરાધાર પશુઓની સેવા કરવીએ માનવતાનો સાચો ધર્મ છે. કોઈ પણ પશુ મુશ્કેલીમાં હોય ત્યારે તાત્કાલિક સારવાર અને સહાય પહોંચાડવી એ અમારી સમિતિની પ્રથમ ફરજ છે.

# ગુજરાત કે બેંગલુરુ, વરસાદ પડશે તો કોને થશે ફાયદો?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ની પ્લેઓફ મેચોની શરૂઆત થવા જઈ રહી છે, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, ગુજરાત ટાઈટન્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સે ક્વોલિફાય કર્યું છે. પરંતુ ક્રિકેટ રસિકો માટે ચિંતાના સમાચાર એ છે કે મંગળવાર, ૨૬ મેના રોજ ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાનારા ક્વોલિફાયર-૧ મેચ દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે. આવી સ્થિતિમાં પ્લેઓફ અને ફાઈનલ મેચો માટે વરસાદના નિયમો શું છે અને કઈ મેચ માટે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે?

આ મેચ માટે કોઈ રિઝર્વ ડે રાખવામાં આવ્યો નથી. જો મંગળવારે વરસાદના કારણે મેચ રદ થાય છે, તો નિયમ મુજબ પોઈન્ટ ટેબલમાં ઉપર રહેલી ટીમ વિજેતા બનશે. એટલે કે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સીધી ફાઈનલમાં પહોંચી જશે અને ગુજરાત ટાઈટન્સને ક્વોલિફાયર-૨ રમવું પડશે. જો સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આ મેચ વરસાદમાં ધોવાઈ જાય, તો પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને રહેલી હૈદરાબાદની ટીમ ક્વોલિફાયર-૨માં પહોંચશે અને ચોથા સ્થાને રહેલી રાજસ્થાન રોયલ્સ ની સફર અહીં જ પૂરી થઈ જશે.

ક્વોલિફાયર-૧ની હારેલી ટીમ અને એલિમિનેટરની વિજેતા ટીમ વચ્ચે શુક્રવાર, ૨૯ મેના રોજ આ મેચ રમાશે. આ મહત્વની મેચ માટે પણ કોઈ રિઝર્વ ડે રાખવામાં આવ્યો નથી. જો આ મેચ વરસાદના કારણે રદ થાય, તો ક્વોલિફાયર-૧ રમીને આવેલી ટીમને ફાયદો થશે અને તે ફાઈનલમાં પહોંચશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ૩૧ મેના રોજ રમાનારા ફાઈનલ મુકાબલા માટે સ્પષ્ટપણે રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. જો ૩૧ મેના રોજ વરસાદના કારણે ફાઈનલ મેચ પૂરી ન થઈ શકે, તો બાકીની રમત આગલા દિવસે એટલે કે ૧ જૂનના રોજ રિઝર્વ ડે પર રમાડવામાં આવશે.

આમ આઈપીએલ પ્લેઓફમાં વરસાદ પડશે તો સૌથી વધુ રાજસ્થાનને નુકસાન થઈ શકે છે. એટલે કે ટીમ સીધી બહાર ફેકાઈ શકે છે, જ્યારે ગુજરાત માટે રાહતની વાત એ છે કે, જો ક્વોલિફાયર-૧માં વરસાદ પડશે તો તે સીધી ક્વોલિફાયર-૨માં આવી જશે. અને જો ક્વોલિફાયર-૨માં પણ વરસાદ પડે તો ગુજરાત સીધી ફાઈનલમાં આવી જશે.

# આજે બેંગલુરુ-ગુજરાત વચ્ચે આઈપીએલની ક્વોલિફાયર-૧

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ના ક્વોલિફાયર-૧માં આજે મંગળવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ આમને-સામને ટકરાશે. આ મેચ ધર્મશાલામાં રમાશે. જે ટીમ જીતશે તે સીધી ફાઈનલમાં પહોંચશે. જોકે, મેચના દિવસે ૮૦% વરસાદ પડવાની આશંકા છે. આ સીઝનમાં ઈઝમ્ની સૌથી મોટી તાકાત બેટિંગ રહી છે, જ્યારે જીટીએ બોલરોના દમ પર ઘણી મહત્વની મેચ જીતી છે. ટાઈટન્સના ટૉપ-૩ બેટર્સ પણ શાનદાર ફોર્મમાં છે. મેચમાં વિરાટ કોહલીને કાગીસો રબાડા અને રજત પાટીદારને રાશિદ ખાન પડકાર આપશે.

ટ્રેન્ડ અનુસાર, છેલ્લી ૮ ફાઈનલ ક્વોલિફાયર-૧ રમનારી ટીમ વચ્ચે જ રમાઈ છે. આ તમામ ફાઈનલ ક્વોલિફાયર-૧ જીતનારી ટીમના નામે રહી છે. ૨૦૧૧થી પ્લેઑફ સિસ્ટમ આવ્યા બાદ ૧૫માંથી ૧૨ ફાઈનલ ક્વોલિફાયર-૧ જીતનારી ટીમે જ જીતી છે.



હેડ-ટુ-હેડ રેકોર્ડમાં બેંગલુરુ અને ગુજરાત બરાબરી પર છે. બંને વચ્ચે અત્યાર સુધીમાં ૮ આઈપીએલ મેચ રમાઈ છે, જેમાંથી ૪ મેચ બેંગલુરુએ અને ૪ ગુજરાતની ટીમે જીતી છે. કોઈ પણ મેચ ટાઈ કે પરિણામ વગરની રહી નથી.

આ સીઝનમાં બંને ટીમ બે વખત આમને-સામને આવી ચૂકી છે અને બંનેએ એક-એક મેચમાં જીત મેળવી છે. છેલ્લી મેચમાં ગુજરાતની ૪ વિકેટથી જીત થઈ હતી, જ્યારે તે પહેલાં બેંગલુરુની ટીમ ૫ વિકેટથી જીતી હતી.

કોહલી આરસીબીનો ટૉપ સ્કોરર, ૪ ફિફ્ટી ફટકારી ચૂક્યો છે, કેપ્ટન રજત પાટીદારની આગેવાનીમાં બેંગલુરુએ આ સીઝનમાં આક્રમક બેટિંગના દમ પર ૮ વખત ૨૦૦ રનનો આંકડો વટાવ્યો છે. વિરાટ કોહલી ટીમનો ટૉપ સ્કોરર છે, જે એક સદી અને ૪ ફિફ્ટીની મદદથી ૫૫૭ રન બનાવી ચૂક્યો છે. કોહલી ઉપરાંત, દેવદત્ત પડિકલે ૩ અને કેપ્ટન પાટીદારે ૪ ફિફ્ટી ફટકારી છે. ધર્મશાલામાં વેંકટેશ અય્યરે પંજાબ સામે અણનમ ૭૩ રન બનાવીને ટીમને જીત અપાવી હતી. બોલિંગમાં જોશ હેઝલવુડ અને ભુવનેશ્વર કુમારની જોડીએ ટીમને મજબૂતી આપી છે. ભુવી ટીમનો ટૉપ વિકેટ ટેકર છે. જેકબ બેથલ રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છેઃ સીઝનની શરૂઆતમાં ઈઝમ્નું મિડલ ઓર્ડર ખૂબ આક્રમક હતું, પરંતુ લીગ સ્ટેજના બીજા હાફમાં નંબર ૪થી ૮ સુધીના બેટર્સ ફ્લોપ રહ્યા છે. ટીમ સતત કોલેપ્સ નો સામનો કરી રહી છે. વિદેશી ખેલાડી જેકબ બેથલ રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

સાઈ સુદર્શન ટૉપ સ્કોરર, રબાડાએ ૨૪ વિકેટ ઝડપી છે. ગુજરાતની ટીમ મજબૂત બોલિંગ અને ટૉપ ઓર્ડરના દમ પર પ્લેઑફમાં પહોંચી છે. બીજા હાફમાં ્નની બોલિંગ તેની સૌથી મોટી તાકાત રહી છે. કાગીસો રબાડા, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ વિરોધી બેટર્સને ભારે પરેશાન કર્યા છે. રબાડા ૨૪ વિકેટ સાથે પર્પલ કેપની રેસમાં છે, જ્યારે રાશિદ ખાન ૧૯ વિકેટ ઝડપી ચૂક્યો છે. ટીમે છેલ્લી લીગ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને ૮૯ રનથી હરાવ્યું હતું. કેપ્ટન શુભમન ગિલ (૬૧૬ રન), સાઈ સુદર્શન (૬૩૮ રન) અને જોસ બટલર (૪૬૯ રન) શાનદાર ફોર્મમાં છે. ઓરેન્જ કેપ હોલ્ડર સુદર્શન ૭ ફિફ્ટી ફટકારી ચૂક્યો છે. શેરફેન રધરફોર્ડના ગયા પછી નંબર ૪ અને ૫ની પોઝિશન જીટી માટે માથાનો દુખાવો બની ગઈ છે. ગ્લેન ફિલિપ્સ અને ટૉમ બેન્ટન મળેલા મોકા પર સાતત્ય જાળવી શક્યા નથી. લોઅર ઓર્ડરમાં રાહુલ તેવતિયા અને શાહરૂખ ખાન પર મેચ ફિનિશ કરવાનું દબાણ રહે છે, પરંતુ બંને આ સીઝનમાં ઘણા ઈનકન્સિસ્ટન્ટ રહ્યા છે.

# ‘ટીર૦માં પહેલી બેવડી સદી ફટકારીશ...’ ભારતના વિસ્ફોટક બેટ્સમેનની જાહેરાતથી બોલરોમાં ફફડાટ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતના વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ જાહેરાત કરી છે કે, ‘હું ટી૨૦ ક્રિકેટમાં ઈતિહાસની પહેલી બેવડી સદી ફટકારીશ.’ આ જાહેરાતથી વિરોધી ટીમના બોલરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં આજ સુધી દુનિયાનો કોઈ પણ બેટ્સમેન બેવડી સદી ફટકારી શક્યો નથી. ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટી વ્યક્તિગત ઈનિંગ રમવાનો વર્લ્ડ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ બેટ્સમેન ક્રિસ ગેલના નામે નોંધાયેલો છે. ક્રિસ ગેલે ૨૩ એપ્રિલ ૨૦૧૩ના રોજ પુણે વોરિયર્સ ઈન્ડિયા સામેની આઈપીએલ મેચમાં ૧૭૫ રનની વર્લ્ડ રેકોર્ડ ઈનિંગ રમી હતી. ત્યારબાદ અત્યાર સુધીમાં ૧૩ વર્ષ વીતી ગયા છે, પરંતુ કોઈ પણ આઈપીએલમાં ક્રિસ ગેલના આ વર્લ્ડ રેકોર્ડને સ્પર્શી શક્યું નથી. પરંતુ ભારતનો એક એવો યુવા બેટ્સમેન છે, જે માત્ર ક્રિસ ગેલનો આ રેકોર્ડ તોડવાની જ નહીં પરંતુ ટી-૨૦ ક્રિકેટમાં પહેલી બેવડી સદી ફટકારવાની ક્ષમતા પણ ધરાવે છે.




ભારતના માત્ર ૧૫ વર્ષના વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ જાહેરાત કરી છે કે, ‘હું ટી૨૦ ક્રિકેટમાં પહેલી બેવડી સદી ફટકારીશ.’ ‘ધ સ્વિચ‘ ના તાજેતરના એપિસોડમાં ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર કેવિન પીટરસન સાથે વાતચીત કરતા વૈભવ સૂર્યવંશીએ કહ્યું હતું કે, ‘હું ઈતિહાસ રચવાની તૈયારી કરી રહ્યો છું.’ વૈભવ સૂર્યવંશીએ કહ્યું કે, ‘હું ટી૨૦ ક્રિકેટમાં ૨૦૦ રન બનાવવા માંગુ છું.’ જ્યારે કેવિન પીટરસને તેને યાદ અપાવ્યું કે ‘ક્રિસ ગેલ ૧૭૫ રન બનાવી ચૂક્યો છે.’ ત્યારે આ યુવા ખેલાડીએ પોતાના લક્ષ્ય પર વધુ ભાર મૂકતા કહ્યું, ‘હા, હું ક્રિસ ગેલનો રેકોર્ડ તોડીને ટી૨૦ ક્રિકેટમાં પહેલી બેવડી સદી બનાવવા માંગુ છું. જો હું કોઈ પણ મેચમાં પૂરેપૂરી ૨૦ ઓવર રમી જઈશ, તો હું ચોક્કસપણે આ રેકોર્ડ તોડી નાખીશ.’

ડાબોડી વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશીમાં ટી૨૦ ક્રિકેટમાં બેવડી સદી ફટકારવાની ક્ષમતા છે. બેટિંગની સાથે તે લેફ્ટ આર્મ સ્પિન બોલિંગ પણ કરે છે. વૈભવ ક્રિઝ પર આવતાની સાથે જ દુનિયાના મોટામાં મોટા બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખે છે. વૈભવે ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની આઈપીએલ મેચમાં માત્ર ૩૬ બોલમાં સદી ફટકારી દીધી હતી. આ પહેલા આ જ ડાબોડી બેટ્સમેને ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ ગુજરાત ટાઈટન્સ સામે માત્ર ૩૫ બોલમાં સદી ફટકારી હતી. વૈભવ સૂર્યવંશીએ ૨૧ મેચોમાં ૩૯.૯૬ની એવરેજ અને ૨૨૩.૮૭ના આક્રમક સ્ટ્રાઈક રેટથી ૮૩૫ રન બનાવ્યા છે, જેમાં ૨ સદી અને ૪ અર્ધસદી સામેલ છે. આઈપીએલમાં વૈભવનો હાઈએસ્ટ સ્કોર ૧૦૩ રન રહ્યો છે, અને તેણે આઈપીએલમાં ૭૭ સિક્સર પણ ફટકારી છે.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા એકાએક અંડર-૧૯ ટુર્નામેન્ટ મુલત્વી રાખવાનો નિર્ણય : શું SPL પણ બંધ રહેશે ?

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ના સંચાલન સામે ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે. તાજેતરમાં મોકલાયેલા સંદેશા અનુસાર ૨૮ મેથી યોજાનારી અંડર-૧૯ ક્રિકેટ સ્પર્ધા મુલતવી રાખવામાં આવી હોવાનું જાહેર કરવામાં આવ્યું છે, જોકે મુલતવી રાખવાનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી. અગાઉ ૨૪ મેના આયોજન બાદ ૨૮, ૨૯ અને ૩૦ મે દરમિયાન પણ અંડર-૧૯ સ્પર્ધા યોજાવાની હતી, પરંતુ હવે તે પણ અટકાવી દેવામાં આવી હોવાનું જણાવાયું છે. જામનગર રૂરલ ક્રિકેટ એસોસિયેશનના મંત્રી સહદેવસિંહ ચુડાસમાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે એક તરફ અંડર-૧૯ જેવી મહત્વપૂર્ણ સ્પર્ધાઓ મુલતવી રાખવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ તેઓએ જણાવ્યું કે તેમને જાણવા મળ્યું છે કે નિરંજનભાઈ શાહના જન્મદિવસ નિમિતે ૪ જૂનથી યોજાનારી સૌરાષ્ટ્ર પ્રો ટી ટવેન્ટી લીગની સ્પર્ધા યથાવત રાખવામાં આવી છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આ સ્પર્ધાને પાછળ કોઈ ખાસ હિતો કાર્યરત છે તેવું સ્પષ્ટ લાગે છે.



**ડિસ્ટ્રિક્ટ એસો. દ્વારા ખેલાડીઓ માટે બધી જ વ્યવસ્થા તૈયાર કરાઈ હતી ત્યારે જ એસો. તરફથી પત્ર આવ્યો જેમાં ટુર્નામેન્ટ હાલ અનિવાર્ય સંજોગોને કારણે નહીં રમાડવા જણાવ્યું : અંડર-૧૯ ટુર્નામેન્ટ થકી ઉભરતા ક્રિકેટરો બહાર આવે છે**

**હાલ દેશમાં વૈશ્વિક અસરોને કારણે જે પરિસ્થિતિ સર્જાઈ છે તેમાં પેટ્રોલ ડીઝલનો ઉપયોગ મર્યાદિત કરવો જોઈએ ત્યારે સૌરાષ્ટ્ર પ્રો ટી-૨૦ લીગના મોંઘા ખર્ચ અને ‘મારા તારા’ ખેલાડીઓને રમાડવામાં આવે છે - જામનગર રૂરલ ક્રિકેટ એસો. સહદેવસિંહ ચુડાસમાના ગંભીર સવાલો**

હજારો લિટરનું ડીઝલ, ડીજે સહિત ઢોલ નગારા અને ખોટા ખર્ચ માટે સૌરાષ્ટ્ર પ્રો ટી ટવેન્ટી લીગનું આયોજન થાય છે. આ સાથે તેમણે કહ્યું અંડર-૧૯ ટુર્નામેન્ટમાંથી કોઈ આવક નથી હોતી એટલે તેને મહત્વ નથી અપાતું. જ્યારે સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગમાં તો કરોડોની. આવક જાવક થાય છે, જે બાબતે કોઈ વિસ્તૃતમાં હિસાબ પણ નથી અપાતા ત્યારે તે ટુર્નામેન્ટ વર્તમાન પરિસ્થિતિએ ધ્યાને રાખીને શા માટે રદ કરવી ન જોઈએ ?

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન મોદી દ્વારા હાલની પરિસ્થિતિમાં કરકસર રાખવાનો સંદેશ આપવામાં આવ્યો હોવા છતાં આવી સ્પર્ધાઓ દ્વારા બિનજરૂરી ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પેટ્રોલ અને ડીઝલના વધતા ખર્ચ વચ્ચે આવી ટુર્નામેન્ટ યોજવી કેટલા અંશે યોગ્ય છે તે અંગે પણ તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે દાવો કર્યો હતો કે ભૂતકાળમાં યોજાયેલી વિશેષ સૌરાષ્ટ્ર પ્રીમિયર લીગ સ્પર્ધામાંથી કોચ, વ્યવસ્થાપક, સારવાર નિષ્ણાત અથવા વિશ્લેષકની પસંદગીમાં કોઈ જાહેર પ્રક્રિયા કે જાહેરખબર ન થતી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અંડર-૧૯ ખેલાડીઓએ ઉનાળાની ગરમીમાં સતત મહેનત કરી હોવા છતાં સ્પર્ધા મુલતવી રાખાતા તેઓમાં ભારે નિરાશા ફેલાઈ છે. ખાસ કરીને જેમનું અંડર-૧૯નું છેલ્લું વર્ષ છે તેવા ખેલાડીઓના ભવિષ્ય અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે. આ એક એવી સ્પર્ધા છે જેમાંથી રણજી, અંડર ૨૩, વગેરે જેવી ટુર્નેમનેટ માટે ક્રિકેટરો તૈયાર થાય છે. અંતમાં તેમણે માંગ કરી હતી કે વિશેષ સૌરાષ્ટ્ર પ્રો ટી ટવેન્ટી લીગ સ્પર્ધા તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને વરસાદ પૂર્વે અંડર ૧૯ ના ખેલાડીઓની સ્પર્ધાઓને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવે.

# આઈપીએલના ઈતિહાસમાં સુનિલ નરેનના નામે ગજબનો રેકોર્ડ, વિસ્ફોટક બેટરો પણ તેની સામે ફેલ

(એજન્સી દ્વારા)

કોલકતા : આઈપીએલ ઈતિહાસમાં અનેક મહાન બેટ્સમેનોએ રેકોર્ડ બનાવ્યા છે, પરંતુ ૧૯ વર્ષની સફરમાં એક એવો અનોખો રેકોર્ડ છે જે માત્ર એક જ ખેલાડીના નામે છે. વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સુનીલ નરેને આઈપીએલમાં ઓપનિંગ કરવાથી લઈને ૧૧ નંબર સુધી, એટલે કે તમામ પોઝિશન પર બેટિંગ કરી છે. સામાન્ય રીતે બોલિંગ માટે જાણીતા નરેનને કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે દરેક ક્રમ પર અજમાવ્યો છે.



સુનીલ નરેન જ્યારે પણ ટોપ ઓર્ડરમાં બેટિંગ કરવા આવ્યો છે ત્યારે તેણે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી છે. નરેને ૧૨૬ ઈનિંગ્સમાં ૧૬૫.૩૦ના શાનદાર સ્ટ્રાઈક રેટથી કુલ ૧૮૨૦ રન બનાવ્યા છે. તેણે ઓપનિંગ આવીને ૧૭૭.૯૮ના સ્ટ્રાઈક રેટથી ૧૩૪૨ રન ફટકાર્યા છે, જેમાં ૧ સદી અને ૬ અર્ધસદી સામેલ છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૧૦૯ રન છે. રસપ્રદ વાત એ છે કે મિડલ ઓર્ડરમાં (નંબર ૪, ૫ કે ૬ પર) નરેનનું પ્રદર્શન નબળું રહ્યું છે અને ત્યાં તેની સરેરાશ ૧૦ રનથી પણ ઓછી છે.

સુનીલ નરેન માત્ર આક્રમક બેટર જ નહીં, પરંતુ આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના બોલરોમાં ત્રીજા સ્થાને છે. તેણે અત્યાર સુધી કુલ ૨૦૭ વિકેટ ઝડપી છે અને તે કેકેઆર તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે. ટી૨૦ ક્રિકેટમાં જ્યાં બેટ્સમેનો રન લૂંટતા હોય છે, ત્યાં નરેનનો ઈકોનોમી રેટ ૭ની આસપાસ રહે છે, જે તેની બોલિંગ પરની પકડ દર્શાવે છે. તે આઈપીએલમાં ઘણી વખત મેચમાં ૪ કે તેથી વધુ વિકેટ લેવાની સિદ્ધિ પણ મેળવી ચૂક્યો છે.

# ક્રિકેટમાં કૌશલ્યની સાથે ધીરજની પણ કસોટી થાય છે અને તેં એ બન્નેને સારી રીતે સંભાળ્યાં



(એજન્સી દ્વારા)


મુંબઈ : ૨૬ વર્ષના ઑલરાઉન્ડર અર્જુન તેન્ડુલકરને શનિવારે સીઝનના અંતમાં નવી ટીમ લખનઉ સુપર જાયન્ટ્સ માટે રમવાની તક મળી હતી. તેણે આઠમા ક્રમે બૅટિંગ કરીને પાંચ બૉલમાં અણનમ પાંચ રન કર્યા હતા. આ ડાબોડી ફાસ્ટ બોલરે ૪ ઓવરમાં ૩૬ રન આપીને પ્રભસિમરન સિંહને ન્મ્ઉ આઉટ કર્યો હતો. આ મૅચમાં અગાઉ પણ અર્જુને પ્રભસિમરન સિંહને આઉટ કરવાની તક ઊભી કરી હતી, પણ વિકેટકીપર રિષભ પંતે કૅચ ડ્રૉપ કર્યો હતો. ન્માં અર્જુન તેન્ડુલકર અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ માટે ૨૦૨૩ અને ૨૦૨૪માં પાંચ મૅચ રમ્યો હતો અને ત્રણ વિકેટ લીધી હતી.

સતત ૧૩ મૅચમાં ડગઆઉટમાં બેઠા બાદ સીઝનના અંતે રમનાર અર્જુન માટે તેના પપ્પા અને ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેન્ડુલકરે સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર લખ્યું હતું, ‘શાબાશ અર્જુન. આ સીઝનમાં તેં જે રીતે વર્તન કર્યું છે એના પર મને ગર્વ છે. હંમેશાં તારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખીને, ધીરજ રાખીને, શાંતિથી સખત મહેનત કરીને છેલ્લી મૅચ સુધી તકની રાહ જોવી પડી હોવા છતાં તું સકારાત્મક રહ્યો. ક્રિકેટમાં કૌશલ્યની સાથે ધીરજની પણ કસોટી થાય છે અને તેં આ બન્નેને સારી રીતે સંભાળ્યાં. તારા પગ જમીન પર મજબૂત રાખજે અને હંમેશની જેમ રમતને પ્રેમ કરતો રહેજે. લવ યુ.’

# આઈપીએલથી બહાર થયા બાદ ભાવુક થયો રિષભ પંત, ઈમોશનલ વીડિયો વાઈરલ; ભવિષ્ય ધૂંધળું

(એજન્સી દ્વારા)

લખનઉ : ઋષભ પંત માટે આઈપીએલ ખૂબ જ નિરાશાજનક રહી છે. હાલમાં સોશિયલ મીડિયા પર પંતનો એક ઈમોશનલ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આઈપીએલમાંથી બહાર થયા બાદ ૨૭ કરોડના આ કેપ્ટને ફેન્સનો આભાર માન્યો હતો, પરંતુ તેમના ચહેરા પરની નિરાશા અને અવાજમાં છુપાયેલું દર્દ ચર્ચાનો વિષય બન્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯મી સીઝન વિકેટ કીપર બેટ્સમેન ઋષભ પંત માટે ભૂલી જવા જેવી રહી છે. પંત આ સીઝનમાં ન તો બેટથી કોઈ કમાલ કરી શક્યા, ન તો તેમની કેપ્ટનશીપ સફળ રહી. લખનૌ સુપર જાયન્ટ્સની સતત હાર, ખરાબ કેપ્ટનશીપ, ફ્લોપ બેટિંગ અને સતત વધતા દબાણ વચ્ચે હવે તેમનો એક ભાવુક વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ ફેન્સ વચ્ચે એ ચર્ચા તેજ થઈ ગઈ છે કે શું પંત પર કેપ્ટનશીપનું દબાણ હવે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે?



આઈપીએલ ૨૦૨૬માં લખનઉ સુપર જાયન્ટ્સની ટીમ ૧૪ મેચમાંથી માત્ર ૪ મેચ જીતી શકી હતી, અને પોઈન્ટ્સ ટેબલમાં સૌથી છેલ્લા સ્થાને રહી હતી. ગત સીઝનમાં સાતમા સ્થાને રહ્યા બાદ આ વખતે ટીમનું છેક છેલ્લે પટકાવું એ ફ્રેન્ચાઈઝી માટે બહુ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. લખનઉ સુપર જાયન્ટ્સે ૨૦૨૫ના મેગા ઓક્શન દરમિયાન ઋષભ પંતને ૨૭ કરોડ રૂપિયાની રેકોર્ડબ્રેક કિંમતે ખરીદ્યો હતો, જેથી ટીમને તેમની પાસેથી મોટી આશાઓ હતી, પરંતુ પંત આ અપેક્ષાઓ પર ખરા ઉતરી શક્યા નહોતા.

ઋષભ પંતે કહ્યુ કે “ખૂબ ખૂબ આભાર. આ સીઝન અમારા માટે ખૂબ જ મુશ્કેલ રહી. અમે ખૂબ મહેનત કરી હતી. દરેક પરિસ્થિતિમાં ટીમને સપોર્ટ કરવા બદલ હું તમારો આભારી છું. અમે મજબૂત વાપસી કરીશું, બસ ટીમ પર તમારો ભરોસો જાળવી રાખજો.”

# એક્ટર રામ ચરણે ક્રિકેટર જસપ્રીત બુમરાહને ફુટબોલર કહ્યા બાદ માફી માગતી પોસ્ટ કરી

(એજન્સી દ્વારા)

ભોપાલ : ભોપાલમાં ઍક્શન-ડ્રામા ફિલ્મ ‘પેદ્દી’ના પ્રમોશનના કાર્યક્રમમાં ઍક્ટર રામ ચરણે મોટી ભૂલ કરી હતી. રૅપિડ ફાયર રાઉન્ડમાં તેણે ક્રિકેટર જસપ્રીત બુમરાહને ફુટબૉલર સમજીને કહ્યું હતું કે ‘જસપ્રીત બુમરાહજી, હું તમારો સૌથી મોટો ચાહક છું. મને ફુટબૉલ ગમે છે. તમે ફુટબૉલને એક નવા સ્તરે લઈ જઈ રહ્યા છો.’



વિશાળ ભીડ સામે સ્ટેજ પર આવી ભૂલ કરનાર રામ ચરણનો વિડિયો સોશ્યલ મીડિયા પર ભારે વાઈરલ થયો હતો. ત્યાર બાદ રામ ચરણે સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પર પોસ્ટમાં જસપ્રીત બુમરાહને ટૅગ કરીને લખ્યું હતું, ‘ક્યારેક નામ યાદ રાખવાની વાત આવે ત્યારે હું ખરેખર ભૂલી જાઉં છું. આ ભૂલ બદલ હું તારી (જસપ્રીત બુમરાહની) માફી માગું છું. ઉત્તેજના અને ભીડ વચ્ચે એ ખરેખર એક માનવીય ભૂલ હતી. મને તારા માટે ખૂબ આદર છે અને હું તારી રમતનો ખૂબ મોટો ચાહક છું. જ્યારે તું સતત બૅટ્સમેનોને પાછળ ધકેલી દે છે ત્યારે દરેક ભારતીય ગર્વ અનુભવે છે.’

ગઈ કાલે રાજસ્થાન રૉયલ્સ સામે મુંબઈ ઈન્ડિયન્સના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવ્યો હતો. વર્તમાન સીઝનમાં જસપ્રીત બુમરાહ ૧૩માંથી ૯ મૅચમાં વિકેટલેસ રહ્યો હતો અને બાકીની મૅચમાં માત્ર ૪ વિકેટ લઈ શક્યો હતો. એક દાયકા બાદ તે એક આઈપીએલ સીઝનમાં સિંગલ ડિજિટમાં વિકેટ લઈ શક્યો હતો. ૨૦૧૩માં બે મૅચમાં ત્રણ વિકેટ, ૨૦૧૪માં ૧૧ મૅચમાં પાંચ વિકેટ અને ૨૦૧૫માં ૪ મૅચમાં ૩ વિકેટ લીધા બાદ તેણે સતત ૯ સીઝનમાં ડબલ ડિજિટમાં વિકેટ લીધી હતી. જોકે મુંબઈના વર્તમાન ૧૪ બોલર્સ વચ્ચે તેનો ૮.૩૬નો ઈકૉનૉમી રેટ સૌથી સારો હતો. તેની ૧૦૨.૫૦ની બોલિંગ-ઍવરેજ એક આઈપીએલ સીઝનમાં કોઈ પણ બોલર દ્વારા સૌથી ખરાબ ઍવરેજ બની હતી. આ સીઝનમાં તેણે ૪૯ ઓવરમાં ૪૧૦ રન આપીને ૪ વિકેટ લીધી છે.

# ગીલ - સાંઈની ઓપનિંગ જોડી સૌથી શ્રેષ્ઠ : રૈના



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : પૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ ગુજરાત ટાઈટન્સના ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલ અને સાંઈ સુદર્શનને આઈપીએલ ઈતિહાસની શ્રેષ્ઠ બેટિંગ જોડી ગણાવી છે. ગિલ અને સાઈ સુદર્શનએ આઈપીએલ ૨૦૨૬માં શાનદાર અને રેકોર્ડબ્રેકિંગ પ્રદર્શન કર્યું છે. બંનેએ મળીને દસમી સદીની ભાગીદારી નોંધાવી હતી, જેના સાથે તેમણે ક્રિસ ગેલ - વિરાટ કોહલી, બાબર આઝમ - મોહમ્મદ રિઝવાન અને એબી ડિવિલિયર્સ - વિરાટ કોહલીની પ્રખ્યાત જોડીઓના રેકોર્ડની બરાબરી કરી હતી. રૈનાએ કહ્યું, “શુભમન ગિલ અને સાંઈ સુદર્શન આઈપીએલ ઈતિહાસની શ્રેષ્ઠ બેટિંગ જોડી છે. બંનેએ સાથે મળીને ૪૬ ઈનિંગ્સમાં ૨૧ વખત ૫૦થી વધુ રનની ભાગીદારી કરી છે. બંને એકબીજાની રમતના પૂરક છે.”

# પ્રભસિમરન સિંહ બે આઈપીએલ સીઝનમાં ૫૦૦+ રન બનાવનાર પ્રથમ અનકેપ્ડ ખેલાડી બન્યો



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પંજાબ કિંગ્સ માટે ૨૦૧૯થી રમનાર પચીસ વર્ષના પ્રભસિમરન સિંહે આઈપીએલમાં મોટો રેકૉર્ડ પોતાના નામે કર્યો છે. ઓપનર પ્રભસિમરન સિંહ બે આઈપીએલ સીઝનમાં ૫૦૦ પ્લસ રન કરનાર પહેલો અનકૅપ્ડ એટલે કે ઈન્ટરનૅશનલ ક્રિકેટ ન રમનાર ખેલાડી બન્યો છે.

# અર્શદીપ સિંહે લાગલાગટ ત્રીજી સીઝનમાં ૫૦૦+ રન આપી દીધા

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬માં પંજાબ કિંગ્સનો ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ સાથી-ક્રિકેટર્સની મજાક ઉડાડવા બદલ, ગર્લફ્રેન્ડની બૅગ ઉઠાવીને ટ્રાવેલ કરવા સહિત ખરાબ ફીલ્ડિંગને કારણે ચર્ચામાં રહ્યો છે. શનિવારે લખનઉ સામે વિકેટલેસ રહીને બાવન રન આપનાર અર્શદીપ સિંહ પંજાબ તરફથી ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૭ મૅચમાં ૫૦+ રન આપનાર ખેલાડી બન્યો છે. ૨૭ વર્ષના અર્શદીપ સિંહે સૌથી વધુ ત્રણ આઈપીએલ સીઝનમાં ૫૦૦+ રન આપવાનો અનિચ્છનીય રેકૉર્ડ પણ કર્યો છે. ૨૦૨૩ બાદ તેણે સતત ત્રીજી સીઝનમાં ૫૦૦થી વધુ રન આપ્યા છે. ૨૦૨૪ની ૧૪ મૅચમાં તેણે ૫૦૫ રન આપીને ૧૯ વિકેટ, ૨૦૨૫માં ૧૭ મૅચમાં ૫૧૮ રન આપીને ૨૧ વિકેટ અને ૨૦૨૬ની ૧૪ મૅચમાં ૫૪૧ રન આપીને તેણે ૧૪ વિકેટ લીધી હતી. અગાઉ યુઝવેન્દ્ર ચહલ, રાશિદ ખાન અને મોહમ્મદ સિરાજ બે-બે સીઝનમાં ૫૦૦ પ્લસ રન આપી ચૂક્યા છે.



# કચ્છની જૈવિક વૈવિધ્યતા વિશ્વ માટે અમૂલ્ય ધરોહર

## આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ નિમિત્તે સંરક્ષણ માટે સામૂહિક પ્રયાસો પર ભાર

ભુજ - કચ્છ ઉદય : કચ્છની અનોખી પ્રાકૃતિક સંપદા, દુર્લભ વનસ્પતિ, વિશિષ્ટ વન્યજીવ અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જન જાગૃતિ ફેલાવવાના હેતુથી ભુજ ખાતે આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ-૨૦૨૬ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ - ગાંધીનગર, કચ્છ વન વર્તુળ, ગુજરાત વન વિભાગ તથા ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઈકોલોજી (ગાઈડ)-ભુજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં પર્યાવરણવિદો, સંશોધકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને વન વિભાગના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

"વૈશ્વિક અસર માટે સ્થાનિક પ્રયાસ" થીમ આધારિત આ કાર્યક્રમમાં જૈવિક વૈવિધ્યતાના સંરક્ષણ માટે સ્થાનિક લોકોની ભૂમિકા, પર્યાવરણ જતનની આવશ્યકતા અને કચ્છની વિશિષ્ટ પ્રાકૃતિક ધરોહર અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ તરીકે ઓળખાતી ગુનેરી ઈનલેન્ડ મેન્ગ્રુવ અંગે તૈયાર કરાયેલી વિશેષ પ્રોમો ફિલ્મ પણ રજૂ કરવામાં આવી હતી, જેને ઉપસ્થિતોએ ખૂબ રસપૂર્વક નિહાળી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ અને કચ્છ વન વર્તુળના વન સંરક્ષક ડો. ધીરજ મિત્તલે જણાવ્યું હતું કે કચ્છ જિલ્લો જૈવિક સંપદાઓથી સમૃદ્ધ અને કુદરતી વૈવિધ્યતાનો અનોખો પ્રદેશ છે. અહીં જોવા મળતી વનસ્પતિ, પક્ષીઓ, વન્યજીવો અને દરિયાઈ પર્યાવરણ સમગ્ર વિશ્વ માટે મહત્વ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે નાનામાં નાના જીવનું પણ પર્યાવરણના સંતુલનમાં વિશેષ મહત્વ હોય છે અને જીવસૃષ્ટિના સંરક્ષણ માટે સ્થાનિક સ્તરે લોકોની સક્રિય ભાગીદારી સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

ડો. મિત્તલે વધુમાં જણાવ્યું હતું કે ગુનેરી ઈનલેન્ડ મેન્ગ્રુવ માત્ર કચ્છ માટે જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન છે. પ્રકૃતિએ કચ્છને આપેલી આ અનમોલ ભેટનું જતન અને સંરક્ષણ આગામી પેઢીઓ માટે કરવું એ સૌની સંયુક્ત જવાબદારી છે. ગુજરાત જૈવ વિવિધતા બોર્ડના ડી.સી.એફ. શ્રેયસ પટેલે "જૈવિક વિવિધતા અધિનિયમ-૨૦૦૨", બોર્ડની વિવિધ કામગીરીઓ તથા "એક્સેસ એન્ડ બેનિફિટ શેરિંગ" માળખા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બાયોડાયવર્સિટી સંરક્ષણમાં ગ્રામજનોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે અને સ્થાનિક સ્તરે લોકો જોડાશે તો જ પ્રાકૃતિક સંપદાનું સાચું જતન શક્ય બનશે. ગુનેરી ઈનલેન્ડ મેન્ગ્રુવ સાઈટના વિકાસ દ્વારા સ્થાનિક લોકોને રોજગારી અને આર્થિક લાભ પણ મળી શકે તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું.

ગાઈડ સંસ્થાના વૈજ્ઞાનિક ડો. જયેશ ભટ્ટે બાયોડાયવર્સિટી મેનેજમેન્ટ કમિટી તથા પીપલ્સ બાયોડાયવર્સિટી રજિસ્ટરની ભૂમિકા અંગે સમજણ આપતાં જણાવ્યું હતું કે ગ્રામજનો જ પ્રકૃતિના સાચા સંરક્ષક છે. ગામ સ્તરે બાયોડાયવર્સિટી કમિટીઓ વધુ સક્રિય બને અને સ્થાનિક જૈવિક માહિતીનું દસ્તાવેજીકરણ થાય તે માટે તેમણે અનુરોધ કર્યો હતો. પશ્ચિમ કચ્છ વન વિભાગના ડી.સી.એફ. હર્ષ ઠક્કરે "જૈવ વિવિધતા - માનવ જીવનનો અભિન્ન ભાગ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે તે માટે દરેક વ્યક્તિએ પોતાના દૈનિક જીવનમાં પર્યાવરણમૈત્રી પગલાં ભરવા જોઈએ. કચ્છ બાયોસ્ફિયર રિઝર્વ જાહેર થયા બાદ જિલ્લાના દુર્લભ વન્યજીવો અને વનસ્પતિના સંરક્ષણ માટે વધુ જવાબદારી ઊભી થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગાઈડના પ્રોજેક્ટ આસિસ્ટન્ટ વિવેક ચૌહાણે જિલ્લામાં જોવા મળતી વિવિધ વૃક્ષ પ્રજાતિઓ અંગે ફોટોગ્રાફ સાથે માહિતી આપી હતી. જ્યારે સરહદ ડેરીના મધમાખી પ્રોજેક્ટ હેડ અનિલ મહેતાએ મધમાખી ઉછેરના પર્યાવરણીય અને આર્થિક મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મધમાખીઓ કૃષિ ઉત્પાદન વધારવામાં અને પરાગસંચય દ્વારા પર્યાવરણના સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ અને જૈવ વિવિધતા સંરક્ષણ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. મીઠા ગૂગળના સંરક્ષણ માટે અરવિંદભાઈ આથા, હજારો વર્ષ જૂના કલ્પવૃક્ષના જતન માટે માવજીભાઈ કાબળિયા, દુર્લભ વનસ્પતિના રક્ષણ માટે જીતુભા જાડેજા તથા ગુનેરી બાયોડાયવર્સિટી મેનેજમેન્ટ કમિટીને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાઈડ સંસ્થાના ડિરેક્ટર વી. વિજયકુમારે કચ્છની ભૌગોલિક, સામાજિક અને પર્યાવરણીય વૈવિધ્યતાનો ઉલ્લેખ કરતાં જિલ્લામાં સંતુલિત અને ટકાઉ વિકાસ માટે સહિયારા પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે મંચસ્થ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ કચ્છ વન વિભાગ દ્વારા ઉપસ્થિતોને રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આભારવિધિ તૃપ્તિ ગોહેલે કરી હતી. કાર્યક્રમમાં ભુજ તાલુકા વિકાસ અધિકારી દીક્ષિત ઠક્કર, નાબાર્ડના ડીડીએમ નિરજકુમાર, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંશોધકો, વિદ્યાર્થીઓ, વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# એમઆરપી અંગે કડક કાયદાની માંગ સાથે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતની કચ્છ કલેક્ટરને રજૂઆત

**ગ્રાહકો સાથે થતી છેતરપીંડી રોકવા મહત્તમ છૂટક કિંમતની છપાય માટે સ્પષ્ટ નીતિ-નિયમો ઘડવાની માંગ**



ભુજ - કચ્છઉદય : અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા મહત્તમ છૂટક કિંમતની છપાઈ અંગે કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ નીતિ-નિયમો અને કાયદો ઘડવાની માંગ સાથે કચ્છ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

ગ્રાહક પંચાયત છેલ્લા ૫૩ વર્ષોથી દેશના વિવિધ રાજ્યોના ૪૦૦થી વધુ જિલ્લાઓમાં બિનરાજકીય સ્વયંસેવી સંગઠન તરીકે કાર્યરત છે. સંસ્થા ગ્રાહક જાગૃતિ, ગ્રાહક પ્રશિક્ષણ તથા ગ્રાહક સમસ્યાઓ માટે નિ:શુલ્ક માર્ગદર્શન આપતી આવી છે. રજૂઆતમાં જણાવાયું હતું કે હાલમાં ભારતમાં વસ્તુઓ અને સેવાઓ પર મહત્તમ છૂટક કિંમત છાપવા બાબતે કોઈ સ્પષ્ટ નીતિ-નિયમો કે કાયદાકીય જોગવાઈઓ ન હોવાથી ગ્રાહકો સાથે અનેક પ્રકારની છેતરપીંડી થતી હોવાનું સામે આવી રહ્યું છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગ્રાહક પંચાયતે રાષ્ટ્રીય સ્તરે એમઆરપી છાપવાની પ્રક્રિયા માટે કડક નીતિ અને કાયદાકીય વ્યવસ્થા અમલમાં મૂકવાની માંગ કરી છે. સાથે જ ગ્રાહક હિતને ધ્યાનમાં રાખી સંભવિત ઉપાયો અને સૂચનો સાથેનું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું અને તેને સંબંધિત મંત્રાલય સુધી પહોંચાડવા માંગ કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના સંયોજક તખતસિંહ બી. સોઢા તથા સંયોજિકા રસિલાબેન ડી. પંડયા સાથે જાગૃત નાગરિકો તરીકે અલ્પેશભાઈ જાની તેમજ પ્રેમભાઈ ગુપ્તા જોડાયેલ હતા.

# ખાવડામાં ડીઝલ વિતરણમાં સ્થાનિકોને પ્રાધાન્ય આપવા માંગ તેજ

**પેટ્રોલપંપના એક નોઝલને સ્થાનિક વાહનચાલકો માટે અનામત રાખવા જાગૃત નાગરિકોની રજૂઆત : બહારગામના વાહનોની ભીડ વચ્ચે ખેડૂતો, વેપારીઓ અને રોજિંદા અવરજવર કરતા લોકો મુશ્કેલીમાં**

ભુજ - કચ્છઉદય : સરહદી અને પર્યટન ક્ષેત્ર તરીકે ઝડપથી વિકસતા ખાવડા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ડીઝલ માટે ભારે દોડધામ અને લાંબી કતારોનું દૃશ્ય સામાન્ય બની ગયું છે. બહારગામથી આવતા વાહનોની વધતી સંખ્યા અને ઈંધણની મર્યાદિત ઉપલબ્ધિના કારણે સ્થાનિક વાહનચાલકોને કલાકો સુધી રાહ જોવી પડે છે. આવી સ્થિતિ વચ્ચે ખાવડાના જાગૃત નાગરિકોએ સ્થાનિક લોકોને પ્રાથમિકતા આપતી અલગ વ્યવસ્થા ઉભી કરવા માટે રજૂઆત કરી છે.

જાગૃત નાગરિકોએ પેટ્રોલપંપ સંચાલકો અને સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરીને જણાવ્યું છે કે ખાવડા વિસ્તારના પેટ્રોલપંપમાં ઉપલબ્ધ બે નોઝલ પૈકી એક નોઝલ માત્ર સ્થાનિક વાહનચાલકો માટે અનામત રાખવામાં આવે. જેથી ગામ અને આસપાસના વિસ્તારના લોકો, ખેડૂતો, દૂધ વિતરણકારો, નાના વેપારીઓ, રોજિંદા નોકરીધંધા માટે આવનજાવન કરતા લોકો તથા આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા વાહનચાલકોને સમયસર ડીઝલ મળી શકે.

રજૂઆતમાં જણાવાયું છે કે હાલ ડીઝલ માટે સવારે જ વાહનોની લાંબી લાઈનો લાગી જાય છે. ખાસ કરીને બહારગામથી આવતા મોટા વાહનો, પર્યટકો અને ટ્રાન્સપોર્ટ વાહનોના કારણે સ્થાનિકોને ભારે મુશ્કેલી પડી રહી છે. અનેક વખત કલાકો સુધી રાહ જોવી પડતી હોવાથી લોકોના દૈનિક કાર્યો પ્રભાવિત થાય છે. ખેતીકામ માટેના ટ્રેક્ટરો, પાણી પુરવઠા માટેના ટેક્રરો તેમજ ગામડાઓમાં જીવનજરૂરી સેવાઓ માટે ચાલતા વાહનોને પણ સમયસર ડીઝલ ન મળતા મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ સરહદી વિસ્તાર હોવાના કારણે ખાવડામાં આવનજાવનનું પ્રમાણ સતત વધી રહ્યું છે. સફેદ રણ અને પર્યટન સ્થળોની લોકપ્રિયતાને કારણે પણ બહારગામના વાહનોની અવરજવર વધી છે. પરિણામે પેટ્રોલપંપ પર સ્થાનિક લોકોની જરૂરિયાતો પાછળ ધકેલાઈ રહી છે. આવી પરિસ્થિતિમાં સ્થાનિકો માટે અલગ નોઝલ રાખવાની વ્યવસ્થા કરવામાં આવે તો મોટી રાહત મળી શકે છે.

જાગૃત નાગરિકોએ વધુમાં જણાવ્યું હતું કે સ્થાનિક લોકો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે તો પેટ્રોલપંપ પરનો અવ્યવસ્થિત માહોલ પણ ઓછો થશે અને ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે. સાથે સાથે આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા વાહનોને સમયસર ઈંધણ મળી રહેશે, જેના કારણે ગામડાઓમાં દૈનિક જીવન પણ અસરગ્રસ્ત બનશે નહીં.

ખાવડા વિસ્તારના લોકોમાં હાલ એવી લાગણી વ્યાપી રહી છે કે સ્થાનિકોની મૂળભૂત જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જરૂરી બની ગઈ છે. લોકોનો મત છે કે સરહદી અને દુરસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને ઈંધણ જેવી જીવનજરૂરી સુવિધા માટે હેરાનગતિ ન ભોગવવી પડે તે માટે તંત્રએ તાત્કાલિક સંવેદનશીલ અભિગમ અપનાવી યોગ્ય આયોજન કરવું જોઈએ.

આ રજૂઆતને લઈ સ્થાનિકોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે પેટ્રોલપંપ સંચાલકો અને વહીવટી તંત્ર સ્થાનિકોની સમસ્યાને ગંભીરતાથી લઈ ઝડપથી યોગ્ય નિર્ણય કરશે, જેથી ખાવડા વિસ્તારમાં ડીઝલ વિતરણ વ્યવસ્થામાં રાહત અને સુચારૂતા ઉભી થઈ શકે.

# એશિયન ગેમ્સની તૈયારીઓ વચ્ચે અનોખું દ્રશ્ય

**કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ મહિલા કબડ્ડી ખેલાડીઓ સાથે મેદાનમાં ઉતરી દર્શાવ્યો ખેલપ્રેમ**

અમદાવાદ - કચ્છ ઉદય : ગુજરાતના ગાંધીનગર સ્થિત ભારતીય ખેલકૂદ પ્રાધિકરણ (સાઈ) નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ચાલી રહેલા સિનિયર મહિલા રાષ્ટ્રીય કબડ્ડી કોચિંગ કેમ્પ દરમિયાન આજે ખેલજગતમાં યાદગાર ક્ષણ સર્જાઈ હતી. કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પોતાના ઔપચારિક કાર્યક્રમની મુલાકાત દરમ્યાન માત્ર નિરીક્ષણ પૂરતું ન રાખતાં સીધા મેદાનમાં ઉતરીને મહિલા કબડ્ડી ખેલાડીઓ સાથે કબડ્ડી રમીને અનોખો ઉત્સાહ અને ખેલભાવનાનું પ્રદર્શન કર્યું હતું.

કેમ્પ દરમિયાન ખેલાડીઓ સાથે મેદાનમાં ઉતરેલા મંત્રીએ તેમની સાથે કબડ્ડી રમીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ અચાનક સર્જાયેલી રમૂજી અને પ્રેરણાદાયી પળોને કારણે કેમ્પમાં હાજર તમામ ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ખેલાડીઓએ પણ મંત્રી સાથે રમવાનો અનુભવ પોતાના માટે પ્રેરણાદાયી ગણાવ્યો હતો.ગાંધીનગરના સાઈ સેન્ટર ખાતે ચાલી રહેલો આ સિનિયર મહિલા રાષ્ટ્રીય કબડ્ડી કોચિંગ કેમ્પ આગામી એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમની પસંદગી અને તૈયારીના હેતુથી અત્યંત મહત્વનો ગણાય છે. દેશના વિવિધ રાજ્યોમાંથી પસંદ કરાયેલી પ્રતિભાશાળી મહિલા કબડ્ડી ખેલાડીઓ અહીં કડક અને વ્યાવસાયિક તાલીમ લઈ રહી છે. કેમ્પમાં ખેલાડીઓની ફિટનેસ, રિફ્લેક્સ, ટેકનિકલ કુશળતા, ડિફેન્સ અને આક્રમણાત્મક રણનીતિ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કોચિંગ સ્ટાફ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ તાલીમ આપવામાં આવી રહી છે, જેથી ખેલાડીઓ દબાણ હેઠળ પણ શ્રેષ્ઠ પ્રદર્શન આપી શકે. આ કેમ્પના પ્રદર્શનના આધારે જ આગામી એશિયન ગેમ્સ માટે ભારતીય મહિલા કબડ્ડી ટીમની અંતિમ પસંદગી કરવામાં આવશે. હાલની ખેલાડીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી રહી છે અને દરેક ખેલાડી પોતાનું સ્થાન ટીમમાં પાકું કરવા માટે પૂરજોશ તૈયારી કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે ભારતીય મહિલા કબડ્ડી ટીમે અગાઉની એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જે દેશ માટે ગૌરવની ક્ષણ રહી હતી. આ સફળતાને જાળવી રાખવા અને વધુ મજબૂત પ્રદર્શન કરવા માટે હાલ ગાંધીનગર કેમ્પમાં ખેલાડીઓ સંપૂર્ણ સમર્પણ સાથે તૈયારી કરી રહી છે. ડૉ. મનસુખ માંડવિયાની હાજરી અને તેમના દ્વારા મેદાનમાં ઉતરી ખેલાડીઓ સાથે રમવાની ઘટનાએ સમગ્ર કેમ્પમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો, જે ખેલાડીઓ માટે આવનારા ટૂર્નામેન્ટ માટે પ્રેરણાનું કાર્ય કરશે.

# તુણા-કિડાણા-ભારાપર માર્ગના સુધારણા માટે માંગ ઉઠી

ગાંધીધામ - કચ્છઉદય : તુણા, કિડાણા અને ભારાપરને જોડતા માર્ગની હાલત અત્યંત જર્જરિત બની જતા માર્ગના તાત્કાલિક સુધારણા માટે માંગ ઉઠી છે.

શહેરના જાણીતા ઉદ્યોગપતિ સુરેશ ગુપ્તાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, કંડલા અને મુંદરા જેવા મહાબંદરોના વિકાસને કારણે સમગ્ર વિસ્તાર ઝડપથી ઔદ્યોગિક પ્રગતિ તરફ આગળ વધી રહ્યો છે. સાથે જ તુણા પોર્ટનો વિકાસ પણ પ્રારંભિક તબક્કામાં આગળ વધી રહ્યો હોવાથી આગામી સમયમાં આ વિસ્તાર મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

તેમણે જણાવ્યું કે, ભાવિ વિકાસને ધ્યાનમાં રાખતાં સુરક્ષિત અને સુવિધાસભર માર્ગ વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. હાલ તુણા-કિડાણા-ભારાપરને જોડતો અંદાજે સાત કિલોમીટરનો સિંગલપટ્ટી માર્ગ ખૂબ જ ખરાબ હાલતમાં છે. અનેક સ્થળોએ રસ્તો તૂટી ગયો છે તેમજ મોટા ખાડાઓ પડતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિ અકસ્માતોની શક્યતા પણ વધારી રહી છે.

તેથી તુણા-કિડાણા-ભારાપર માર્ગનો તાત્કાલિક સર્વે કરી ખાડામુક્ત અને ડબલપટ્ટી માર્ગનું નિર્માણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સાથે જ ઔદ્યોગિક વિકાસ, ભારે વાહનવ્યવહાર અને સામાન્ય નાગરિકોની અવરજવરને ધ્યાનમાં રાખી લાંબા ગાળાના આયોજન સાથે માર્ગ નિર્માણ કરવાની પણ વહીવટીતંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

# અંજારના દિવંગત ફોટોગ્રાફરના પરિવારને એસોસિયેશન દ્વારા ૫૦ હજારની આર્થિક સહાય કરાઈ અર્પણ

અંજાર - કચ્છઉદય : અંજાર ફોટોગ્રાફર એન્ડ વીડિયોગ્રાફર એસોસિયેશનના સભ્યના આકસ્મિક અવસાન બાદ તેમના શોકગ્રસ્ત પરિવારની વહારે આવીને એસોસિયેશન દ્વારા પ્રશંસનીય માનવતાવાદી કાર્ય કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ એસોસિયેશનના સભ્ય અને સ્થાનિક ફોટોગ્રાફર સ્વ. નીતેશ વિસરિયાનું અવસાન થતાં તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. તેમના પરિવારમાં પત્ની તેમજ ચાર અને સાત વર્ષની બે માસૂમ પુત્રીઓ નિરાધાર બન્યા હોવાની કપરી પરિસ્થિતિને ધ્યાને લઈ, મરણોત્તર સહાય યોજના અંતર્ગત સીજીપીટીઆઈએ એસોસિયેશનમાં તાકીદે અરજી કરવામાં આવી હતી.

આ મુશ્કેલ સમયમાં એસોસિયેશનના સક્રિય સભ્યો પ્રકાશ ગાંધી, અજય પારેખ, ચત્રભુજ ધમાણી, મનોજ વરૂ અને વિનય ઠાકરના સઘન અને નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી દિવંગત ફોટોગ્રાફરના પરિવાર માટે રૂ. ૫૦,૦૦૦ની તાત્કાલિક આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી. આ સહાયની રકમનો ચેક અંજાર એસોસિયેશનના પ્રમુખ હરેશ મઢવી, મંત્રી વિષ્ણુ દવે, બાબુ પારિયા, મિલન સાધુ, દિવ્યંત ખાંડેકા તેમજ વરિષ્ઠ ફોટોગ્રાફરો વિનેશ ઠક્કર, અંબાલાલ પરમાર, જયેન્દ્ર મહેતા, પ્રવીણ વરૂ અને મોહન માતંગ સહિતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં પરિવારજનોને રૂબરૂ સુપ્રત કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ સફળ વર્કશોપ યોજીને ફોટોગ્રાફરોને આધુનિક ટેક્નોલોજીનું તકનીકી જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું છે. આ જ શૃંખલાના ભાગરૂપે ચાલુ વર્ષે આગામી તારીખ ૮, ૯ અને ૧૦ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે ભવ્ય 'ફોટો ફેર'નું આયોજન કરવામાં આવ્યું છે, જે આ ક્ષેત્રના વ્યવસાયીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

**સતર્ક રેલકર્મચારીઓએ ટાળી સંભવિત દુર્ઘટનાઓ**

# પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામના ચાર કર્મચારીઓને સંરક્ષા સન્માન

ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીધામ રેલવે વિભાગના ચાર કર્મચારીઓએ ફરજ દરમિયાન દાખવેલી સતર્કતા, ઝડપી નિર્ણયશક્તિ અને જવાબદારીભાવના કારણે સંભવિત રેલ દુર્ઘટનાઓ ટળી જતા પશ્ચિમ રેલવે દ્વારા તેમને "મેન ઓફ ધ મન્થ" સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેયે ચારેય કર્મચારીઓની કામગીરીને બિરદાવતાં આ સન્માન એનાયત કર્યું હતું.માહિતી મુજબ ગાંધીધામના માલગાડી મેનેજર ચંદ્રશેખર સિંહ ટ્રેનની તપાસ દરમિયાન લોડ અને બ્રેકવાન વચ્ચે કપલરમાં અસામાન્ય અંતર હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તેમણે તાત્કાલિક પરિસ્થિતિને ગંભીરતાથી લઈ લોખંડની પ્લેટ લગાવી ખામી દૂર કરી હતી. તેમની સમયસરની કાર્યવાહીથી ટ્રેનમાં મોટી તકનિકી ખામી સર્જાતી અટકાવી શકાઈ હતી. તે જ રીતે કર્મચારી રોહિતાસિંહે સામખિયાળી સેક્શનમાંથી પસાર થતી માલગાડીના એક વેગનમાં હોટ એક્સલ જેવી ગંભીર ખામી નિહાળી હતી. તેમણે તરત જ ટ્રેન રોકાવવાની કાર્યવાહી કરી સ્ટેશન માસ્તરને જાણ કરી હતી. બાદમાં ખામીયુક્ત વેગન અલગ કરીને ટ્રેનને સુરક્ષિત બનાવવામાં આવી હતી. આ ઘટનામાં મોટી રેલ દુર્ઘટના ટળી હોવાનું રેલવે તંત્રએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં ટ્રેન મેનેજર રત્નાભાઈ પરમારે એલપીજી ટ્રેનના સંચાલન દરમિયાન ગેસ જેવી ગંધ અનુભવતા સ્ટેશન સ્ટાફને તરત ચેતવણી આપી હતી. ધનકવાડા સ્ટેશન પર તપાસ કરતાં એક વેગનમાં ગેસ લીકેજ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ સંબંધિત વિભાગોને જાણ કરી સુરક્ષા પગલાં લેવામાં આવ્યા હતા અને ખામીયુક્ત વેગનને દૂર કરવામાં આવ્યું હતું.

ટ્રેન મેન્ટેનર રાકેશ કુમારે પણ વોચમેન ડ્યૂટી દરમિયાન ટ્રેન નિર્ધારિત ગતિમર્યાદા કરતાં વધુ ઝડપે પસાર થતી હોવાનું ધ્યાનમાં આવતા તાત્કાલિક લાલ ઝંડી બતાવી ટ્રેન રોકાવી હતી. તેમની સતર્કતાના કારણે સંભવિત જોખમ ટાળી શકાયું હતું. રેલવે તંત્રએ જણાવ્યું હતું કે કર્મચારીઓની આવી ફરજનિષ્ઠા અને સાવચેતી રેલવે સુરક્ષા માટે પ્રેરણારૂપ છે. ગાંધીધામ રેલવે વિભાગના કર્મચારીઓની કામગીરીને મુસાફરો તથા રેલવે તંત્ર દ્વારા પણ પ્રશંસા મળી રહી છે.

# અંજાર ડિસ્ટ્રીબ્યુટર એસોસીએશનની નવી કારોબારીની વરણી

અંજાર - કચ્છ ઉદય : અંજાર ડિસ્ટ્રીબ્યુટર એસોસીએશનની તાજેતરમાં યોજાયેલી સામાન્ય બેઠકમાં સંસ્થાની નવી કારોબારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

વેપારી હિતો, સભ્યો વચ્ચે સંકલન તેમજ વેપાર ક્ષેત્રે સંગઠનને વધુ સક્રિય બનાવવા અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સંસ્થાના પ્રમુખ તરીકે તુષાર જોબનપુત્રાની પસંદગી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે રશ્મિન રાજાની વરણી કરવામાં આવી હતી. મંત્રી તરીકે હાર્દિક પલણ તેમજ સહમંત્રી તરીકે યજ્ઞેશ વાઘેલાને જવાબદારી સોંપવામાં આવી હતી. ખજાનચી તરીકે ભરત ચંદેની નિમણૂક કરવામાં આવી હતી. સંસ્થાના ઓડિટર તરીકે પ્રમોદ કોટેચા, સોશિયલ મીડિયા સંકલન માટે રાજ સોમૈયાની પસંદગી કરવામાં આવી હતી. ઉપરાંત કારોબારી સભ્યો તરીકે પરેશ દક્ષિણી, આશિષ ઉદવાણી, ઠાકુર આશનાની, કુલીન પલણ, ધર્મેશ ઠક્કર, કિરણ મીરાણી અને હિમાંશુ કોડરાણીની વરણી કરવામાં આવી હતી.

નવી ટીમે સંસ્થાને વધુ મજબૂત બનાવી વેપારીઓના પ્રશ્નોને પ્રાથમિકતા સાથે ઉકેલવા તેમજ વેપાર ક્ષેત્રે એકતા જાળવી વિકાસલક્ષી કામગીરી હાથ ધરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સમયોગા મહોત્સવે ભુજમાં શાસ્ત્રીય કલા અને સંસ્કૃતિનો રંગ જમાવ્યો

ભુજ - કચ્છ ઉદય : ભુજમાં અદ્વયા સંસ્થા દ્વારા આયોજિત ત્રણ દિવસીય 'સમયોગા - એડિશન ૨' શાસ્ત્રીય નૃત્ય મહોત્સવે ભારતીય કલા, સંસ્કૃતિ અને અભિવ્યક્તિના વિવિધ આયામોને જીવંત બનાવી દીધા હતા. શાસ્ત્રીય નૃત્ય અને સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા યોજાયેલા આ મહોત્સવમાં કચ્છ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાંથી આવેલા કલાકારો, વિદ્યાર્થીઓ અને કલારસિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ મહોત્સવ દરમિયાન અંદાજે ૪૦ જેટલા કલાકારો વર્કશોપ તેમજ વિવિધ પ્રસ્તુતિઓ સાથે જોડાયા હતા. અમદાવાદ, વડોદરા, અંજાર, માંડવી અને ભુજ સહિતના વિસ્તારોમાંથી આવેલા કલાકારોની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને વૈવિધ્યસભર બનાવ્યો હતો. કાર્યક્રમમાં ભારતીય શાસ્ત્રીય નૃત્યની પરંપરા સાથે આધુનિક અભિવ્યક્તિનું પણ સુંદર સંકલન જોવા મળ્યું હતું.

મહોત્સવના મુખ્ય આકર્ષણરૂપ 'અભિનય અને મૂવમેન્ટ' વિષયક વિશેષ વર્કશોપનું માર્ગદર્શન ચેન્નઈથી આવેલા વિદૂષી અંજલિ હરિહરન દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે કલાકારોને અભિનયની સૂક્ષ્મતાઓ, સાત્ત્વિક ભાવ, પૌરાણિક પાત્રોની આંતરિક સમજ અને અભિવ્યક્તિના વિવિધ સ્તરો અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. વર્કશોપ દરમિયાન ભાગ લેનાર કલાકારોને નૃત્યને માત્ર પ્રસ્તુતિ નહીં પરંતુ આંતરિક અભિવ્યક્તિનું માધ્યમ તરીકે સમજવાની તક મળી હતી. ટાઉનહોલ ખાતે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં વિવિધ શાસ્ત્રીય અને સર્જનાત્મક નૃત્ય પ્રસ્તુતિઓએ ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દેવાંશી સોમપુરા દ્વારા રજૂ કરાયેલ એકલ નૃત્ય તેમજ 'માડી તારું કંકુ ખર્યું' પ્રસ્તુતિને વિશેષ પ્રશંસા મળી હતી. ઉપરાંત અંજલિ હરિહરન દ્વારા રજૂ કરાયેલ મીરાં ભજન પર આધારિત ભાવસભર નૃત્ય અભિવ્યક્તિએ સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક રંગમાં રંગી દીધું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલ, યુથ ડેવલપમેન્ટ અધિકારી દેવાંશી ગઢવી તથા જાણીતા સંગીતકાર કીર્તિભાઈ વરસાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આવા કલાત્મક આયોજનો યુવાનોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે લગાવ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમનું સંચાલન કપિલ ગોસ્વામીએ કર્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ 'સમયોગા'નો મુખ્ય હેતુ કચ્છમાં શાસ્ત્રીય કલા માટે એક સશક્ત અને અર્થપૂર્ણ મંચ ઊભું કરવાનો છે, જ્યાં કલાકારો, વિદ્યાર્થીઓ અને કલારસિકો એકત્રિત થઈ ભારતીય કલા અને સંસ્કૃતિનો જીવંત અનુભવ કરી શકે.

# કારકિર્દી માટે વહેલી તૈયારી સફળતાની ચાવી

## સિનુગ્રામાં વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો, સંઘર્ષ વચ્ચે સફળ થયેલા વિદ્યાર્થીઓ સન્માનિત

અંજાર - કચ્છ ઉદય : બદલાતા સમય અને વધતી સ્પર્ધા વચ્ચે વિદ્યાર્થીઓએ માધ્યમિક કક્ષાથી જ પોતાના ભવિષ્ય અંગે ગંભીરતાથી વિચારવાનું શરૂ કરવું જોઈએ તેવી સલાહ સિનુગ્રા ખાતે યોજાયેલા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમમાં વક્તાઓએ આપી હતી. ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ, મેડિકલ ક્ષેત્ર અને વોકેશનલ કોર્સ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શહેરની ડી.વી. હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી ધોરિયાએ પાયાના શિક્ષણને જીવનનું મજબૂત આધારસ્તંભ ગણાવી વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે ગંભીર બનવા પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શાળાકાળ દરમિયાન જ મેળવાતું જ્ઞાન અને સંસ્કાર ભવિષ્યમાં વ્યક્તિના વ્યક્તિત્વ અને કારકિર્દીને દિશા આપે છે.

ચાંદ્રોડા માધ્યમિક શાળાના મોહનભાઈ ફફલે વિદ્યાર્થીઓને પોતાની આવડત અને રસને ઓળખીને શરૂઆતથી જ કારકિર્દીનું આયોજન કરવાની જરૂરિયાત સમજાવી હતી. યોગ્ય માર્ગદર્શન અને મહેનત દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સફળતા હાંસલ કરી શકે છે તેવું તેમણે જણાવ્યું હતું.શારદા સ્કિલ હાઉસના પ્રશિક્ષક આરતીબેન ગઢવીએ મેડિકલ અને નર્સિંગ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ તક અને રોજગાર સંભાવનાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આરોગ્ય ક્ષેત્રે સતત વધી રહેલી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યુવાઓ માટે આ ક્ષેત્ર ઉજ્જવળ ભવિષ્ય પૂરું પાડી શકે છે તેમ જણાવ્યું હતું.

કેજીકે વોકેશનલ એજ્યુકેશનના ટ્રસ્ટી વિનોદભાઈ પઢિયાર અને કોલેજના આચાર્ય આકાશ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને કૌશલ્ય આધારિત શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. માત્ર ડિગ્રી નહીં પરંતુ વ્યવહારુ જ્ઞાન અને ટેકનિકલ કુશળતા આજના યુગમાં સફળતા માટે જરૂરી બની હોવાનું તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે અભ્યાસમાં ઉત્કૃષ્ટ સફળતા મેળવનારા કેએમવીએસ સંસ્થાના 'અખર સેન્ટર'ના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. જાનવીબેન બલરામભાઈ મહેશ્વરી અને ખંભરાના દિવ્યાબેન ખેતશીભાઈ મહેશ્વરીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સાથે જ પારિવારિક મુશ્કેલીઓ સામે લડી અભ્યાસમાંથી ડ્રોપઆઉટ થયા બાદ ફરી અભ્યાસ શરૂ કરીને બોર્ડ પરીક્ષા પાસ કરનાર અને નર્સિંગ ક્ષેત્રે વોકેશનલ તાલીમ પૂર્ણ કરનાર દીકરીને પ્રોત્સાહનરૂપ સન્માન આપવામાં આવ્યું હતું. તેમને માર્ગદર્શન અને સહયોગ આપનારા શિક્ષક દશરથ બોખાણીનું પણ કાર્યક્રમમાં વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શારદા સ્કિલ હાઉસના પ્રોજેક્ટ ચેરપર્સન ઈલાબેન ગોસ્વામી, સિનુગ્રા મહેશ્વરી સમાજના ઉપપ્રમુખ કાનજીભાઈ મહેશ્વરી સહિતના આગેવાનો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભચાઉમાં યુવતીને બ્લેકમેઇલ કરી દુષ્કર્મ આચરનાર આરોપી સામે ગુનો નોંધાયો

ગાંધીધામ - કચ્છ ઉદય : ભચાઉ પોલીસ સ્ટેશનમાં પશ્ચિમ બંગાળના ગંગારામપુર વિસ્તારમાં રહેતી એક યુવતીની ફરિયાદના આધારે દુષ્કર્મ, ધમકી અને બ્લેકમેઈલિંગ અંગે ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ફરિયાદી યુવતી ભચાઉ ખાતે એક ખાનગી કંપનીમાં કામ કરતી હતી, તે દરમિયાન તેની ઓળખ ગંગારામપુર વિસ્તારમાં રહેતા એક યુવક સાથે થઈ હતી. ઓળખાણ બાદ આરોપીએ યુવતી સાથે નજીકતા વધારી હતી અને ત્યારબાદ તેની કેટલીક ખાનગી તસવીરો તથા વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ આરોપીએ યુવતીને જાનથી મારી નાખવાની તથા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ યુવતી પાસેથી સોનાના દાગીના તેમજ આશરે રૂપિયા ૧.૭૦ લાખ જેટલી રકમ પણ કબજે કરી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. સમગ્ર મામલે ભચાઉ પોલીસ દ્વારા ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપી હાલ ફરાર હોવાનું જાણવા મળ્યું છે અને તેને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર બનાવને લઈને વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

# રાપર ટાઉનમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા, રોકડ સહિત મુદ્દામાલ કબજે

ગાંધીધામ - કચ્છ ઉદય : રાપર પોલીસ દ્વારા જાહેરમાં જુગાર રમતા તત્વો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ તા. ૨૫/૦૫/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે રાપર ટાઉન વિસ્તારમાં દૂધેરી વિસ્તાર તરફ જતા રોડ પર સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

પોલીસે સ્થળ પરથી કિશન ભવનભાઈ કોળી, મનસુખ માલસંગભાઈ કોળી, અજીત વાલાભાઈ કોળી, ફરેશ નથશીભાઈ કોળી તેમજ દેવાભાઈ કરમણભાઈ કોળી રહે. દૂધેરી વિસ્તાર, રાપર કચ્છને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી જુગાર રમવામાં વપરાતી ગંજીપાનાં પત્તા, રોકડ રકમ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૧૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી પોલીસ કોન્સ્ટેબલ મયુરસિંહ ઉર્ફે સરવૈયાની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી.

# જીકાસ પ્રવેશ પ્રક્રિયા : ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસનો સમય ટૂંકો પડતાં કચ્છના વિદ્યાર્થીઓ મૂંઝવણમાં

### ધોરણ-૧૨ની માર્કશીટ અને લિવિંગ સર્ટિફિકેટ મોડા મળતાં ફોર્મ ભરવાની મુદ્દત વધારવા જિલ્લાના વિદ્યાર્થી આલમમાં ઉઠતી વ્યાપક માંગ

ભુજ - કચ્છઉદય :કચ્છની ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો અને રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા જિલ્લાના હજારો વિદ્યાર્થીઓ માટે હાલ જીકાસ પોર્ટલ પર ફોર્મ ભરવાની પ્રક્રિયા માથાનો દુખાવો બની ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમલી બનાવાયેલી આ સેન્ટ્રલાઈઝડ પ્રક્રિયા અંતર્ગત પ્રથમ રાઉન્ડમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૮ મે જાહેર કરવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ૨૧ મે સુધી મોટાભાગના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી ઓરિજિનલ માર્કશીટ કે સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ મળ્યા ન હતા. આ સંજોગોમાં તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે માત્ર સાત દિવસ જેટલો ટૂંકો સમય મળતાં સરહદી કચ્છ જિલ્લાના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

સામાન્ય રીતે ધોરણ-૧૨નું પરિણામ જાહેર થયા બાદ પણ શાળાઓમાંથી અસલ પ્રમાણપત્રો હાથમાં આવતા સમય લાગતો હોય છે. જીકાસની ઓનલાઈન પ્રક્રિયામાં તમામ દસ્તાવેજો ડિજિટલ સ્વરૂપે અપલોડ કરવા અનિવાર્ય હોવાથી, અધૂરા ડોક્યુમેન્ટના કારણે ફોર્મ રિજેક્ટ થવાનો ભય ભુજ, અંજાર, ગાંધીધામથી લઈને અબડાસા અને રાપર જેવા છેવાડાના વિસ્તારોના વિદ્યાર્થીઓને સતાવી રહ્યો છે. કચ્છના ભૌગોલિક વિસ્તારને જોતાં ગ્રામીણ ક્ષેત્રોમાં ઈન્ટરનેટ અને કનેક્ટિવિટીની સમસ્યાઓ પણ એક મોટો પડકાર છે, ત્યારે આટલા ટૂંકા ગાળામાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અશક્ય જેવું બન્યું છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને, વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા જીકાસના પ્રથમ રાઉન્ડની મુદ્દતમાં ઓછામાં ઓછો સાત દિવસનો વધારો કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી ઉઠાવવામાં આવી છે. જો આ મુદ્દત લંબાવવામાં નહીં આવે તો કચ્છના અંતરિયાળ ગામડાંના અનેક તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણના ઓનલાઈન રજિસ્ટ્રેશનથી વંચિત રહી જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. જિલ્લાના વ્યાપક વિદ્યાર્થી હિતમાં આ બાબતે સત્વરે હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવું વાલી મંડળો પણ ઈચ્છી રહ્યા છે.

# આ વર્ષે ચોમાસું ૧૦ થી ૧૨ આની રહેવાનું પૂર્વાનુમાન : કચ્છમાં બે તબક્કામાં થશે વાવણી

### વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં રાજ્યભરના આગાહીકારોનું મંથન ; ઓક્ટોબર સુધી ચોમાસું લંબાશે, ખંડવૃષ્ટિના કારણે આયોજનપૂર્વક ખેતી કરવી પડશે



ભુજ - કચ્છઉદય :કચ્છના રણપ્રદેશ અને વાતાવરણની વિષમતા વચ્ચે દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લાના ધરતીપુત્રો ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, ત્યારે આગામી ચોમાસું કેવું રહેશે તે અંગેના સૌથી મોટા અને મહત્વના સંકેતો સામે આવ્યા છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલા ૩૨મા વર્ષા વિજ્ઞાન પરિસંવાદમાં રાજ્યભરમાંથી આવેલા ૪૭ જેટલા અનુભવી આગાહીકારો અને હવામાન વિશ્લેષકોએ એકમંચ પર એકઠા થઈને વર્ષ ૨૦૨૬ના ચોમાસા અંગે પોતાના પૂર્વાનુમાનો રજૂ કર્યા છે. આ પરિસંવાદના તારણો મુજબ ચાલુ વર્ષે ચોમાસું ૧૦થી ૧૨ આની એટલે કે સામાન્યથી મધ્યમ અંદાજે ૭૫ ટકા જેટલું રહેવાની સંભાવના છે. કચ્છ જેવા વરસાદની અછત વાળા પ્રદેશ માટે આ સંકેતો મિશ્ર પ્રતિસાદ આપનારા છે, કારણ કે આ વર્ષે વરસાદ સાર્વત્રિક થવાને બદલે ખંડવૃષ્ટિવાળો એટલે કે અલગ-અલગ વિસ્તારોમાં વહેંચાયેલો રહેશે. જે જોતા કચ્છના જુદા જુદા તાલુકાઓમાં વરસાદના પ્રમાણમાં વ્યાપક અસમાનતા જોવા મળી શકે છે.

આગામી ચોમાસાના સમયપત્રક પર નજર કરીએ તો મે મહિનાના અંત ભાગમાં અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાવાને કારણે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીની શરૂઆત થઈ જશે, જેની સીધી અસર કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. એકંદરે ચોમાસાનો મુખ્ય સમયગાળો ૫૬ દિવસનો રહેવાની સંભાવના છે, પરંતુ આ વખતે વાવણીના બે સ્પષ્ટ તબક્કા જોવા મળશે જે કચ્છના ખેડૂતો માટે પાકની પસંદગી બાબતે ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. પ્રથમ વાવણી જૂન મહિનાના બીજા અઠવાડિયામાં એટલે કે ૬ જૂનથી ૧૧ જૂન દરમિયાન થવાની શક્યતા છે. જ્યારે બીજો તબક્કો જૂનના ચોથા અઠવાડિયામાં એટલે કે ૧૭ જૂનથી ૨૬ જૂન વચ્ચે સાર્વત્રિક વરસાદ સાથે શરૂ થશે. વિશ્લેષકોના મતે ૨૭ અવલોકનકારો ચોમાસું મધ્યમ રહેવાનું માની રહ્યા છે, જ્યારે ૧૪ લોકોના મતે વર્ષ ઘણું સારું રહેશે.

કચ્છના વાતાવરણને જોતા આ ખંડવૃષ્ટિના કારણે ખેડૂતોએ કુવા અને બોરના પાણીના પૂરક આયોજન સાથે જ જમીન તૈયાર કરવી હિતાવહ રહેશે.

આ વર્ષના ચોમાસાની સૌથી મોટી વિશેષતા એ છે કે વરસાદ લાંબો ખેંચાશે અને ચોમાસું છેક ૧૫ ઓક્ટોબરની આસપાસ સત્તાવાર રીતે વિદાય લેશે. એટલું જ નહીં, નવરાત્રિ અને દિવાળીના સમયગાળા દરમિયાન એટલે કે દશેરાથી દિવાળીની વચ્ચે ૧૦ થી ૧૫ દિવસનો એક મોટો વરસાદી રાઉન્ડ આવે તેવી પ્રબળ શક્યતા વિશ્લેષકોએ વ્યક્ત કરી છે. પાછોતરો વરસાદ કચ્છના શિયાળુ પાક અને ઘાસચારાની અછત નિવારવા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે, પરંતુ સાથે જ પાક લણણીના સમયે સાવચેતી પણ રાખવી પડશે. નોંધનીય છે કે આ આગાહીઓ આધુનિક ટેક્નોલોજીની સાથોસાથ સદીઓ જૂની પરંપરાગત પદ્ધતિઓ જેવી કે ગ્રહ-નક્ષત્રોની ચાલ, હોળીની ઝાળ, અખાત્રીજના પવનોની દિશા, પશુ-પક્ષીઓની ચેષ્ટાઓ અને કેસુડા-ગરમાળાના ફૂલોના લક્ષણોના આધારે કરવામાં આવી છે. કચ્છના શાણા ધરતીપુત્રો માટે આ પૂર્વાનુમાન આગામી ચોમાસુ પાકના આગોતરા આયોજન માટે અત્યંત આશીર્વાદરૂપ અને માર્ગદર્શક સાબિત થશે તેમાં કોઈ શંકા નથી.

# ભુજ અને આસપાસના વિસ્તારોમાં ‘સુરતી’ અને ‘ચકલા-પોપટ’ના જુગારની જમાવટ

### શ્રમજીવીઓના પરિવારો બરબાદ, પોલીસ માત્ર ‘હપ્તા’ ખોરીમાં મસ્ત? : સાંજ થાય તો મેળા જેવા માહોલ પ્રજાને દેખાય છે તો પોલીસને નહી દેખાતો હોય...?

ભુજ : પાટનગર ભુજ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી જુગારની બદીએ માઝા મૂકી છે. ભુજના સરપટ નાકા, આશાપુરા રીંગ અને ભુજ બી - ડીવીઝન પોલીસ સ્ટેશનની નજીક, વાણીયાવાડ, ગીતા માર્કેટ, તુફાન સ્ટેન્ડી નજીક રાજન ફર્નિચર નજીક, સ્ટેશન રોડ નજીક, આત્મારામ સર્કલ, ઉપલી પાળ નજીક, જીઆઈડીસી તેમજ તાલુકાના માનકુવા અને માધાપર જેવા મોટા ગામોમાં વરલી મટકા, ચકલા-પોપટ અને હવે ખાસ કરીને ‘સુરતી’ના નામે ઓળખાતો જુગાર મોટા પાયે રમાઈ રહ્યો છે. રૂ. ૫૦ સામે ૧૦૦૦ જીતવાની લાલચમાં અનેક શ્રમજીવી પરિવારો પાયમાલ થઈ રહ્યા હોવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.

જુગારના અડ્ડાઓ પર મજૂર વર્ગ અને ગરીબ માણસોને ટાર્ગેટ કરવામાં આવે છે. રૂ. ૫૦ ના રોકાણ સામે રૂા.૧૦૦૦ ની લાલચ આપી તેમને જુગારના રવાડે ચડાવવામાં આવે છે. ક્યારેક નસીબજોગે રકમ લાગે પણ મોટા ભાગે લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવે છે. પરિણામે, ઘરોમાં આર્થિક તંગી સર્જાય છે અને પારિવારિક કંકાસના કિસ્સાઓ વધી રહ્યા છે. અનેક હસતા-રમતા પરિવારો આ બદીને કારણે બરબાદીના આરે આવી ઊભા છે. સ્થાનિક લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે આટલા મોટા પાયે જુગારધામો ચાલતા હોવા છતાં પોલીસ કોઈ નક્કર કાર્યવાહી કેમ નથી કરતી? આક્ષેપ થઈ રહ્યો છે કે પોલીસ માત્ર હપ્તા ઉઘરાવવામાં જ રસ ધરાવે છે.

ક્યારેક કામગીરી બતાવવા માટે એકાદ-બે નાના માણસોને પકડીને સંતોષ માની લેવાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ પકડાયેલા શખ્સો પણ અગાઉથી નક્કી કરેલા સેટિંગ મુજબ જ પકડાય છે અને થોડા સમયમાં છૂટી જઈને ફરી એ જ પ્રવૃત્તિ શરૂ કરી દે છે. જુગારના સંચાલકોમાં એવી પણ ચર્ચા છે કે પોલીસ સાથે ચોક્કસ પેકેજ નક્કી કરી લેવામાં આવે છે, જેથી કરીને તેમની ગેરકાયદે પ્રવૃત્તિ નિર્વિઘ્ન ચાલતી રહે. જાગૃત નાગરિકોની હવે એક જ માંગ છે દેખાડાના કેસ બંધ કરો અને ખરેખર ચાલતા જુગારના અડ્ડાઓ પર કડક કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.


અભિનંદન



મહાવીરસિંહ જે. જાડેજા
ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત

આપશ્રીની ઉપરોકત પદે નિમણૂંક થઇ તે બદલ આપને હાર્દિક અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી શુભકામના...

મહેન્દ્રસિંહ એન. જાડેજા
સરપંચશ્રી, આરીખાણા, તા.અબડાસા તથા સમસ્ત ગ્રામજનો



લખ લખ વધાઈ



શ્રીમતી મેઘબાઈ ગઢવી
કચ્છ જિલ્લા પંચાયત-દંડક (ગઢશીશા બેઠક)

મંઘરીયા સ્વ. નારાણ હરદાસ પરિવારની પુત્રવધૂ મેઘબાઈ જીવરાજ ગઢવી જિલ્લા પંચાયતમાં દંડક પદે વરણી થતાં નાની ઊનડોઠ મંઘરીયા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. શ્રી અનિરૂદ્ધભાઈ દવે (ધારાસભ્યશ્રી/મહામંત્રી, પ્રદેશ ભાજપ) અને જિલ્લા-તાલુકા ભાજપ સંગઠનનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત ગઢશીશા બેઠક ઉપર જવલંત વિજય પ્રાપ્ત કરી આ હોદ્દો પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ શુભકામનાઓ... આઈશ્રી સોનલ મા આપને વધુ શકિત, સફળતા અને લોકસેવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

શુભેચ્છક

- મુરજી ખીમરાજ મંઘરીયા (સામાજિક અગ્રણી, નાની ઊનડોઠ)
- જીવરાજ મુરજી મંઘરીયા (માંડવી તાલુકા સરપંચ સંગઠન, પ્રમુખશ્રી)
- કમલેશ મુરજી મંઘરીયા
- પત્રામલ નારાણ મંઘરીયા
- શંભુદાન જાદવ મંઘરીયા
- વાલા રાણશી મંઘરીયા
- ચારણ અરજણ નારાણ
- ચારણ જસરાજ જાદવ
- ગોપાલ જાદવ મંઘરીયા
- લખમણ ખીમરાજ મંઘરીયા
- શંભુદાન ખીમરાજ મંઘરીયા
- રામ ખીમરાજ મંઘરીયા
- અભયરાજ ખીમરાજ મંઘરીયા
- ગોવિંદ કરમશી મંઘરીયા
- ભારૂ કરમશી મંઘરીયા
- પાલુ શંભુ મંઘરીયા
- રામ શંભુ મંઘરીયા
- પાલુ કરસન મંઘરીયા
- દેવરાજ લક્ષ્મણ મંઘરીયા
- પુનશી લક્ષ્મણ મંઘરીયા
- હરી ગોપાલ મંઘરીયા
- રામ દેવરાજ ગઢવી (આર.એફ.ઓ.-નખત્રાણા)
- દિપક અરજણ ચારણ
- ચેતન અરજણ ચારણ (એડવોકેટ)
- હિરેન જસરાજ ચારણ (એડવોકેટ)
- હરિ પતરામલ મંઘરીયા
- જસરાજ પતરામલ મંઘરીયા

સમસ્ત મંઘરીયા પરિવાર, નાની ઊનડોઠ, તા. માંડવી.



લોકશાહીના ચોથા સ્તંભ સમાન અને કચ્છના જન-જનનો અવાજ એટલે

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ને

તેના ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ અનંત શુભકામનાઓ.

કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, સામાજિક પ્રશ્નો અને વિકાસગાથાને સતત ત્રણ દાયકાથી વાચા આપતું લોકપ્રિય દૈનિક અખબાર ‘કચ્છ ઉદય’ આજે તેના ગૌરવવંતા ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે, જે સમગ્ર કચ્છ અને પત્રકારત્વ જગત માટે હર્ષની બાબત છે.
‘નિષ્પક્ષ પત્રકારત્વ અને સત્યની કેડી પર ચાલીને ‘કચ્છ ઉદય’એ લોકોનો અતૂટ વિશ્વાસ સંપાદિત કર્યો છે.’
આ સુવર્ણ અવસરે, હિન્દ કેસરી સેના પરિવાર વતી અમે હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવીએ છીએ. ‘કચ્છ ઉદય’ દૈનિક અખબાર ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરે અને કચ્છી માડુઓના હિત માટે હંમેશા અડીખમ રહે તેવી અભ્યર્થના.

-:: શુભેચ્છા સહ ::-

જતીન ચંદુલાલ ગોરી
(સંસ્થાપક અધ્યક્ષ - હિન્દ કેસરી સેના)
(સમસ્ત હિન્દ કેસરી સેના પરિવાર)



કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા




- LUXURIOUS ROOMS
- BANQUET HALL
- INFINITY POOL
- GAZEBO
- RESTAURANT
- GYM & SPA



+91 7211170390/381/383 www.hillviewresort.in